[illegible] પોયરાસ્મારક ગ્રંથમાળા.
સપ્તમ સુમન.

પૂર્વ સુમન.


| | |
|---|---|
| ૧. ન્યાસાદેશ. | ૦–૨–૦ |
| ૨. સિદ્ધાન્તરહસ્ય. | ૦–૩–૦ |
| 3. An examination of S'aṃkara's refutation of the Sāṃkhya system. | 1–0–0 |
| ૪. શ્રીમતી વેદસ્તુતિ. | ૧–૦–૦ |
| ૫. શ્રીહરિરાયજીના તથા શ્રીપુરુષોત્તમજીના પ્રાકટ્યોત્સવસમયે થયલાં વ્યાખ્યાનો. | ૦–૪–૦ |
| ૬. શ્રી પુરુષોત્તમજીનો પ્રાકટ્યોત્સવ. | ૦–૨–૦ |


# ॥ श्रीगोपिकागीतसुबोधिन्यनुवाद ॥

અનુવાદક
મગ્નલાલ ગણપતિરામ શાસ્ત્રી એમ્. એ., ભરુચ.

પ્રત ૨૦૦૦. અમૂલ્ય. સંવત ૧૯૮૯.

Ed'ted by Prof. M. G. Shastri M. A., M. R. A. S. (Bom.) Broach,
Printed by Govindji Dahyabhai Naik at Shree Anavil Bandhu Printing Press Surat, and
Published by Sheth Narotam Krshnadas Poira, Broach.

## ॥ श्रीमद्वल्लभाचार्यग्रन्थरत्नमालायां प्रकाशिता ग्रन्था: ॥

( विषयानुक्रमेण ग्रन्थाङ्का: क्वचन विपरिवर्तिता: )

| अङ्क: । | नाम । | मूल्यम् । |
|---|---|---|
| १. | गायत्रीभाष्यं सत्रभिष्टीकाभिर्गुर्जरानुवादेन च सहितम् । | ०-४-० |
| २. | श्रीमद्भगवद्गीता तत्त्वदीपिकादिसहिता । | १-०-० |
| ३. | ब्रह्मसूत्रपाठ: पाठभेदसहित: । | ०-४-० |
| ४. | अधिकरणसङ्ग्रह: पण्ड्याकृपारामात्मजनिर्भयरामभट्टविरचित: । | ०-४-० |
| ५, ६, ७. | सप्रदीपं श्रीमद्ब्रह्मसूत्राणुभाष्यम् । | २-४-० |
| ८. | शाण्डिल्यभक्तिसूत्रभाष्यं मुरलीदासविरचितं सानुवादम् । | ०-८-० |
| ९. | जैमिनिसूत्रभावार्थपादभाष्यम् । | ०-४-० |
| १०. | तद्विवरणम् । | ०-८-० |
| ११ | श्रीमद्भागवतप्रथमश्लोकत्रयसूक्ष्मटीका । | ०-२-० |
| १२. | श्रीदशमस्कन्धप्रथमजन्मद्वितीयतामसप्रकरणसुबोधिनीस्था: कारिका: । | ०-२-० |
| १३. | " " " सुबोधिनीस्थकारिकार्थ: । | ०-८ ० |
| १४. | श्रीदशमस्कन्धप्रथमाध्यायसुबोधिनीटिप्पण्यौ सानुवादे । | २-०-० |
| १५, १६. | श्रीदशमस्कन्धजन्मप्रकरणाध्यायचतुष्टयीसुबोधिनी सर्वसामग्रीसहिता । | २-४-० |
| १७. | श्रीदशमस्कन्धतामसप्रमाणप्रकरणसुबोधिनी । | १-०-० |
| १८. | श्रीतामसप्रमाणप्रकरणप्रकाश: । | ०-८-० |
| १९. | श्रीदशमस्कन्धतामसप्रमेयप्रकरणसुबोधिनी । | १-०-० |
| २०. | श्रीवेणुगीतसुबोधिनी सर्वसाहित्यसमेता । | अमूल्या । |
| २१. | " " " " " सानुवादा च । | " |
| २२. | श्रीतामसप्रमेयप्रकरणप्रकाश: । | ०-८-० |
| २३. | श्रीदशमस्कन्धतामससाधनप्रकरणसुबोधिनी । | १-०-० |
| २४. | श्रीगोपिकागीतसुबोधिनी सानुवादा । | अमूल्या । |
| २५. | श्रीगोपिकागीतसुबोधिन्यनुवादमात्रम् । | अमूल्यम् । |
| २६. | श्रीयुगलगीतसुबोधिन्यनुवादमात्रम् । | अमूल्यम् । |
| २७. | श्रीयुगलगीतसुबोधिनी सानुवादा । | ०-४-० |
| २८. | श्रीभ्रमरगीतसुबोधिनी सानुवादा । | ०-४-० |
| २९. | वेदस्तुतिसूक्ष्मटीका सानुवादा । | १ ०-० |
| ३०. | षोडश ग्रन्था: । | ०-१-० |
| ३१. | कृष्ण षोडश ग्रन्था: सकारिका रासपञ्चाध्यायी वेणुगोपिकायुगलभ्रमरगीत-सुबोधिनी च । | अमूल्या । |
| ३२. | पुष्टिप्रवाहमर्यादाभेद: श्रीगोकुलेशविरचितविवृतिसहित: सानुवाद: । | ०-४-० |
| ३३. | श्रीवल्लभाष्टकं प्राप्यटीकासहितम् । | ०-६-० |
| ३४. | श्रीसर्वोत्तमस्तोत्रं " " " । | ०-६-० |
| ३५. | प्रस्थानरत्नाकर: श्रीमद्गोस्वामिपुरुषोत्तमविरचित: । | ०-८-० |
| ३६. | श्रीवल्लभाचार्यचरितं मुरलीदासविरचितं सानुवादम् । | ०-२-० |
| ३७. | पुष्टिभक्तिसुधायां प्रकाशिता: प्रकरणग्रन्था: । | १-०-० |
| ३८. | शुद्धाद्वैतसिद्धान्तप्रदीप: । | ०-४-० |
| ३९. | स्मृत्यर्थ: । | ०-४-० |
| ४०. | An Examination of S'aṃkara's refutation of the Sāmkhya System. | 1-0-0 |

# ॥ श्रीगोपिकागीतनां श्रीसुबोधिनीजीनो अनुवाद ॥

**પૂર્વાભિસન્ધિ.** આ શ્રીગોપિકાગીતનો પ્રસઙ્ગ શ્રીમદ્ભાગવતના દશમસ્કન્ધના અષ્ટાવિંશ અધ્યાયમાં છે. એ ગીતનું યથાર્થ જ્ઞાન થવામાં પૂર્વ અધ્યાયની સમાપ્તિમાં જે કારિકાદ્વયનું કથન થયું છે તેનું પણ અનુસન્ધાન કર્તવ્ય છે. અન્યપૂર્વા અર્થાત્ શ્રુતિરૂપા અને અનન્યપૂર્વા અર્થાત્ અગ્નિકુમારિકા એમ દ્વિવિધા શ્રીકૃષ્ણગોપિકા અત્ર ગાનકર્ત્રી છે. શ્રુતિરૂપાની આખ્યાયિકા બૃહદ્વામનપુરાણમાં પ્રસિદ્ધા છે અને શ્રીવિદ્વન્મણ્ડનાદિ ગ્રન્થોમાં તેનો રમ્ય ઉપન્યાસ પણ છે. ઋષિરૂપા અગ્નિકુમારિકાની આખ્યાયિકાનું ગાન પદ્મપુરાણમાં આ પ્રકારે છે. દણ્ડકારણ્યવાસી ષોડશસહસ્ર ઋષિઓએ નિજ આશ્રમના સમીપમાં સમાગત કોટિકન્દર્પાધિકલાવણ્ય શ્રીકોસલેન્દ્રનાં-શ્રીરામચન્દ્રનાં-દર્શને જનિતા રિરંસાના-રમણેચ્છાના-ભાવભરે તદીય સ્ત્રીત્વ પ્રાર્થ્યું ત્યારે 'સમ્પ્રતિ તો હું એકપત્નીવ્રતધર છું તથાપિ વ્રજમાં આપનો મનોરથ સમ્પન્ન થશે' એમ જેમના પ્રતિ ભગવાને કૃપા કરી તે જ ષોડશસહસ્ર ઋષિ આ કુમારિકા છે. આદિવરાહપુરાણમાં પણ 'શ્રીકૃષ્ણના રમણાર્થ ષોડશસહસ્ર ઋષિઓએ ગોપીરૂપધારણ કર્યું અને કેશવ ભગવાને સહ ક્રીડા કરી' એમ શ્લોક પ્રસિદ્ધ છે. મહાકૌર્મમાં પણ 'મહાત્મા અગ્નિપુત્રોએ તપ કરીને સ્ત્રીત્વ પ્રાપ્ત કર્યું અને અજ વિભુ જગદ્યોનિ વાસુદેવ ભર્તાને પ્રાપ્ત કર્યા' એમ ઉક્તિ પ્રસિદ્ધા છે. 'યદ્યપિ શ્રુતિરૂપ શ્રીગોપીજન તો પ્રારમ્ભથી જ શ્રુતિત્વે સ્ત્રી છે તથાપિ ઋષિરૂપ પુરુષશરીરમાં વિરુદ્ધ સ્ત્રીભાવની ઉત્પત્તિ અસમ્ભવિતા જણાય છે' એમ અત્ર આશઙ્કા થાય તો તેનો પણ પરિહાર મનોહર છે. આ અગ્નિકુમાર અતિશુદ્ધ અને કૃતપુણ્યપુઞ્જ છે એમ દેખીને તેમના પ્રતિ હરિ એવા તો પ્રસન્ન થયા કે અદેયતમ સાક્ષાત્ સ્વરૂપાનન્દની દિત્સા-દાન કરવાની ઇચ્છા-આવિર્ભવી, સાક્ષાત્ સ્વરૂપાનન્દનો અનુભવ તો જેમ કેવલ પુંસ્ત્વમાં સમ્ભવતો નથી તેમ કેવલ સ્ત્રીત્વમાં પણ સમ્ભવતો નથી, કારણ કે તેવું પ્રમાણ નથી, પ્રપન્ના પણ દ્વિજસ્ત્રીઓને-ઋષિપત્નીઓને-સાક્ષાત્ સ્વરૂપાનન્દનું દાન નથી અને ક્ષુદ્રા પણ શ્રીપુલિન્દીજીને તે સાક્ષાત્ સ્વરૂપાનન્દનું દાન છે, પ્રમાણાભાવથી આ પ્રકારે કેવલ પુંસ્ત્વમાં તેમ જ કેવલ સ્ત્રીત્વમાં સાક્ષાત્ સ્વરૂપાનન્દ અનુભવાતો નથી તથાપિ અચિન્ત્યાનન્તશક્તિ ભગવાન્‌ની બહુ શક્તિઓ છે તત્ર પણ એકા અન્તરઙ્ગતમા એવી પણ શક્તિ છે કે જેના સમ્બન્ધે જીવમાં ભગવત્સ્વરૂપાનન્દાનુભવ અવશ્ય થાય અને તે શક્તિ ઉક્તરૂપસ્ત્રીત્વલક્ષણધર્મરૂપા જ છે, તેથી પ્રભુએ તે પ્રસાદશક્તિને અગ્નિકુમારોમાં સ્થાપી, આથી શ્રીકોસલેન્દ્રદર્શનક્ષણે તેમનામાં સ્ત્રીભાવ પણ યુક્ત છે, તથાપિ તેમનો તાદૃશ મનોરથ તો વ્રજમાં જ સમ્પન્ન થાય એમ ભગવદિચ્છા હોવાથી તેમને તદ્ભાવાનુરૂપ સ્ત્રીદેહ તો સમ્પ્રતિ-સારસ્વતકલ્પમાં-જ પ્રાપ્ત થયો. આ અગ્નિકુમારનું સ્ત્રીદેહે પ્રાકટ્ય ગૌડદેશમાં થયું હતું અને કંસને ઉપહાર કરવાને શ્રીનન્દરાયજીએ તે દેશમાંથી આ અગ્નિકુમારિકાઓનું આનયન કર્યું હતું, પરન્તુ ભગવાન્‌માં વિનિયોક્તવ્ય પદાર્થનો અન્યથા વિનિયોગ જ અશક્ય છે, તેથી શ્રીનન્દરાયજીએ તે વિચાર શાન્ત કરીને નિજ નન્દનની નિરાવરણા સેવનામાં જ તે કુમારિકાઓને વિનિયોજ્યાં. શ્રુતિ અને સ્મૃતિ ઉભયે સદૈવ ભગવદ્-ગુણાસક્તા જ છે તેથી અન્યપૂર્વા શ્રુતિરૂપા અને અનન્યપૂર્વા ઋષિરૂપા સાક્ષાત્સ્વરૂપાનન્દરસપાન કરે તત્ર ઇતરશઙ્કાપિશાચિનીનો તો અવસર જ નથી એ સિદ્ધાન્ત તો મર્મજ્ઞ સહૃદય ભાગ્યવાન્ વાચકને પૃથક્ કથનીય જ નથી, તેથી નિત્યા અત એવ શ્યામા શ્રુતિરૂપાની અપેક્ષાએ સ્મૃત્યાત્મિકા ગૌરઋષિરૂપાનું કુમારિકાત્વ સર્વથા ઉપપન્ન છે એટલું જ કથન અત્ર પર્યાપ્ત છે. અન્યપૂર્વા શ્રુતિરૂપા અને અનન્યપૂર્વા ઋષિરૂપા એમ જે દ્વિવિધા શ્રીકૃષ્ણગોપિકા અત્ર ગાનકર્ત્રી છે તત્ર પણ વૈયક્તિક પક્ષમાં અને સામુદાયિક પક્ષમાં સાત્ત્વિક રાજસ અને તામસ ગુણે ત્રિવિધ પર્યાય છે, ત્રિવિધ પર્યાયના પણ મિલને નવ પ્રકાર અન્યપૂર્વાના નવ પ્રકાર અનન્યપૂર્વાના અને એક પ્રકાર અન્યપૂર્વાની અને અનન્યપૂર્વાની ઉપલક્ષણવિધાએ એમ સોપલક્ષણ એકોનવિંશ પ્રકાર સિદ્ધ થઈ રહે છે. આ પ્રથમ વ્યક્તિપક્ષમાં જેમ એકૈકા શ્રીગોપીવ્યક્તિનો સાત્ત્વિકરાજસતામસ વ્યક્તિભેદ છે તેમ સમુદાયપક્ષમાં

તો અમુકસઙ્ખ્યાક તે તે **સમુદાય**-યૂથ-જ સાત્વિક રાજસ અને તામસ એમ **યૂથભેદ** પણ છે, અર્થાત્ કોઇક યૂથ સાત્વિકીનું તો કોઇક યૂથ રાજસીનું અને કોઇક તો તામસીનું હોય છે, તત્ર પણ પુનઃ અવાન્તરભેદે સાત્વિકીનું યૂથત્રય રાજસીનું યૂથત્રય અને તામસીનું યૂથત્રય એમ નવ પ્રકારનાં યૂથ છે, અને જેમ પૂર્વોક્ત પ્રકારે સર્વ મલીને અન્યપૂર્વાનાં નવ યૂથ તેમ અનન્યપૂર્વાનાં પણ નવ યૂથ હોવાથી પૂર્વોક્તા અન્યપૂર્વાના અને અનન્યપૂર્વાના ભેદે દ્વૈવિધ્યથી અષ્ટાદશ યૂથ સિદ્ધ થયાં અને ઉપલક્ષણવિધાએ અન્યપૂર્વાનું અને અનન્યપૂર્વાનું એક ગુણાતીત યૂથ મલીને સામાન્યશઃ એકોનવિંશતિયૂથસઙ્ખ્યા સિદ્ધા થઈ ગઈ. આ સર્વ જ શ્રીગોપીજનનો ગર્વ જતો રહ્યો છે તેથી તેઓ સર્વા ગતગર્વા છે, **ફલાપ્તિમાં સર્વસાધનરાહિત્ય જ પુષ્ટિમાર્ગમાં સાધન છે,** અને જે ફલાત્મક શ્રીકૃષ્ણ કદાપિ સાધન થતા નથી તેવા ફલરૂપ શ્રીકૃષ્ણ તેમનું સાધન સ્વરૂપતઃ જ થઈ ગયા છે, ફલાત્મક શ્રીકૃષ્ણ જ તેમનું અનન્ય સાધન છે, તેથી આ સર્વ શ્રીગોપીજન સર્વથા અસાધન અર્થાદ્ નિઃસાધન છે, આ સર્વા શ્રીકૃષ્ણગોપિકા શ્રીકૃષ્ણસમ્બન્ધે ગતગર્વા અને અસાધના છે તેથી હરિનાં પણ પ્રિયા છે, આ સર્વા ગતગર્વા અસાધના હરિપ્રિયા શ્રીકૃષ્ણગોપિકા 'હરિને ગાન પ્રિય છે' એમ માને છે એટલું જ નહિ પરન્તુ 'મારી તો કોઇ પણ પ્રકારે યોગ્યતા નથી તેથી કોણ જાણે કયાએ ભક્ત પ્રતિ ભાગ્યે અથ વા સ્નેહે અથ વા કૃપાએ અત્ર પ્રભુ આગમન કરશે' એમ સર્વ જ શ્રીગોપીજનને સ્વમાં સન્દેહ હોવાથી પરસ્પર ભેદને પણ વિસ્મરીને જીવનાર્થ એકત્ર મલી જાય છે, અને સાત્વિકાદિ નાનાવિધ ગુણે ભગવદ્ગાન કરે છે એમ પૂર્વાધ્યાયના ઉપસંહારમાં કારિકાદ્વયે જે કથન કર્યું છે તેનું સ્વારસ્ય સ્મરીને અગ્રિમ શ્રીગોપીગીતામૃતનું પાન પુષ્ટિભક્તિસુધારસપિપાસુએ કર્તવ્ય છે.

**कारिकार्थ.** સ્વભાવથી અથ વા અપરાધથી કૃતાવજ્ઞ શ્રીગોપીજને સ્તોત્રરૂપ ગાન કર્યું, તેથી પ્રકૃત અષ્ટાવિંશ અધ્યાયમાં હરિનું ગાન-તત્સ્તોત્રગાન-કથાય છે. શ્રુતિશિરની-ઉપનિષદ્ની-અને ભરતાચાર્યવિરચિત નાટ્યશાસ્ત્રની એકવાક્યતાએ હરિ શૃઙ્ગારરસ છે એમ સિદ્ધ થઈ રહે છે. શૃઙ્ગારરસનું પણ સંયોગ અને વિપ્રયોગ અર્થાદ્ વિરહ એમ જે દલદ્વય છે તેમાં સંયોગરસ 'પૂર્વદલ'સંજ્ઞાએ અને વિપ્રયોગરસ 'ઉત્તરદલ'સંજ્ઞાએ પ્રાયઃ પ્રસિદ્ધ છે, આ ઉત્તરદલાત્મક વિપ્રયોગશૃઙ્ગારરસનો અર્થાદ્ **વિરહાવસ્થાનો સ્વભાવ જ છે કે તેમાં પ્રિયતમના ગુણનું ગાન જ થાય.** વિરહી ભક્ત જે ભગવદ્ગુણગાન કરે છે તે વિરહાવસ્થાના સ્વભાવે-સર્વથા નિજ સાધનબલે નહિ-જ કરે છે, તેથી ગુણગાન છે, અસ્મત્કૃતિસાધ્ય છે-ગુણગાન અસ્મદ્વિહિત કર્તવ્ય છે-એમ વિધિએ ગુણગાન નિરોધલીલાધિકારીૂથ વિરહી રસિક ભક્ત કરતા નથી એ તો અત્ર અનુષઙ્ગતઃ જ સિદ્ધ થઈ ગયું. અત્ર પદયોજના છે, આ પ્રકારે છે. વિરહાવસ્થાનો સ્વભાવ જ છે કે ગુણગાન જ થાય અને તેથી શ્રીગોપીજને છે સ્વભાવથી-નિજ ભાવથી-જ ગુણગાન કર્યું, અથ વા પક્ષાન્તરે 'ભક્તોથી પણ અમે અધિકા છીએ' એમ સ્વસ્વરૂપમાં ભક્તોથી પણ આધિક્યજ્ઞાનરૂપ અપરાધને પ્રાપ્ત કરીને પણ શ્રીગોપીજન એમ માનધારણ કરે છે કે 'જ્યારે પ્રભુ અમને પ્રાર્થશે ત્યારે જ અસ્મન્નિષ્ઠ રસનું દાન અમે પ્રભુને કરીશુ.' એ પ્રકારે કરી છે માનલક્ષણા અવજ્ઞા જેમણે એવાં 'કૃતાવજ્ઞ' શ્રીગોપીજને સ્તોત્રાત્મક ગાન કર્યું, 'માન છે લક્ષણ જેનું એવી માનલક્ષણા અવજ્ઞા અમે કરી તેથી અપ્રસન્ન પણ પ્રભુ હવે સ્તોત્રે પ્રસન્ન થઈ જશે' એમ ઉપપન્નતાએ સ્તોત્રતઃ શ્રીગોપીજને ગાન કર્યું. શ્રીગોપીજન ગાન કરે છે તેનું કારણ પૂર્વોક્ત સ્વભાવ છે, અથ વા અવજ્ઞાએ અપ્રસાદ થયો તેથી હવે સ્તોત્રે તે અપરાધનું ક્ષમાપન અને પ્રસાદ થશે એમ માનીને શ્રીગોપીજન સ્તોત્ર કરે છે, યદ્વા સ્વભાવથી અર્થાદ્ રસસ્વભાવથી જે માનલક્ષણા અવજ્ઞા થઈ તેથી અપ્રસન્ન પ્રભુને પ્રસન્ન કરવાનો ગુણગાન એક જ ઉપાય યુક્ત છે એમ અવધારીને શ્રીગોપીજને સ્તોત્રરૂપ ગાન કર્યું તેથી આ અષ્ટાવિંશ અધ્યાયમાં શ્રીગોપીજનકૃત સ્તોત્ર-શ્રીગોપીગીત-કથાય છે. આ પક્ષમાં માનાવજ્ઞારૂપ અપરાધનું પણ કારણ શ્રીગોપીજનનો સ્વભાવ છે, અર્થાત્ શૃઙ્ગારરસના આલમ્બનવિભાવનો જ એવો

કોઇક સ્વભાવ છે કે જેથી માનલક્ષણા અવજ્ઞા પણ સહજત્વે થઈ જાય છે, તાદૃશ પણ માનથી જ્યારે તે રસિકનાયક અપ્રસન્ન થઈ જાય છે ત્યારે રસાત્મિકા રીતિએ જ નાયિકાકૃતગુણગાનદ્વારા તત્પ્રસાદન પણ રસશાસ્ત્રમાં પ્રસિદ્ધ જ છે તેથી શ્રીગોપીજને નિજભાવાનુરૂપરસરીત્યા સ્તોત્રરૂપ ગાન કર્યું, અને તેથી સાત્ત્વિકાદિ ગુણનું પણ જે કથન અગ્રે છે તે કથન તે ભાવની અનેકવિધતાજ્ઞાપનાર્થ જ છે એ પણ અનુક્તસિદ્ધ થઈ ગયું. (૧.) નિજ અધિકારતઃ એકોનવિંશાતવિધ શ્રીગોપીજને હરિને પ્રિયા એકોનવિંશતિવિધા સ્તુતિ કરી, તેથી આ અધ્યાયમાં એકોનવિંશતિ શ્લોક છે. (૨.) પતિમતી શ્રુતરૂપા અન્યપૂર્વા શ્રીગોપિકા પ્રથમતઃ સાત્ત્વિક પર્યાયે ગીતપ્રારમ્ભ કરે છે, તેથી પ્રથમ-શ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ સાત્ત્વિકરાજસ છે, દ્વિતીયશ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ સાત્ત્વિકતામસ છે, તૃતીયશ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ સાત્ત્વિકસાત્ત્વિક છે અને ચતુર્થશ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ ગુણાતીત–નિર્ગુણ–છે, આ પ્રકારે ચતુર્વિધા પતિમતી શ્રુતિરૂપા અન્યપૂર્વા શ્રીગોપિકાનું સાત્ત્વિકરાજસ સાત્ત્વિકતામસ સાત્ત્વિકસાત્ત્વિક અને ગુણાતીત એમ પ્રકારચતુષ્ટયે નિરૂપણ કર્યું. (૩.) પ્રથમશ્લોકચતુષ્ટયમાં સ્તુતિકર્ત્રી ચતુર્વિધા પતિમતી ગોપસ્ત્રી છે એમ નિરૂપણ કરીને તે જ પ્રકારે અનન્યપૂર્વા ઋષિરૂપા કુમારિકાની ઉત્તમા પ્રાર્થનાનું કથન શ્રીશુક કરે છે, તેથી તત્ર પણ પ્રથમતઃ સાત્ત્વિક પર્યાયે ગીત આરમ્ભાય છે અને તેથી પઞ્ચમશ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ સાત્ત્વિકસાત્ત્વિક છે, ષષ્ઠશ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ સાત્ત્વિકતામસ છે, સપ્તમશ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ સાત્ત્વિકરાજસ છે, અને અષ્ટમશ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ ગુણાતીત છે, અર્થાદ્ અનન્યપૂર્વા કુમારિકામાં પણ અન્યપૂર્વાવત્ પૂર્વોક્ત જ પ્રકારે ચાતુર્વિધ્ય છે, જેમ સાત્ત્વિક પર્યાયે અન્યપૂર્વા શ્રુતિરૂપાએ શ્લોકચતુષ્ટયે ગાન કર્યું તેમ જ અનન્યપૂર્વા ઋષિરૂપાએ પણ સાત્ત્વિક પર્યાયે શ્લોકચતુષ્ટયે ગાન કર્યું એમ ચતુર્વિધ ગાન અત્રપર્યન્ત ઉભયે સમાન કર્યું. (૪.) પરન્તુ હવે દ્વિતીય રાજસ પર્યાયનો પ્રારમ્ભ અન્યપૂર્વા કરે કે અનન્યપૂર્વા કરે એમ આકાઙ્ક્ષા થાય તો તત્ર શ્રીશુક આજ્ઞા કરે છે કે અનન્યપૂર્વા કૃષ્ણભાવનાએ સિદ્ધા છે તેથી રાજસ પર્યાયે અગ્રિમ શ્લોકત્રય પણ કૃષ્ણભાવનાએ સિદ્ધા અનન્યપૂર્વા જ વિશેષે કથે છે, અર્થાદ્ નવમથી એકાદશ-પર્યન્તનાં પણ વક્ત્રી અનન્યપૂર્વા ઋષિરૂપા જ છે, અત્ર નવમશ્લોકવક્ત્રી ગોપિકા વા તદ્યૂથ રાજસસાત્ત્વિક છે, દશમશ્લોકવક્ત્રી વા તદ્યૂથ રાજસતામસ છે, અને એકાદશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ રાજસરાજસ છે, તેથી રાજસ પર્યાયે અનન્યપૂર્વા ગોપિકાએ મોદતઃ ગાન કર્યું એમ સિદ્ધ થયું. (૫.) પઞ્ચમથી એકાદશશ્લોકપર્યન્ત અનન્યપૂર્વાએ સાત્ત્વિક અને રાજસ પર્યાયે ગાન કર્યું તેથી અન્યપૂર્વા શ્રુતિરૂપા પણ અવશિષ્ટ રાજસ અને તામસ એમ પર્યાયદ્વયે શ્લોકષટ્કનું ગાન કરે છે, અર્થાદ્ દ્વાદશથી ચતુર્દશપર્યન્ત રાજસ પર્યાયે અને પઞ્ચદશથી સપ્તદશપર્યન્ત તામસ પર્યાયે અન્યપૂર્વા ગોપિકા ગાન કરે છે, તત્ર દ્વાદશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ રાજસતામસ છે, ત્રયોદશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ રા॰ રાજસ છે, અને ચતુર્દશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ રાજસસાત્ત્વિક છે. (૬.) પઞ્ચદશથી સપ્તદશશ્લોકપર્યન્ત પણ અન્યપૂર્વા જ તામસ પર્યાયે ગાન કરે છે, તત્ર પઞ્ચદશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ તામસસાત્ત્વિક છે, ષોડશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ તામસતામસ છે અને સપ્તદશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ તામસરાજસ છે. अटति यद् भवान् ઇત્યાદિ શ્લોકત્રયના આભાસમાં આ ક્રમ સ્પષ્ટ છે, કારિકામાં राजसी तामसी चैव सात्त्विकीतित्रिभेदतः એમ કથન છે તેથી તદનુસાર તો પઞ્ચદશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ તામસરાજસ અને સપ્તદશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ તામસસાત્ત્વિક હોય એમ જણાય છે. (૭.) અત્ર કારિકોક્ત ક્રમ આભાસમાં વિવક્ષિત નથી એમ–અથવા તાત્પર્યાન્તરે કારિકોક્ત અને આભાસોક્ત પક્ષની વ્યવસ્થા જાણવી એમ–નિર્ભયરામભટ્ટ કથે છે, શ્રીમદાચાર્યચરણોક્તકારિકામાં અને આભાસમાં કોઇ પણ સ્થલે કોઇ પણ પ્રકારનો વિરોધ જ વસ્તુતઃ વિદ્યમાન નથી, કારિકોક્ત ક્રમ તો સર્વત્ર સામાન્યમાત્ર છે અને આભાસોક્ત ક્રમ તો વિશેષ છે, તેથી પ્રતીયમાન પણ વિરોધ 'સામાન્યવિશેષ'ન્યાયે જ પરિહાર્ય છે, દશમસ્કન્ધના પ્રકરણવિભાગમાં અવાન્તર સાત્ત્વિક પ્રકરણના અધ્યાયવિભાગમાં પણ આ જ સામાન્યવિશેષન્યાયે અવિરોધ સ્વીકારવો, અત્ર [1]ષોડશીગ્રહણાગ્રહણવદ્ 'વિકલ્પ'ની

૧. વિકલ્પનું મીમાંસાસિદ્ધ ઉદાહરણ.

અપેક્ષાએ પણ સામાન્યવિશેષન્યાય જ બલવત્તર છે, કારણ કે સામાન્યવિશેષન્યાયમાં ઉભયે વાક્યની સાર્થકતા રહે છે, અને વિકલ્પમાં તો એક વાક્ય વ્યર્થવત્ થઈ જાય છે. સપ્તદશ શ્લોકમાં અન્યપૂર્વા ઉપસંહાર કરે છે, અને તેમનો કોઇ પણ પર્યાય હવે અવશિષ્ટ નહિ રહેવાથી અષ્ટાદશ શ્લોક અનન્યપૂર્વા ઋષિરૂપા તામસ પર્યાયે આરમ્ભે એ યુક્ત જ છે, તેથી અષ્ટાદશશ્લોકવક્ત્રી વા તદ્યૂથ અનન્યપૂર્વામાં તામસસાત્ત્વિક છે અને એકોનવિંશ શ્લોકવક્ત્રી વા તદ્યૂથ તામસરાજસ છે, અનન્યપૂર્વામાં તામસતામસવક્ત્રી વા તદ્યૂથ નથી તેથી અનન્યપૂર્વાના તામસ પર્યાયમાં વક્ત્રીત્રય નથી પરન્તુ કેવલ વક્ત્રીદ્વય જ છે. (૮.) આ પ્રકારે અન્યપૂર્વાના સાત્ત્વિક પર્યાયમાં પ્રથમથી ચતુર્થપર્યન્તનું શ્લોકચતુષ્ટય રાજસ પર્યાયમાં દ્વાદશથી ચતુર્દશ પર્યન્તનું શ્લોકત્રય અને તામસ પર્યાયમાં પઞ્ચદશથી સપ્તદશ પર્યન્તનું શ્લોકત્રય હોવાથી સર્વ મલીને દશ શ્લોક છે, જેમાં નવશ્લોકનાં વક્ત્રી સગુણા છે અને એક ચતુર્થ શ્લોકનાં વક્ત્રી ગુણાતીતા છે. અનન્યપૂર્વામાં સાત્ત્વિક પર્યાયે પઞ્ચમ શ્લોકથી અષ્ટમશ્લોકપર્યન્ત શ્લોકચતુષ્ટયનું રાજસ પર્યાયે નવમથી એકાદશ શ્લોકત્રયનું અને તામસ પર્યાયે અષ્ટાદશ અને એકોનવિંશ શ્લોકદ્વયનું ગાન છે, તેથી તત્ર સર્વ મલીને નવ શ્લોક છે, જેમાં અષ્ટશ્લોકનાં વક્ત્રી સગુણા છે અને એકા અષ્ટમશ્લોકવક્ત્રી ગુણાતીતા છે. આ પક્ષમાં અન્યપૂર્વામાં એક શ્લોક અધિક અથ વા અનન્યપૂર્વામાં એક શ્લોક ન્યૂન છે એમ કદાચિદ્ વૈષમ્ય ભાસે તો તેના પરિહારાર્થે ગૂઢાભિસન્ધિરૂપ પક્ષાન્તર પણ છે, આ પક્ષાન્તરમાં ચતુર્થશ્લોકવક્ત્રી ગુણાતીતભાવાપન્ના કોમલભાવા કેવલ અન્યપૂર્વા જ નહિ પરન્તુ અનન્યપૂર્વા પણ છે, અન્યપૂર્વા અને અનન્યપૂર્વા એમ ઉભયને સાધારણા ચતુર્થશ્લોકવક્ત્રી કોમલભાવા ગુણાતીતભાવાપન્ના સ્વીકારી લેતાં જે અષ્ટાદશ શ્લોક અવશિષ્ટ રહ્યા તેમાં નવશ્લોકવક્ત્રી અન્યપૂર્વા અને નવશ્લોકવક્ત્રી અનન્યપૂર્વા એમ પ્રાપ્ત થતાં પૂર્વ વૈષમ્ય તિરોહિત થઈ જતાં સમાનતા પ્રતીતા થાય છે. આ પક્ષાન્તરમાં ચતુર્થશ્લોકવક્ત્રી તો અન્યપૂર્વાનન્યપૂર્વાસાધારણા કોમલા વા ગુણાતીતા છે અને તદ્વ્યતિરિક્તા અષ્ટાદશ સગુણામાં પ્રથમ દ્વિતીય તૃતીય પઞ્ચમ ષષ્ઠ સપ્તમ અષ્ટમ ત્રયોદશ અને ચતુર્દશ એમ નવ શ્લોકનાં વક્ત્રી સગુણા અનન્યપૂર્વા છે અને નવમ દશમ એકાદશ દ્વાદશ પઞ્ચદશ ષોડશ સપ્તદશ, અષ્ટાદશ અને એકોનવિંશ એમ નવ શ્લોકનાં વક્ત્રી સગુણા અન્યપૂર્વા છે, અર્થાદ્ આ પક્ષાન્તરમાં નવ સગુણા અનન્યપૂર્વા છે અને નવ સગુણા અન્યપૂર્વા છે, તેથી વૈષમ્યદોષ પણ ન રહ્યો, ચતુર્થ શ્લોકનું તો ગાન નિર્ગુણા અનન્યપૂર્વા અને નિર્ગુણા અન્યપૂર્વા ઉભયે મલીને જ કરે છે તેથી ચતુર્થશ્લોકગાન તો અન્યપૂર્વાને અને અનન્યપૂર્વાને ઉભયને જ સાધારણ છે, અને તેથી આ પક્ષાન્તર સર્વથા નિર્દોષ અને સમ છે. (૯.) આ અભિસન્ધિ ગૂઢ જ છે તેથી તેમાં પર્યાયત્રયનું અને તદવાન્તર ભેદનું ઉદ્ઘાટન કોઈ પણ ટીકાકારે કર્યું નથી, જેમ ભાષ્યની સમાપ્તિમાં तेनाधिकं वरीवर्ति न वक्तव्यं हरेर्नृणाम् આજ્ઞા પ્રસિદ્ધા છે તેમ અત્ર પણ આજ્ઞા અવધારણીયા છે.

**ગૂઢાભિસન્ધિ.** પૂર્વ અધ્યાયની સમાપ્તિમાં तदागमनकाङ्क्षया जगुः વચનથી એમ ભાવ લક્ષાય છે કે જેમ માને કરીને અપરાધથી પ્રભુ અન્તર્હિત થઈ ગયા તેમ સ્તોત્રે સન્તુષ્ટ થઈને પ્રકટ થશે, એમ સતે 'સ્તોત્રમાં દોષારોપાદિ અનુપપન્ન છે' એમ આશઙ્કા થાય તો તેના પરિહારાર્થ ગૂઢ અભિસન્ધિને ઉદ્ઘાટતાં સ્તુતિસ્વરૂપનું કથન કરે છે કે તત્તદ્વાક્યાનુસારે તે તે શ્રીગોપીજનના ભાવનું નિરૂપણ છે, સ્તુતિ પણ યથાધિકાર જ થાય એ યુક્ત છે. શ્રીગોપીજનનો એવો જ અધિકાર છે કે જે અધિકારે પ્રભુને 'કુહક' 'કિતવ' ઇત્યાદિ શબ્દો કથે તથાપિ પ્રભુ તેવાં વચનનો પણ સ્તુતિત્વે જ અઙ્ગીકાર કરે છે, અન્યથા અગ્રે તે જ પ્રકારે અનુવદતા શ્રીશુક तदागमनकाङ्क्षया जगुः એમ વદે નહિ, કારણ કે બ્રહ્માદિ ભક્તો પણ પ્રભુને એવા શબ્દ કથી શકે નહિ, આથી એમ નિષ્પન્ન થયું કે શ્રીગોપીજનના નિજ ભાવનું તત્તદ્વાક્યાનુસારે ઉદ્ગિરણ થાય છે અને તેના શ્રવણે પ્રભુને પણ પરમ સન્તોષ જ થાય છે, અર્થાત્ સ્તોત્રમાં 'કુહક' 'કિતવ' ઇત્યાદિ શબ્દે દોષારોપાદિ નથી પરન્તુ શ્રીગોપીજનના તત્તદ્વાક્યાનુસાર ભાવનું જ નિરૂપણ વા


ઉદ્‌ગિરણ છે, અન્યથા-આ પ્રકારનો ભાવપક્ષ અઙ્ગીકૃત ન થાય તો વિપક્ષમાં-બાધક પણ છે, 'તત્તદ્વાક્યાનુસારે શ્રીગોપીજનના ભાવનું જ અત્ર નિરૂપણ થયું છે' એ સિદ્ધાન્ત ન સ્વીકારાય તો સ્તોત્રમાં સુબહુ પ્રકારે જે અનેકતા-અનેકવિધાત્વ-છે તે ઉપયુક્ત ન થાય એમ બાધક દોષ પ્રાપ્ત થાય, જો અન્યસ્તુતિવદ્ અત્ર પણ કેવલ સ્તુતિમાત્રત્વ જ હોય અને ભાવમાત્રનું નિરૂપણ ન જ હોય ત્યારે તો સ્તુતિમાં ઉપાલમ્ભાદિપ્રકારે અનેકરૂપતા સમ્ભવતી જ નથી, અને તેથી તેવી 'અનેકરૂપતાનું' કથન અત્ર સ્તુતિમાં શ્રીશુક કરે નહિ, પરન્તુ શ્રીશુક તો અત્ર સ્તુતિમાં પણ ઉપાલમ્ભાદિપ્રકારે અનેકરૂપતા કથે જ છે, તેથી સિદ્ધ થાય છે કે શ્રીગોપિકાગીત અન્યસ્તુતિવદ્ નથી પરન્તુ નિજ ભાવમાત્રનું ઉદ્‌ગિરણ છે, જેનું શ્રવણ-શક્તિતાત્પર્યનિર્ધાર-કરીને ઉપાલમ્ભાદિને પણ ઉપયુક્ત કરીને-અતીવ પ્રસન્ન નન્દનન્દન શ્રીગોપીજનના મધ્યમાં જ પ્રકટ થઈ ગયા. (૧૦.)

સ્વતન્ત્ર-ફલપ્રકરણીય તૃતીયાધ્યાયમાં 'जयति तेधिकं जन्मना व्रजः' ઇત્યાદિવાક્યવક્તૃનિર્ણયપ્રસઙ્ગમાં પૂર્વે વાક્યચતુષ્ટયે સપૂર્વાનું-અન્યપૂર્વાનું-કથન થયું, તદનન્તર વાક્યચતુષ્ટયે અસપૂર્વાનું-અનન્યપૂર્વાનું-કથન થાય છે.તત્ર તેમના વાક્યમાં વિવરણગ્રન્થાનુસારે સઙ્ગ્રહકારિકોક્ત પાઠક્રમ વિવક્ષિત નથી એમ જાણવું, તત્ર विरचिताभयं શ્લોકે કેવલ સાત્ત્વિકીનું નિરૂપણ થયું, કારણ કે તત્ર ધાર્ષ્ટ્યનું સ્પષ્ટ નિરૂપણ નથી, व्रजजनार्तिहन् શ્લોકે ધાર્ષ્ટ્યથી તામસીનું કથન થયું, प्रणतदेहिनां શ્લોકે કિઞ્ચિત્ પ્રકટ પ્રકારે નિરૂપણથી રાજસીનું કથન થયું, मधुरया गिरा શ્લોકે સકલશ્રીસ્વામિન્યર્થે પ્રાર્થનથી અને સ્વદાસીત્વનિરૂપણથી ગુણાતીતાનું કથન થાય છે, એમ અન્યપૂર્વાવદ્ જ ક્રમ અત્ર પણ જાણવો એવો અર્થ છે. કામરસાભિનિવિષ્ટોના પ્રાપ્યનો આવિર્ભાવ ગુણાતીત ભાવમાં હોતો નથી એમ તાત્પર્ય સર્વત્ર ગુણાતીતભાવના પશ્ચાદ્ નિરૂપણમાં જાણવું.


એકોનવિંશતિ શ્લોકનાં વક્ત્રીમાં મુખ્યભેદદ્વય અને તદન્તર્ગતભેદ પણ અગ્રિમ પ્રસ્તરદ્વયથી વિશદ થઈ જશે.

## ॥ प्रस्तरद्वयम् ॥

### प्रथम प्रस्तर.



द्वितीय प्रस्तर. (पक्षान्तर.)




નિર્ગુણા ઉભયા.

આભાસ-તત્ર પ્રથમ કોઇક રાજસી ગોપી કથે છે—

॥ श्रीगोप्य ऊचुः ॥

**श्लोक—जयति तेधिकं जन्मना व्रजः श्रयत इन्दिरा शश्वदत्र हि।**
**दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ॥१॥**

**श्रीमद्भागवताक्षरार्थ–આપના જન્મે વ્રજ અધિક જયે છે કારણ કે ઇન્દિરા શશ્વદ્ અત્ર શ્રયે છે, હે દયિત! દિશાઓમાં દેખો આપનામાં ધૃતાસુ તાવકો આપને વિચયે છે!(૧.)**

**जयति तेधिकं जन्मना व्रजः।**

**व्याख्यान**—અત્ર 'જય' શબ્દ મઙ્ગલાર્થ છે, જયશબ્દોચ્ચારનું પ્રયોજન મઙ્ગલ છે, સ્તોત્ર નિર્વિઘ્ન ફલ સિદ્ધ કરે તેથી અત્ર નિર્વિઘ્નતારૂપ પ્રકારે ફલસિદ્ધ્યર્થ 'જય શબ્દ' મઙ્ગલપ્રકારવાચક છે, વિઘ્નનો અભાવ તે 'નિર્વિઘ્ન' અને 'અર્થ' તે પ્રયોજન, તેથી અત્ર નિર્વિઘ્નાર્થ 'જય'શબ્દ છે એમ કથનથી 'જય'શબ્દનું પ્રયોજન વિઘ્નાભાવ મઙ્ગલ છે એમ સિદ્ધ થઈ રહ્યું, જેમ 'મઙ્ગલ'પદ નિર્વિઘ્નતાવાચક છે તેમ કોશપ્રામાણ્યે 'અર્થ'પદ પણ પ્રયોજનવાચક છે, આથી એમ નિષ્પન્ન થયું કે ફલપ્રાપ્તિમાં પ્રતિબન્ધરૂપ વિઘ્નદુરતિ નિવૃત્ત થાય એ પ્રકારે મઙ્ગલસાધન 'જય'શબ્દનો અત્ર પ્રયોગ છે, અન્યથા 'જયતિ'ક્રિયાપદને આ સ્તોત્રના પ્રારમ્ભમાં જ ન પ્રયોજતાં કર્તૃવાચક 'વ્રજ'પદ કથીને તદનન્તર 'જયતિ'ક્રિયાપદને પ્રયોજત, પરન્તુ અત્ર તો સ્તોત્રના ઉપક્રમમાં મઙ્ગલસાધન 'જય'શબ્દનો પ્રયોગ કરીને તદનન્તર કર્તૃવાચક 'વ્રજ'પદનું કથન છે તેથી પ્રતિબન્ધરૂપ વિઘ્નદુરિતમાત્ર નિવૃત્ત થઈને ફલપ્રાપ્તિ થાય એવા જ સ્વારસ્યથી 'જયતિ'ક્રિયાપદ જ પ્રથમ ધર્યું છે. 'આપના અવતારે–પ્રાકટ્યે–સર્વ પણ વ્રજ કૃતાર્થ છે પરન્તુ કેવલ અમે જ અકૃતાર્થા રહ્યાં **તેથી અમે પણ જે પ્રકારે કૃતાર્થા થઈએ તે પ્રકારે યત્ન આપે કર્તવ્ય છે'** એમ કથવાને 'આપના પ્રાકટ્યે વ્રજનો સર્વોત્કર્ષ સિદ્ધ થઈ ગયો' એમ 'जयति तेधिकं जन्मना व्रजः'ચરણે શ્રીગોપીજન કથે છે. 'જય'પદ સર્વોત્કર્ષે સ્થિતિનું વાચક છે અને તત્ર સર્વોત્કર્ષે સ્થિતિરૂપ 'જય'માં પણ 'અધિકમ્' પદે આધિક્ય કથ્યું તેથી વ્રજની સ્થિતિ કેવલ સર્વોત્કૃષ્ટા છે એટલું જ નહિ પરન્તુ વ્રજની સ્થિતિ વૈકુણ્ઠથી પણ ઉત્કૃષ્ટા છે, કારણ કે વૈકુણ્ઠમાં પણ ભગવાન્ એ પ્રકારની લીલા કરતા નથી. યદ્યપિ જન્મ તો મથુરામાં થયું તથાપિ તે પ્રાકટ્યરૂપ જન્મે મથુરાનો જય અર્થાત્ સર્વોત્કૃષ્ટા સ્થિતિ ન થતાં વ્રજની જ સ્થિતિ સર્વોત્કૃષ્ટા થઈ, આપના પ્રાકટ્યે વૈકુણ્ઠથી પણ ઉત્કૃષ્ટસ્થિતિરૂપ આધિક્યે જય તો વ્રજનો જ થયો, મથુરાનો નહિ.

**श्रयत इन्दिरा शश्वदत्र हि।**

ભગવજ્જન્મ સર્વતઃ ઉત્કર્ષનો હેતુ છે એમ લોકમાં તો પ્રસિદ્ધ નથી કારણ કે વ્રજનો સર્વોત્કર્ષત્વસાધક ભગવજ્જન્મરૂપ હેતુ અનન્ય હોવાથી માત્ર એક જ છે, 'શબ્દ નિત્ય શબ્દત્વથી' એમ અનુમાનવદ્ 'વ્રજ સર્વોત્કૃષ્ટ ભગવજ્જન્મથી' એમ અનુમાનમાં પણ ભગવજ્જન્મરૂપ હેતુ શબ્દત્વરૂપહેતુવદ્ અનૈકાન્તિક અસાધારણ

હેત્વાભાસ છે તેથી તે હેત્વાભાસ સાધ્યની-સર્વોત્કર્ષની-સિદ્ધિ કરી શકતો નથી, અને તેથી લોકમાં પણ પ્રસિદ્ધ હોય એવો કોઇ અવ્યભિચરિત ઉત્કર્ષસાધક હેતુ વક્તવ્ય છે' એમ આકાઙ્ક્ષા થાય તો તદર્થ અત્ર श्रयत इन्दिरा शश्वदत्र हि કથે છે, અત્ર-વ્રજમાં-ઇન્દિરા શશ્વત્-સર્વદા-શ્રયે છે, 'હું હીન છુ' એમ હીન ભાવે લક્ષ્મી વ્રજનો આશ્રય કરે છે, વૈકુણ્ઠમાં તો તે જ નિયતા પત્ની છે તેથી તત્ર તો હીન ભાવે કદાપિ કોઇનો પણ આશ્રય ઇન્દિરાએ કર્તવ્ય રહેતો નથી, પરન્તુ અત્ર તો લક્ષ્મીસદ્દશી અમે અનેકા છીએ, તેથી 'મારો અવસર ક્યારે આવશે ?' એમ અસ્વસ્થતાથી લક્ષ્મી વ્રજને નિરન્તર સેવે છે, તેથી જે લક્ષ્મીની સ્થિતિએ લોક સ્વોત્કર્ષ માને છે તે લક્ષ્મી પણ આપના-શ્રીગોકુલેશના-જન્મથી શ્રીમદ્ગોકુલનો આશ્રય કરીને રહી છે, અને તેથી ઇન્દિરાની અત્ર હીનતાએ નિત્યસ્થિતિ વ્રજનો સર્વોત્કર્ષસાધક હેતુ છે, આ અર્થ 'હિ'-યુક્ત-છે, કારણ કે લક્ષ્મી પતિવ્રતા છે, ભક્ત પ્રતિ કૃપા પ્રસિદ્ધા કરવાને તેના પતિ સ્વયં ભક્તાધીનતાએ યત્ર ભક્તોમાં સ્થિતિ કરે છે તત્ર તેની પતિવ્રતા પત્ની-લક્ષ્મી-સુતરામ્ જ આશ્રયે અત્ર શું આશ્ચર્ય ! **વ્રજમાં પરાધીનતાએ સ્થિતિ કરીને ભગવાન્ ભક્તો પ્રતિ કૃપા દર્શાવે છે** એ પ્રસઙ્ગ તો પૂર્વે ઉલૂખલપ્રકરણમાં કથાયો જ છે.

**दयित दृश्यतां दिक्षु तावकास्त्वयि धृतासवस्त्वां विचिन्वते ।**

આપના જન્મે વ્રજનો સર્વોત્કર્ષ સર્વજનીન છે, તેથી ભવત્કર્તૃક અસ્મદ્રમણે કોઇ પણ પ્રકારે ન્યૂનતા થવાની નથી તેમ જ લક્ષ્મીના પણ મનમાં વિષાદ થવાનો નથી, કારણ કે આપના પ્રાકટ્યે સર્વોત્કૃષ્ટ વ્રજનો અઙ્ગીકાર આપે નિજત્વે કર્યો છે, અને તેથી અસ્મદર્થે આગત આપે આ શ્રીમદ્ગોકુલ એકદા દ્રષ્ટવ્ય છે, અથ વા અગ્રે વક્ષ્યમાણ तावकास्त्वयि धृतासवस्त्वां दिक्षु विचिन्वते વાક્યનો અર્થ જ दृश्यतांક્રિયાપદનું કર્મ છે અર્થાદ્ 'આપને વિષે ધૃત છે અસુ-પ્રાણ-જેમણે એવા 'ત્વયિ ધૃતાસુ' તાવક-ત્વદીય ભક્તો-આપને દિશાઓમાં વિચયે-શોધે-છે' એ આપ દેખો, એતાદ્દશ અર્થ અનુચિત છે એમ અનુચિતત્વપ્રદર્શને જણાવે છે કે આપ વ્રજમાં અવતીર્ણ છો એમ નિશ્ચય કરીને બ્રહ્માદિ લોક અત્ર-વ્રજમાં આગમન કરે છે ત્યારે અસ્મદાદિ વ્રજસ્થો તો આપને એકા નહિ પરન્તુ બહુ દિશાઓમાં વિચયે છે આ મહતી અનૌચિતી છે. 'પરન્તુ વ્રજસ્થોમાં ભક્તિ જ નથી અન્યથા તેઓ વિરહમાં મરત અને અભક્તને તો ભગવદ્દર્શન ન જ થાય એ યુક્ત છે' એમ આશઙ્કા થાય તો તેના પરિહારાર્થે 'त्वयि धृतासवः' પદ કથે છે, આપને જ અર્થે ધૃત છે અસુ-પ્રાણ-જેમણે એવાં 'ત્વયિધૃતાસુ' અમે છીએ, અને તેથી **અમારા પ્રાણનો આપમાં ઉપયોગ નથી એમ. અમે સર્વા જ જ્યારે જ જાણીશું તે જ ક્ષણે આપને અનુપયુક્ત અમારા પ્રાણને પણ ત્યજીશું**, અલ્પ જ વિલમ્બ સતે પ્રાણ જતા રહેશે તેથી જ ભવદુપયુક્ત પ્રાણના આશ્વાસનાર્થે આપને શોધીએ છીએ, અન્યથા પ્રાતઃકાલે તો આપ શ્રીનન્દાલયમાં આગમન કરશો એ નિશ્ચિત હોવાથી અત્ર રાત્રિએ આપનું વ્યર્થ વિચયન નહિ કરતાં અમે વ્રજમાં જ ગયાં હોત, પરન્તુ તેમ નહિ કરતાં રાત્રિએ અત્ર જ આપનું અન્વેષણ કર્યા કરીએ છીએ તેથી અમારું 'ત્વયિ ધૃતાસુત્વ' સિદ્ધ છે, આપ વ્રજમાં વિરાજમાન સતે ત્વદીયો આપને દિશાઓમાં શોધે છે એવું મહદ્ દૈન્ય પ્રાપ્ત થયું છે તેથી એક વાર ત્વદીયોને દેખો એમ અમારી પ્રાર્થના છે, આ પ્રકારે એક શ્રીગોપીજને દર્શન પ્રાર્થ્યું અને તત્ર પણ 'દયિત'સમ્બોધનથી **પ્રિયભર્તાના અદર્શને સ્ત્રીઓનું જીવન યુક્ત નથી** એમ નિરૂપ્યું, યદ્યપિ ભગવાન્ શ્રીગોપીજનનાં દર્શન કરે તેથી શ્રીગોપીજનનો કોઇ પણ પુરુષાર્થ સિદ્ધ થાય નહિ તથાપિ તેમનું દૈન્ય દેખીને તેમને ભગવાન્ નિજ સ્વરૂપનું પણ પ્રકર્ષે દર્શન કરાવે એમ ભગવદ્દર્શનાર્થે જ તેમણે સ્વદર્શનની તે પ્રાર્થના કરી. એમ સ્વદૈન્યે અનૌચિત્યાદિનિરૂપણે આ શ્રીગોપીજનનું સાત્ત્વિક પર્યાયમાં રાજસત્વ આ શ્લોકે નિરૂપ્યું. (૧.)

**આભાસ**—તામસી તો વધાભાવ પ્રાર્થવાને 'અદૃશા'પદ છેદીને અદર્શન તો વધસાધક છે એમ 'शरदुदाशये' શ્લોકે કથે છે.

**શ્લોક—शरदुदाशये साधुजातसत्सरसिजोदरश्रीमुषादृशा ।**
**सुरतनाथ तेऽशुल्कदासिका वरद निघ्नतो नेह किं वधः ॥ २ ॥**

**श्रीमद्भागवताक्षरार्थ**—હે સુરતનાથ! હે વરદ! શરદુદાશયમાં સાધુજાતસત્સરસિજોદર-શ્રીમુષ્ દશે આપની અશુલ્કદાસિકાઓને નિહન્તા આપને ઇહ વધ નહિ શું ? (૨.)

**વ્યાખ્યાન**—શરત્કાલીન ઉદાશયમાં-પુષ્કરિણીમાં-સાધુ અર્થાત્ સમ્યક્ પ્રકારે થયલા સરસિજની-કમલની-અન્તર્વર્તિની શ્રીને પણ મોષે એવી 'શરદુદાશયે સાધુજાતસત્સરસિજોદરશ્રીમુષ્'[1] દૃષ્ટિએ હે 'વરદ' જે નિહને તેને વધદોષ નથી શું ? અપિ તુ વધદોષ થાય જ છે. અત્ર વ્યાખ્યાનમાં 'વધ'પદ હનનાર્થક હોવાથી 'निघ्नतो वधो न' એમ હનનરૂપ કથન સમ્ભવે નહિ તેથી 'વધ'પદનું અર્થાન્તર 'વધદોષ' કથ્યું, કૃદન્તમાત્રમાં બાહુલકપક્ષમાં अच् ગ્રહીને 'વધાય છે જે પ્રયોજનને અર્થે તે વધ' એમ 'पचाद्यच्' અનુશાસને 'વધ'પદનો અર્થ 'વધફલ' અર્થાદ્ 'વધદોષ' કર્યો, જે જે સાધને પરના પ્રાણ જાય તત્સમ્પાદનસાધક-જેણે સમ્પાદાય તે 'સમ્પાદન' વા 'સાધન' અને તેવા સમ્પાદનના અર્થાત્ સાધનના સાધક-ઘાતકદોષભાક્ થાય છે, અર્થાત્ પ્રકૃતમાં ભગવાન્ની દૃષ્ટિ મારણસાધન હોવાથી તેવી મારણસાધન દૃષ્ટિના સાધક ભગવાન્ ઘાતકદોષભાક્ છે, આથી ભગવદ્દૃષ્ટિ સર્વઘાતુકા છે એમ નિરૂપ્યું, आयुर्मनांसि च दृशा सह ओज आच्छेत् વાક્યપ્રામાણ્યે ભગવદ્દૃષ્ટિ સર્વઘાતુકા છે એમ ભગવદ્દૃષ્ટિએ વધકથને નિરૂપ્યું. વધ કથીને અનન્તર અત્ર ભગવદ્દૃષ્ટિને સર્વઘાતુકા કથી, ભગવાન્ ઘાતક છે અને તેથી ભગવદ્દૃષ્ટિ પણ તાદૃશી જ છે એમ અત્ર કથન છે. જેમ आयुर्मनांसि વાક્યમાં આયુર્મનઆદિનું ગ્રહણ કથ્યું છે તેમ અમને પણ પ્રાયેણ આપ ક્રૂરા દૃષ્ટિએ દેખો છો અન્યથા પ્રાણબાધા કેમ થાય ? યદ્યપિ ભગવાન્ પુરુષોત્તમની દૃષ્ટિ આનન્દમયી જ છે અને તેથી પરમાનન્દનું જ પ્રદાન કરે છે, ઘાત તો કાંઇ કરતી નથી, તથાપિ વિરહમાં સ્મર્યમાણા તે દૃષ્ટિ પણ પરમ ક્લેશને ઉત્પન્ન કરે છે તેથી આનન્દમય પણ ભગવાન્ જેમ અનાનન્દમય જણાય છે તેમ આનન્દમયી પણ ભગવદ્દૃષ્ટિ આ વક્ત્રીને ઘાતુકા જણાય છે, અને તેથી ભગવાન્ના કાલાદિરૂપમાં જે સર્વઘાતુકા દૃષ્ટિ છે તે સર્વઘાતુકા દૃષ્ટિનું નિરૂપણ અત્ર આનન્દમય સ્વરૂપમાં આ વક્ત્રીએ કર્યું. રૂપ તો આનન્દમય જ છે, આનન્દમયરૂપ આપ અમને તો દેખો જ છો તથાપિ આપનું આનન્દમય સ્વરૂપ અમને આપ દર્શાવતા નથી, આનન્દમયરૂપની દૃષ્ટિ પણ તાદૃશી જ હોય ત્યારે તો તે આનન્દમયરૂપ આનન્દમયી જ દૃષ્ટિએ જીવાડે પરન્તુ તેમ તો થતું નથી, તેથી આપ પ્રયોજકકર્તા થઈને આપની દૃષ્ટિને પ્રયોજ્યકર્ત્રી કરીને આપ આપની દૃષ્ટિએ અમારો કેવલ વધ જ કરાવો છો તેથી પ્રયોજક આનન્દમયરૂપ પણ વસ્તુતઃ આપની પ્રયોજ્યા દૃષ્ટિએ હનનદોષહેતુ છે.

(**शरदुदाशये साधुजातसत्सरसिजोदरश्रीमुषादृशा निघ्नतो नेह किं वधः ?**)

કિઞ્ચ અમે વધાર્હા નથી, કારણ કે 'દાસિકા' અર્થાત્ કુત્સિતા દાસી છીએ, સ્ત્રીઓનો વધ-અને તત્ર પણ પ્રયોજન વિના વધ-યુક્ત નથી પરન્તુ અનુચિત છે.

(**सुरतनाथ तेऽशुल्कदासिकाः ।**)

કિઞ્ચ અમે 'શુલ્કદાસિકા' છીએ અને આપ પણ 'સુરતનાથ' છો, 'સુરતનાથ' શુલ્કદાસિકાનો વધ કરે એ તો સર્વથા વિપરીત જ છે, આપનાં સમ્બોધન સર્વપુરુષાર્થસાધકત્વે યથાધિકાર નિયત છે, જેમ ધર્મમાર્ગમાં 'હે ધર્મપાલક હે બ્રહ્મણ્ય હે યજ્ઞેશ્વર' ઇત્યાદિ સમ્બોધને અને અર્થમાં 'હે લક્ષ્મીપતે હે સર્વસિદ્ધિદ' ઇત્યાદિ સમ્બોધને અને મોક્ષમાં 'હે મુકુન્દ હે યોગેશ્વર હે જ્ઞાનનિધે' ઇત્યાદિ સમ્બોધને ધર્માર્થમોક્ષાર્થીઓ આપને સમ્બોધે છે એમ તૃતીયપુમર્થિની અમે પણ આપને 'સુરતનાથ'સમ્બોધને સમ્બોધીએ છીએ, સુરતના-ભક્તોમાં સમ્યગ્ ભોગના-જગદ્માં અર્થાદ્ ભક્તોમાં જેટલો ભોગ છે તે સર્વ જ સુરતના-આપ નાથ છો, જગદ્માં આપની આજ્ઞા વિના તાદૃશ સુ-રત પ્રવર્તી જ શકતું નથી, તેથી આપ જ સુ-રતના નાથ છો, અત્ર આ અર્થ છે, 'રત' લૈકિકભોગશબ્દવાચ્ય છે અને

[1] શ્રીસુબોધિનીજીમાં तत्सरसिजम् એમ ફક્કિકા દેખાય છે તેથી तत्सरसिजं પાઠ શ્રીમદાચાર્યચરણે સ્વીકાર્યો જણાય છે.

તેવું 'રત' તો સૃષ્ટિથી આરમ્ભીને જ પ્રવર્તે છે તેથી તત્ર કાંઇ ભગવદાજ્ઞાવિશેષની અપેક્ષા જ નથી, કારણ કે તાદૃશ રતનું તો યોગક્ષેમ સૃષ્ટિસમાનકાલીન જ છે, એમ સતે સુ-સુષ્ઠુ અલૌકિક શોભનરૂપ-રત-સમ્ભોગશબ્દવાચ્ય રત-તો અમારામાં જ આપની આજ્ઞાએ અર્થાદ્ ઇચ્છાએ પ્રવર્તે છે, લૌકિક જગત્ તો ગમન કરે જ છે, નષ્ટ થાય જ છે, તે કાંઇ સ્થિર નથી, તેથી તત્ર તો અલૌકિકસ્વરૂપાનન્દરૂપ સુરત પ્રકટ થવું ઉચિત પણ નથી જ, કારણ કે એવા સુ-અલૌકિક-રતના તો આપ જ નાથ-પ્રવર્તક-રક્ષક-છો, એમ સતે પણ જો તે સુરત-રસ-આપને જ વિષે નિરુદ્ધ રહી જાય ત્યારે તો અલૌકિક પણ ભક્ત શૂન્યહૃદય થઈ જાય એમ આપની ઇચ્છા જાણીને બ્રહ્માએ આપને પ્રાર્થીને તાદૃશી અમને પ્રકટા કર્યાં કે જેથી રસપ્રવૃત્તિમાં પ્રતિબન્ધની નિવૃત્તિ થઈ જાય, અને તેથી અગ્રે-ચતુર્થ શ્લોકમાં-'વિખનાએ-બ્રહ્માએ-અર્થિત' એમ કથાશે, 'કામે અમને પ્રકટ કર્યાં' એ પક્ષમાં પણ પ્રકટકર્તા કામ પણ ભગવદીય જ છે. 'મન પૂર્વ રૂપ અને વાણી ઉત્તર રૂપ છે' તેથી 'मनश्चक्रे'શ્લોકમાં પૂર્વ રૂપ મનની ઉત્પત્તિ કથીને 'जगौ कलं वामदृशां मनोहरं' 'ता दृष्ट्वान्तिकं' ઇત્યાદિકે સ્વપ્રિયાઓમાં અલૌકિકભાવપ્રવર્તક ઉત્તરરૂપ પેશલવાગ્રૂપ પણ પ્રકટ કર્યું એ આશયે અત્ર 'આજ્ઞા'પદ કથ્યું, 'मैवं विभोऽर्हति'ઇત્યાદિ વાક્ પણ ભગવદ્ભાવાત્મિકા છે અને તે ભગવદ્ભાવાત્મિકા વાક્ પણ આજ્ઞારૂપા જ છે એમ અત્ર 'આજ્ઞા'પદનું સ્વારસ્ય છે, તે જ વચનોએ પ્રતિબન્ધની પણ નિવૃત્તિ થઈ ગઈ તેથી 'સુરત'ના 'નાથ'ત્વે પ્રવર્તક આપ જ છો એમ નિર્ધારીને બ્રહ્માએ વા કામે લોકમાં સુરતપ્રવૃત્ત્યર્થ શુલ્કરૂપ દાસિકાત્વે અમારું દાન આપને-સુરતનાથને-કર્યું. શુલ્કે પ્રતિબન્ધ નિવૃત્ત થયે 'નાથ' 'સુરત' પ્રવર્તાવે જ છે તેથી બ્રહ્માએ અથવા કામે-ભગવત્સ્થિત રિરંસારૂપ ભાવે-ભગવદીય લોકમાં "તદ્દ્વારા પુરુષે ભવેદ્"ન્યાયે સુરતપ્રવૃત્ત્યર્થ શુલ્કરૂપદાસિકાત્વે અમને પ્રકટ કર્યાં, તત્ર પણ બ્રહ્માએ તો કેવલ પ્રકટા જ કર્યાં પરન્તુ કામે તો આકારીને અમારું સમર્પણ પણ આપને-ભગવાનને-કરી દીધું, 'શુલ્ક'પદનો અર્થ 'માર્ગનિર્વાહક પ્રતિબન્ધનિવર્તક દ્રવ્ય' થાય છે, અત્ર આ ભાવ છે, 'ब्रह्मादयो बहुतिथं यदपाङ्गमोक्षकामाः'શ્લોકમાં કથ્યું છે કે 'કામને-ભગવદ્ભાવને-બ્રહ્માદિ દેવો સાક્ષાત્ પ્રાપ્ત ન કરી શકયા ત્યારે લક્ષ્મીના ભાવોદ્ગારી અપાઙ્ગ નિરન્તર પ્રિયસઙ્ગિત્વે ભગવદ્ભાવાત્મકતાને પ્રાપ્ત થઈ ગયેલા હોવાથી લક્ષ્મીસમ્બન્ધ સતે તેના અનુભાવે લક્ષ્મીદ્વારા કદાચિત્ તે ભાવ આપણને-બ્રહ્માદિને-પણ પ્રાપ્ત થઈ જાય એવી ભગવદ્ભાવસ્વરૂપ કામની આશાએ બ્રહ્માદિ દેવો તપ ચરે છે', અને પ્રકૃતમાં સ્વયં પ્રભુ પ્રકટ જ છે તેથી તન્માર્ગપ્રકટનાર્થ દ્વારભૂતા અમારું જ પ્રાકટ્ય બ્રહ્માએ કર્યું, અત્ર 'સુરત'શબ્દે સુષ્ઠુ અર્થાદ્ ભગવાન્‌ની સાથે છે રત-રમણ-જેણે એવો 'સુરતાત્મક ભગવદ્ભાવ' જ કથાય છે, પ્રાકૃત સમ્ભોગ તો સર્વથા નહિ જ, કારણ કે અન્યથા-'સુરત'પદનો અર્થ 'પ્રાકૃત સમ્ભોગ' કરાય ત્યારે તો-લૌકિક સમ્ભોગ તો આપામર-પામરગોપાલપર્યન્ત-પણ અનુવર્તમાન જ છે તેથી લૌકિક જગદ્‌માં 'આપની આજ્ઞા વિના સુરત પ્રવર્તે નહિ' એમ 'નાથ'ત્વનું જે વિવરણ કર્યું તે અનુપપન્ન થઈ જાય, આ માર્ગના પ્રાકટ્યે બ્રહ્માજીનો તો કોઇ પણ ભાવ સિદ્ધ ન થયો તેથી તે પક્ષમાં અરુચિએ 'ભગવદીયભાવરૂપ કામે અમારું પ્રાકટ્ય કર્યું' એમ પક્ષાન્તર પણ કથ્યું, શ્રીસ્વામિનીઓનું દર્શન થાય ત્યારે ભગવાન્‌નો પણ ભાવ ઉદ્રિક્ત થઈને કામકાર્ય કરે તેથી કામે જ સ્વાર્થસિદ્ધ્યર્થ અમારું પ્રાકટ્ય કર્યું, પ્રતિબન્ધનિવર્તક શુલ્ક સતે પણ જો આપને જ વિષે સુરત નિરુદ્ધ રહી જાય ત્યારે તો ભગવદીય લોકમાં પણ રસ પ્રકટ થાય નહિ, પરન્તુ તેમ ન થાય તેથી અસ્મદ્દ્વારા તે સુરત લોકમાં આપે પ્રસૃત થાય એ કાર્યે અમે આવ્યાં, તે કાર્ય તો દૂર જ રહ્યું, અને આપ તો પ્રત્યુત અમને દૃષ્ટિએ મારો છો! પરન્તુ એમ સતે તો સર્વ જ કામશાસ્ત્ર વ્યર્થ થઈ જશે, કારણ કે કામશાસ્ત્રનું સફલત્વ ભગવલ્લીલાપ્રતિપાદકત્વે જ છે એમ અગ્રે કથાશે, અને તેથી આપ અમારી સાથે રમણદ્વારા ભગવલ્લીલાનું પ્રાકટ્ય ન કરો ત્યારે તો લૌકિકપ્રતિપાદકત્વે તે શાસ્ત્રનું વૈયર્થ્ય જ પ્રાપ્ત થશે અને કામરૂપ તૃતીય પુરુષાર્થ પણ રહેશે નહિ, અર્થાત્ કામશાસ્ત્રપ્રતિપાદ્ય કામરૂપ પુરુષાર્થ લૌકિકપરત્વે તો પાતહેતુ છે તેવો કામ કાંઇ પુરુષાર્થ નથી, તેથી અલૌકિક ભગવલ્લીલારૂપ તૃતીય પુમર્થ જ ન રહેતાં ધર્મ અર્થ અને મોક્ષ એ પુરુષાર્થત્રયી જ રહે, પરન્તુ એમ અનુચિત અને વિપરીત ન થાય ભગવલ્લીલાત્મક કામરૂપ પુમર્થનો જ ઉચ્છેદ ન થઈ જાય, તેથી સર્વથા જે અલૌકિક

કામાર્થે અમારૂં પ્રેષણ અત્ર થયું છે તે 'સુરત' આપે 'નાથ'ત્વે કર્તવ્ય છે, અથ વા તે 'સુરત'યદાકદાચિત્ કર્તવ્ય હોય તથાપિ સ્વરૂપપ્રાકટ્યે અધુના પણ આપે અમને જીવાડવાં એ જ યોગ્ય છે.

'શ્રીમુષા'પદે દૃષ્ટિનું મારકત્વ ઉપપાદે છે કે જે ચોર હોય છે તે ઘાતક પણ હોય છે, અને જેમ જેમ ચૌર્યનૈપુણ્ય હોય છે તેમ તેમ ઘાતકત્વ પણ હોય છે,

**અર્થાન્તર.** ઉદરશ્રીમુષાપદે તદર્થ કથે છે કે તત્રાપિ દુર્ગમાં જેઓ જન્મ્યા હોય છે તેઓ અતિનિપુણ હોય છે, તત્ર પણ જેઓ જલદુર્ગમાં જન્મ્યા હોય છે તેઓ અતિનિપુણ હોય છે, તે[1] 'સરાસજ' એવું અર્થાત્ 'શરદુદાશયે સાધુજાત' છે, તત્રાપિ દુર્ગમાં જ સ્થિતિ પણ કરે છે, અત્રપર્યન્ત દેશતઃ ચૌર્યનું અશક્યત્વ નિરૂપ્યું, તત્રાપિ જે સાધુજાત–ઉત્તમકુલમાં જન્મેલા પ્રભુ–હોય છે તેઓ તો અતિનિપુણ હોય છે, તત્રાપિ ચૌર્યકાલ શીતાદ્યુપદ્રવે રહિત પ્રકાશવાન્ છે, અત્રપર્યન્ત દેશતઃ અને કાલતઃ ચૌર્ય અશક્ય છે એમ નિરૂપ્યું, તત્રાપિ 'સરસિજ' સરોવરમાં જન્મેલું, અર્થાત્ અત્રપર્યન્ત દેશતઃ કાલતઃ અને સ્વરૂપતઃ પણ ચૌર્ય અશક્ય છે એમ પ્રતિપાદને ચૌર્યવિષય 'સરસિજ'નું સ્વરૂપ કથ્યું, આ કાંઇ તેનો યૌગિક અર્થ નથી, દુર્ગજાત, તત્રાપિ જલદુર્ગજ, તત્રાપિ જલદુર્ગસ્થાયી, તત્રાપિ 'સાધુજાત' સમર્થ પ્રભુ અત્યન્તનિપુણ હોય છે એમ અશક્યચૌર્યપુરુષ પાસેથી પણ અને તત્રાપિ શીતાદ્યુપદ્રવે રહિત પ્રકાશવાન્ કાલમાં અને તત્રાપિ 'સરસિજ' હોવાથી ચૌર્યવિષય પણ અશક્ય એમ દેશ કાલ અને સ્વરૂપાદિ સર્વ જ પ્રકારે જે પુરુષની પાસેથી ચૌર્ય જ અશક્ય છે તેવા અત્યન્તનિપુણની પણ પાસેથી તદીયા 'ઉદરશ્રી'ના–સર્વસ્વના–નેતા તસ્કર પરમનિપુણ હોવાથી સાધારણ ગોપિકાદિના અન્તઃસ્થિત પ્રાણને હરીને લઈ જાય એમાં શું આશ્ચર્ય? અપકીર્તિ ન થાય તેથી બલિષ્ઠ પણ પુરુષ ચૌર્ય કરે એ ઉચિત છે, બલિષ્ઠ-રાજાદિ-સ્વાપેક્ષિત પરકીય વસ્તુ મૂલ્યે પ્રાપ્ત કરી શકે નહિ ત્યારે ચૌર્યે જ ગ્રહણ કરે એ યુક્ત પણ છે, પરન્તુ બલાત્કારે તો તેઓ પણ લુંટતા નથી, કારણ કે તેમ જો કરે ત્યારે તો લુણ્ટને બલિષ્ઠ રાજાદિની અપકીર્તિ થાય તેથી અપકીર્તિ ન થાય એ પ્રકારે બલિષ્ઠ રાજાદિ ચૌર્યે જ ગ્રહણ કરે છે, મારીને બલાત્કારે બલિષ્ઠ રાજાદિ હરણ કરે ત્યારે તો તે બલિષ્ઠ રાજાની અપકીર્તિ થાય તેથી તેવી અપકીર્તિ ન થાય એ પ્રકારે તે અર્થે બલિષ્ઠ રાજાદિ ચૌર્ય કરે એ યુક્ત પણ છે, પરન્તુ અત્ર તો તેમ થશે નહિ, આપને તે અપકીર્ત્યભાવ થશે નહિ, પ્રત્યુત અપકીર્તિ જ થશે, અથ વા કેવલ અપકીર્તિ જ નહિ થશે પરન્તુ 'વધ'દોષ પણ થશે જ એમ 'किं वधो न' ઇત્યાદિએ કથ્યું, અથ વા अदृशा એમ પદ છેદીને અર્થ કરવો, અદર્શને–આપનાં દર્શન અમને નહિ આપીને–આપ જે નિઘાત કરો છો તે શું વધ–વધદોષ–નથી? આપનું દર્શન જ જીવનસમ્પાદક છે અને તેથી અદર્શન તો વધસાધક છે, અર્થાત્ 'કારણાભાવે કાર્યાભાવ'ન્યાયે દર્શનરૂપ કારણના અભાવે જીવનરૂપ કાર્યનો અભાવ સિદ્ધ કરીને–અદર્શન વધસાધક છે એમ સિદ્ધ કરીને-ભગવાન્નું અદર્શન સ્વવધસાધક છે એમ સિદ્ધ કર્યું. જે 'સુરત'ને અર્થે અમે આવ્યાં તે 'સુરત' તો દૂર જ રહ્યું અને અન્તરા મરણ ઉપસ્થિત થયું! તેમ સતે 'સુરત' તો અપ્રકટિત જ રહ્યું અને તેથી આપનું 'સુરતનાથ'ત્વ પણ પ્રકટ થયું નહિ, કારણ કે અશ્વનિર્માણરૂપસામર્થ્યમાત્રે યોગી કાંઇ અશ્વપતિ કથાતો નથી પરન્તુ જ્યારે તે સામર્થ્યને ઉપયોજીને અશ્વને પ્રકટ કરે છે ત્યારે જ એ અશ્વનિર્માણસમર્થ યોગી અશ્વપતિ કથાય છે, કિઞ્ચ આપનાં અદર્શને અસ્મદ્વધ થાય તેમાં તો આશ્ચર્ય જ શું એમ 'શ્રીમુષા'પદે અદર્શનનું વધસાધકત્વ કૈમુત્યન્યાયે કથે છે કે 'સરસિજોદર'સ્થિતા 'શ્રી'નું જો બહિરાનયન થાય તો તે જ ક્ષણે આમગર્ભવદ્ અપુષ્ટા હોવાથી તે 'શ્રી' મરી જાય છે, આ પક્ષમાં 'મુષ્'નો અર્થ 'પ્રાણહરણ' થાય છે અર્થાદ્ ભગવદ્દૃષ્ટ્યા જ 'શ્રી'નો પોષ અને અન્યથા-અદર્શને-તો અપુષ્ટા 'શ્રી'નો મોષ વા પ્રાણહરણ જ થાય છે, યદ્યપિ તે લક્ષ્મીના જીવનની સામગ્રીરૂપ કાલ દ્રવ્ય દેશ વસ્તુ બહુ જ છે તથાપિ આપના અદર્શનમાત્રે જ્યારે અસાધના લક્ષ્મી જીવતી નથી પરન્તુ મરે છે ત્યારે નિઃસાધના અમે પણ મરીએ એમાં તો આશ્ચર્ય જ શું? કિઞ્ચ આપ 'વરદ' છો તેથી અન્ય સર્વને તો વરનું પ્રદાન કરો છો પરન્તુ અમને તો મારો છો એ મહદ્ આશ્ચર્ય છે, વરદ–વરદાતા–તો પ્રત્યક્ષ થાય છે કાંઇ નિલીન થઈ જતા નથી, અથ વા અમે તો આપની 'અશુલ્કદાસિકા'–અમૂલ્યદાસિકા અર્થાદ્ ધર્મદાસિકા–છીએ તેથી હન્તવ્યા નથી, આ પક્ષમાં 'અશુલ્કદાસિકાઃ' એમ પદચ્છેદ થયો.

૧. સાધુજાત અને સત્ ઉભયે પદ પર્યાયપ્રાય હોવાથી સાધુજાતતત્સરસિજપાઠ શ્રીમદાચાર્યચરણને પરમ્પરાપ્રાપ્ત પણ હોય.

આ પ્રકારે અને કવિધકૌર્યભાવનાએ કેટલાંક શ્રીગોપિકા ભગવાન્‌ને ઉપાલભે છે. કારણકે અન્તઃસ્થિત પુષ્ટ રસ જ જો બહિઃ વિનિર્ગત ન થાય તો તે પૂર્ણ જ ન થાય તેથી તે પ્રકારે આ શ્લોકમાં તામસી અન્યપૂર્વાનો વાઙ્નિર્ગમ. (કા.૧.) (૨.)

**આભાસ**— આપે બહુ પ્રકારે પૂર્વે રક્ષ્યાં જ છે તેથી હવે અધુના પણ આપે જ અમે પાલનીયા છીએ એમ અન્યા કોમલા કથે છે.

**श्लोक—विषजलाप्ययाद् व्यालराक्षसाद् वर्षमारुताद् वैद्युतानलात्।**
**वृषमयात्मजाद् विश्वतोभयादृषभ ते वयं रक्षिता मुहुः ॥ ३ ॥**

**श्रीमद्भागवताक्षरार्थ–વિષજલાપ્યયથી વ્યાલરાક્ષસથી વર્ષમારુતથી વૈદ્યુતાનલથી વૃષમયાત્મજથી વિશ્વતોભયથી હે ઋષભ ! આપે વારંવાર અમે રક્ષિતા છીએ. (૩.)**

**व्याख्यान—વિષજલ**-કાલીયહ્રદજલ-પીને સર્વ જ બાલક અને ગો મરી ગઈ હતી તે સર્વને આપે પુનઃ જીવાડ્યાં, **વ્યાલ**થી અર્થાત્ કાલીયસુદર્શનાદિ સર્પોથી, અત્ર ‘આદિ’પદે કાલીયના પરિકરભૂત સર્પોનું પણ ગ્રહણ કરવું કારણ કે કાલીયનિઃસારણે તેમનું પણ નિઃસારણ “ सकलत्रसुहृत्पुत्रो द्वीपमन्यं जगाम ह ” વાક્યમાં કથ્યું છે, તૃણાવર્તાદિ **રાક્ષસો**થી, વ્યાલનો અને રાક્ષસનો એકવદ્ભાવ હોવાથી એકવચનનો પ્રયોગ છે, તે સર્વથી પણ **આપે અમારું રક્ષણ કર્યું**, ઇન્દ્રકૃત **‘વર્ષમારુત’થી** પણ આપેઅમારું રક્ષણ કર્યું, તત્ર જ ‘વૈદ્યુત’થી અને **‘અનલ’**રૂપદાવાગ્નિથી પણરક્ષણ કર્યું, અત્ર પણ પૂર્વવદ્ જ એકવદ્ભાવ અને તેથી એકવચનનો પ્રયોગ છે, આ ‘મયાત્મજ વૃષ’-વ્યોમાસુર-તેનાથી પણ આપે અમારું રક્ષણ કર્યું, શ્રીગોપીજન સર્વજ્ઞ છે તેથી તેમને આ તો ભૂત અને આ તો ભવિષ્ય એમ કાલિકપદાર્થજ્ઞાનનો નિર્બન્ધ નથી, કિમ્બહુના ? આપે ‘વિશ્વતઃ’જ ‘ભયથી’અમારું રક્ષણ કર્યું, ‘ઋષભ’પદે પાલનમાં હેતુ કથે છે કે ભર્તા તો પાલન જ કરે છે, તેથી આપ સર્વદા **ઋષભ-પાલક**-હોવાથી. ઇદાનીં પણ ‘ઋષભ’ત્વે-ભર્તૃત્વે-અમારું પાલન કરો, તે મારકો તો કેવલ બાહ્ય હતા અને ઇદાનીન્તન મારક તો આન્તર છે તેથી અમે સર્વથા આપે પાલનીયા છીએ, ‘ઋષભ’ અન્તર્બહિઃપાલક છે, ‘स वै पतिः’શ્લોકમાં તેવા અન્તર્બહિઃપાલક **ઋષભ**નું-પતિનું-યથાર્થસ્વરૂપનિરૂપણ કર્યું હોવાથી આપમાં તાદશ સામર્થ્ય હોવાથી અને ઇદાનીન્તન મારક આન્તર અને બલિષ્ઠ પણ હોવાથી અમે સર્વથા આપે પાલનીયા છીએ (૩.)

**આભાસ**— અન્યા પુનઃ ભગવાન્‌નું મહાનુભાવત્વ જાણીને ભગવાન્‌નું સ્વરૂપ કીર્તે છે અને તેથી જેમ જ્ઞાનીને મોક્ષપ્રદાન કરે છે તેમ અમને પણ અસ્મદુચિત મોક્ષનું દાન કરશે એ અભિપ્રાયે न खलु શ્લોકે સ્તવે છે.

**श्लोक—न खलु गोपिकानन्दनो भवानखिलदेहिनामन्तरात्मदृक्।**
**विखनसार्थितो विश्वगुप्तये सख उदेयिवान् सात्त्वतां कुले ॥ ४ ॥**

**श्रीमद्भागवताक्षरार्थ—ખરે આપ ગોપિકાનન્દન નથી અખિલદેહીના અન્તરાત્મા પ્રકાશક છો, સખે! વિશ્વગુપ્ત્યર્થ વિખનાએ અર્થિત આપ સાત્ત્વત્‌ના કુલમાં ઉદિત થયા છો. (૪.)**

**न खलु गोपिकानन्दनो भवान्।**

**व्याख्यान**—ભગવાન્ જો નન્દસૂનુ હોય ત્યારે તો સર્વ ઉપાલમ્ભ યુક્ત છે, પરન્તુ ભગવાન્‌નું તો નન્દસૂનુત્વ જ નથી, તેથી સર્વ જ ઉપાલમ્ભન અયુક્ત જ છે, યશોદાનન્દનત્વનું નિરાકરણ તો ‘जयति जननिवासो देवकीजन्मवादः’ શ્લોકોક્ત દેવકીનન્દનત્વનિરાકરણવદ્ લૌકિકભાવમાત્રકૃતપુત્રતાપરત્વે છે, તેથી ‘न माता न पिता तस्य’ઇત્યાદિ પણ સુસઙ્ગત જ છે, અને તેથી યદ્યપિ કર્માધીનત્વે પુરુષોત્તમનું જન્મ નથી તથાપિ પુત્રભાવે પ્રાદુર્ભાવથી તો નન્દયશોદાનન્દનત્વ છે જ એમ પૂર્વે સિદ્ધ કર્યું છે, અથવા વ્રજસુન્દરી તો શૃઙ્ગારરસભાવવતી છે તેથી રસકટાક્ષોક્તિએ જ યશોદાનન્દનત્વનું નિરાકરણ કર્યું એમ જાણવું. યદ્વા નન્દગૃહમાં ભગવાન્‌નો પ્રાદુર્ભાવ તો સિદ્ધ થઈ જ ગયો છે અને અત્ર તો નન્દસૂનુત્વનું કથન છે તેથી આ પ્રકારે તાત્પર્ય જાણવું.

જેમ મથુરામાં શ્રીવસુદેવમાંથી શ્રીદેવકીજીને વિષે પ્રવેશ કરીને પ્રાદુર્ભાવ છે તેમ અત્ર શ્રીનન્દરાયજીમાંથી શ્રીયશોદાજીમાં ભગવદાગમન નથી પરન્તુ શ્રીયશોદાજીના ગર્ભમાં તો માયાની જ સ્થિતિ હતી અને ભગવાન્ તો તાવત્પર્યન્ત ભક્તહૃદયમાં જ વિરાજમાન હતા અને તદનન્તર પ્રાકટ્યસમયે માયાએ આવૃત સતા પ્રાદુર્ભૂત થયા, તતઃ ભગવાને લીલાર્થે ઉભયત્ર–શ્રીનન્દમાં અને શ્રીયશોદામાં–પુત્રત્વબુદ્ધિ સ્થાપી તેથી વ્યસ્તતાએ યદ્યપિ તત્તત્સૂનુત્વ-નન્દસૂનુત્વ અને યશોદાસૂનુત્વ-છે જ, તથાપિ અન્યવદ્–વસુદેવદેવકીવત્ શ્રીનન્દરાયજીમાંથી શ્રીયશોદાજીમાં આગમન ન હોવાથી નન્દસૂનુત્વે વિશિષ્ટ યશોદાસૂનુત્વ નથી અને તેથી મૂલસ્થ 'ગોપિકાનન્દનઃ' પદનો અર્થ 'નન્દસૂનુત્વે વિશિષ્ટ ગોપિકાનન્દન' કરવો, અર્થાદ્ 'નન્દસૂનુ સતે ગોપિકાનન્દન' આપ નથી પરન્તુ વ્યસ્તતાએ તત્તત્સૂનુતા છો જ અને તેથી આ શ્લોકના આભાસમાં ઉક્ત 'મહાનુભાવત્વ' લોકમાં પિતૃત્વે વિશિષ્ટ માતૃપુત્રત્વે દૃષ્ટ છે તેથી અત્ર પણ તાદૃશ પુત્રત્વ પ્રાપ્ત થઈ જાય પરન્તુ તેમ ન થાય તેથી 'न खलु'પદે તાદૃશ વિશિષ્ટ જ પુત્રત્વનો નિષેધ કર્યો, અર્થાદ્ યદ્યપિ પિતૃત્વે વિશિષ્ટ માતૃપુત્રત્વ ભગવાન્માં લોકન્યાયે જણાય છે તથાપિ પિતૃત્વે વિશિષ્ટ 'ગોપિકાનન્દન' ભગવાન્ નથી, આથી 'નન્દસૂનુત્વે'પદનો અર્થ 'નન્દસૂનુત્વે વિશિષ્ટ યશોદાસૂનુત્વે' નિષ્પન્ન થયો, 'ખલુ'પદ નિશ્ચયવાચક છે, અત્ર કોઇ પણ અર્થ તિરોહિત નથી, ભગવાન્ ગોપિકાનન્દન-શ્રીયશોદાપુત્ર-જ નથી, અથ વા એ પ્રકારનું યશોદાનન્દનત્વ તો તિરોહિતવત્ થઈ ગયું છે[1], જો લોકરીત્યા તાદૃશ સમ્બન્ધ હોય ત્યારે તો જેમ શ્રીયશોદાજીએ સ્વાધીન કર્યા અથ વા જાણ્યા તેમ આપણને–ગોપીજનને–પણ તે સ્વાધીન થાય અથ વા તેમનું જ્ઞાન થાય, શ્રીયશોદાજીને સ્વાધીન થયા તે ભક્તવશ્યતાબોધનાર્થ જ થયા કારણ કે ગોકુલસ્વામીના પુત્ર છે અને તુલ્યતામાં જ વિદ્યાયોનિસમ્બન્ધ યોગ્ય છે, પરન્તુ 'એવો તે કયો નિયમ હશે કે ગોકુલસ્વામિપુત્ર ન હોય તો ભગવાન્ અધીન જ ન થાય ? કારણ કે ગોકુલસ્વામિપુત્રત્વના અભાવમાં પણ સ્નેહવશાદ્ અધીન થઈ ગયા એમ જણાય છે' એ પ્રકારની આશઙ્કાના પરિહારાર્થે 'તુલ્યતામાં જ' ઇત્યાદિ કથન કર્યું, અને તેથી તુલ્યતામાં જ વિદ્યાયોનિસમ્બન્ધ યોગ્ય-વશીકરણહેતુ-છે, અર્થાદ્ 'ययोरात्मसमं' શ્લોકમાં યત્ર યત્ર તુલ્યતા તત્ર તત્ર જ વશીકરણહેતુતાએ વિદ્યાયોનિસમ્બન્ધ ભગવાને સિદ્ધ કર્યો છે, અને લોકમાં પણ તેમ જ દેખાય છે, અર્થાદ્ યત્ર વિદ્યાયોનિતુલ્યતા તત્ર જ વશીકરણ, અને ઇદાનીં તો તે વશીકરણ જ નથી તેથી જણાય છે કે તુલ્યતાએ વશીકરણકારણ જે વિદ્યાયોનિસમ્બન્ધ તે તો અત્ર નિયત તિરોહિતવત્ જ છે. આ વાક્યમાં મૂલસ્થ 'ભવાન્'પદ યદ્યપિ ઉદ્દેશ્યસમર્પક તો છે જ તથાપિ भातीति भवान એમ યૌગિક અર્થથી તે પદ ભાનરૂપ-પ્રકાશક-વિધેયનું પણ સમર્પણ કરે છે એમ જાણવું, કારણ કે અગ્રે 'વૈકુણ્ઠાધિપતિઃ પુરુષોત્તમઃ' એમ વિધેયત્વે 'ભવાન્' પદના અર્થનું વિવરણ કર્યું છે, તેમ સતે આપણે તો કેવલ ગોપિકા જ અને 'ગોપિકાનન્દન' તો 'ભવાન્' અર્થાત્ પ્રકાશમય વૈકુણ્ઠાધિપતિ પુરુષોત્તમ છે, તેથી તુલ્ય વિદ્યાયોનિસમ્બન્ધના જ અભાવથી ઉપાલમ્ભ જ યુક્ત નથી એમ અર્થ સિદ્ધ થયો.

**अखिलदेहिना-मन्तरात्मदृक्।**

એટલી ઉક્તિ થતાં ભગવાન્માં સેવકદુઃખાનવધાતૃત્વનો આરોપ પર્યવસે તેથી તે આરોપના પણ અભાવાર્થે પૂર્વે યશોદાધીનત્વસમ્પાદને ગોકુલસ્વામિપુત્રત્વમાં તો સન્દેહ જ નથી અને ઇદાનીં આપણને અધીન નથી 'તેથી અસ્મન્નિષ્ઠ તાદૃશ વિદ્યાદિનો અભાવ જ વિચારો અને ભગવાન્ને ઉપાલમ્ભો મા' એ આશયે વાક્યાન્તર આ નિર્ગુણ શ્રીગોપીજન વદે છે એ સ્વારસ્યે 'કિઞ્ચ' ઇત્યાદિએ કથે છે કે કિઞ્ચ આપ કેવલ પ્રકાશમય વૈકુણ્ઠાધિપતિ પુરુષોત્તમ જ નથી પરન્તુ 'અખિલ દેહીઓના' અને તેથી અસ્મદાદિ પણ સર્વના–'અન્તરાત્માને' અર્થાદ્ અન્તઃકરણને પણ 'દેખો' છો, જો આપણા હૃદયમાં તાદૃશ તાપ દેખે ત્યારે તો પ્રસન્ન જ થાય, તેથી 'અખિલ દેહીઓના અન્તરાત્મદૃક્' પ્રતિ આપણું કાંઇ પણ વક્તવ્ય જ નથી, ભગવાન્ અનુપાલભ્ય છે, તેથી જ ભગવાન્માં દોષાભાવને આ ગુણાતીત શ્રીગોપીજન 'आगतः' ઇત્યાદિએ વિશેષાકારે સમર્થે છે કે આપે અત્ર આગમન કર્યું છે તે તો અસ્મદાદિના પરિપાલનાર્થ જ, આગત ભગવાન્ જે ક્ષણે જાણશે કે તિરોધાને તો શ્રીગોપીજનનો નાશ થઈ જ જશે તો તે જ ક્ષણે તે આપણું પરિપાલન કરશે જ.

1. 'तत् तिरोहितमिव' પાઠનો અર્થ આ પ્રકારે કરવો.

**विखनसार्थितो विश्वगुप्तये।**

અને રક્ષણાર્થે પણ તે પ્રાર્થિત જ હતા તેથી જ અત્ર આગમન પણ કર્યું સ્વેચ્છાએ જ કાંઇ આગમન કર્યું નથી એમ 'વિખનસાર્થિતઃ'પદે કથે છે, વિશેષે ખને તે 'વિખના' અર્થાદ્ બ્રહ્મા સર્વથા વેદાર્થવિચારક છે અને તેથી જ બ્રહ્માએ કૃત ભગવદ્ભજનપ્રતિપાદક 'વૈખાનસ'મત પણ વિદ્યમાન છે, અને તે જ માર્ગે ભગવાન્ પૂજાનું ગ્રહણ કરે છે તેથી વૈકુંટાદિમાં તે જ પ્રકારે પૂજા થાય છે, આથી સર્વની પણ પૂજાને ગ્રહવાને બ્રહ્માએ ભગવાન્‌ની પ્રાર્થના કરી, 'વિશ્વગુપ્તયે'પદે બ્રહ્માની તાદૃશી પ્રાર્થનામાં મુખ્ય પ્રયોજન 'વિશ્વ'ની રક્ષા જ છે એમ સૂચિત કર્યું.

**सख उदेयिवान् सात्वतां कुले।**

આ પ્રકારે 'અન્તરાત્મા' હોવાથી આપ સર્વ જ જીવના 'સખા' છો, અને તેવા સર્વ જ જીવના 'સખા'-આપ લોકમાં સખ્ય પ્રકટ કરવાને 'સાત્વતોના' અર્થાદ્ યાદવોના વા વૈષ્ણવોના કુલમાં 'ઉદિત'- પ્રાદુર્ભૂત- થયા છો તેથી એતદર્થ- સખ્યપ્રકટનાર્થ-જ ભગવાન્‌નો અત્ર પ્રાદુર્ભાવ થયો છે, 'સખા'પદનું તાત્પર્યાન્તર પણ છે, આપ પૂર્વે-આવિર્ભાવથી પૂર્વે-પણ 'સખા' જ હતા, 'सुपर्णावितौ सयुजौ सखायौ'શ્રુતિમાં 'અન્તરાત્મા' તો જીવના 'સખા' છે એમ પ્રસિદ્ધ જ છે, તેથી આપ 'સખા' યથેચ્છ જ પ્રેરો છો, અર્થાત્ સ્વરમણેચ્છાનુરૂપ જ આપઆપણને પ્રેરે છે અને તેથી જ આપણે તો નાયિકાભાવ જ નિત્ય સાર્વદિક છે, એવા **શ્રુતિસિદ્ધ સખાનું આગમન સ્વસમર્પણાર્થે જ છે તેથી આપે તે જ કરવું ઉચિત છે** એ આશયે 'આગતસ્ય' ઇત્યાદિએ કથે છે કે આગતને તો વિશેષ પણ વક્તવ્ય છે, અને ત વિશેષ આત્મનિવેદનરૂપ છે, અથાદ્ આત્મા જે ભગવત્સ્વરૂપાનન્દ તેનું નિવેદન અર્થાદ્ ભક્તોને અનુભાવન તદ્રૂપ તે વિશેષ છે તેથી સ્વરૂપાનન્દનું નિવેદન કરીને ભક્તોને અનુભાવન કરાવો એ જ વિશેષ જે અમારે આપને-**સખાને**- વક્તવ્ય છે તે વિશેષ પણ તિરોહિત પ્રભુ પ્રતિ નહિ પરન્તુ આગત પ્રભુ પ્રતિ જ, અમે તિરોહિત 'સખા'ને વિજ્ઞાપના પણ શી કરીએ ? આપે જ યથોચિત જ કરી લેવું. (૪.)

॥ 'न खलु गोपिकानन्दनः 'શ્લોકમાં 'भगवतो नन्दसूनुत्वे' इत्यादिविषयक स्वतन्त्र ॥

**स्वतन्त्र**—અત્ર આ આશય છે, અત્ર પદ્યમાં ગુણાતીતભાવા સ્વામિનીઓનું કથન છે, અને તે ગુણાતીતભાવ 'મન્નિષ્ઠં નિર્ગુણં સ્મૃતં' વાક્યથી 'કેવલભગવત્સ્વરૂપ' જ કથાય છે, તે ગુણાતીત ભાવ સતે તો વસ્તુતઃ યાદૃશ ભગવત્સ્વરૂપ છે તાદૃશ જ ભાવવિષયત્વે ભાસે છે, નહિ કે નિજભાવાધીન જેનો આવિર્ભાવ છે તેવું તે જ અવસરે તે પ્રકારે આવિર્ભૂત સ્વરૂપ ભાસે છે, અને તેથી 'ન ખલુ ગોપિકાનન્દનઃ' એમ નિષેધાર્થ અનુવાદમાં પણ સ્વામિનીતાત્પર્યવિષયતાએ તે પદે 'નન્દસૂનુઃ' જ વાચ્ય છે, કારણ કે ભગવાન્‌માં સ્વતો'ગોપિકાનન્દન'ત્વ હોવાથી લીલાર્થ આવિર્ભાવાવસરે શ્રીનન્દમાં જ પુત્રત્વબુદ્ધિ ઉત્પાદિતા કરી હતી, અને તેથી જ તથાબુદ્ધિએ જન્મોત્સવકરણ પણ 'स्वपुत्रस्योदयाय च' વાક્યથી કથ્યું, આથી જ 'नन्दस्त्वात्मज उत्पन्ने' એમ ભગવત્કૃત્યનુવાદક શુકવાક્ય પણ છે, સ્વજ્ઞાનાનુસારે અનુવાદ થતાં તો શુકનું ભગવલ્લીલાવક્તૃત્વ ન રહે કારણ કે સ્વજ્ઞાનાનુસારે અનુવાદ થતાં તો ભગવત્કૃતલીલોપયોગિપુત્રત્વબુદ્ધિનો અનુવાદ ન થાય, પરન્તુ પ્રભુમાં યશોદાપુત્રત્વ તો સ્વામિનીભાવવિષયત્વે છે કારણ કે 'गोप्यश्चाकर्ण्य मुदिता यशोदायाः सुतोद्भवम्' વાક્યે શ્રીસ્વામિનીના તથાવિધ ભગવદ્ભાવનું નિરૂપણ છે, વસુ દ્રોણને દત્ત આત્મભૂવરદાનના સાર્થક્યાર્થે અને અલૌકિકરીતિએ જ અવતારની સમ્પત્તિજ્ઞાપનાર્થે નન્દસૂનુત્વ તો ભગવાને સ્વયં જ પ્રકટ કર્યું છે, અન્યથા માતૃચરણમાંથી પુત્રત્વે જન્મ થતાં લૌકિકી જ રીતિ થઈ જાય, તેથી જ "नन्दस्त्वात्मज उत्पन्ने" ગ્રન્થસન્દર્ભમાં 'पितुःपुत्रः 'પુત્ર પિતાનો' તેથી પિતાએ-શ્રીનન્દે-જાતકર્મ કરાવ્યું એમ વાક્યસમ્બન્ધ છે' એ પ્રકારે શ્રીમદાચાર્યચરણે આજ્ઞા કરી, અલૌકિક હોવાથી ભગવાન્ પુરુષોત્તમમાં લૌકિકી રીતિએ તો જન્મ સમ્ભવતું જ નથી, કારણ કે તાદૃશ અલૌકિકમાં તો પ્રાકટ્ય જ 'જન્મ'શબ્દવાચ્ય છે, તેથી જ 'नित्यापरिच्छिन्नतनौ प्राकट्यं चेति सा त्रिधा' એમ કારિકા કથાઈ. આથી શ્રીયશોદાજીમાં માયાવેષ્ટિત જ ભગવત્સ્વરૂપની સ્થિતિ અને તેથી માયાનું જ શ્રીયશોદાજીમાંથી સાક્ષાદ્ જન્મ, ભગવાન્ તો માયાએ આવૃતજ રહ્યા અને માયાગમનપર્યન્ત તેમ જ સ્થિતિ

કરી,તેથી જનનસમયે શ્રીયશોદાજીને સુતત્વબુદ્ધિ ન થઈ, અનાવૃત પ્રાકટ્ય તો પશ્ચાદ્–આવરકમાયાના ગમનોત્તર–થયું, તેથી પુત્રત્વ શ્રીનન્દના ભાવવિષયત્વે જ,અન્યથા જેમ શ્રીનન્દની 'આત્મજ'બુદ્ધિ કથી તેમ શ્રીમાતૃચરણની પણ 'આત્મજ'બુદ્ધિ કથાત, પરન્તુ તત્ર માતૃચરણમાં તો કેવલ સામાન્યતઃ જ જનનજ્ઞાન થયું એમ નિશ્ચિત થાય છે, 'जातं परमबुध्यत' વાકયથી ભગવદ્વિષયક જનનજ્ઞાન શ્રીયશોદાજીને ન થયું, અન્યથા સાક્ષાદ્ ભગવાન્ આવિર્ભૂત સતે અને ભગવદ્ભાવ પણ સતે નિદ્રારૂપ કેમ ઘટે ? શ્રીદેવકીજીમાં તો પ્રદ્યુમ્નાંશે પણ પુત્રત્વ છે પરન્તુ માયાવરણે શ્રીયશોદાજીમાં તો તેમ પણ નથી,કારણ કે અત્ર તો વ્યૂહોનું પ્રાકટ્ય જ નથી તેમ જ અંશકાર્ય વંશસમ્બન્ધ પણ અત્ર ચિકીર્ષિત નથી, અને આથી જ વિવૃતિમાં ' પુરુષોત્તમ તો નન્દગૃહમાં જ માયાએ સહ પ્રકટ થયા ' એમ જ શ્રીપ્રભુચરણે આજ્ઞા કરી, જનન માયાપર્યવસાયિ જ છે એમ જણાવવાને જ માયાના સહભાવનું કથન કર્યું, તેથી જ 'निरीक्ष्यमाणेजननी ह्यतिष्ठताम्' શ્લોકમાં નઞ્‌ના પ્રશ્લેષે વ્યાખ્યાન કર્યું, અને " नन्दः स्वपुत्रमादाय" શ્લોકથી શ્રીનન્દમાં તો ભગવાનૂમાંથી જ તાદૃશ ભાવનો ઉદય કથ્યો એમ નિશ્ચિત થાય છે, તત્ર પણ 'સ્વ'પદે સ્વસમ્બન્ધમાં જ ભાવ–તાત્પર્ય–છે તેથી યશોદાસમ્બન્ધ નથી એમ નિરૂપણ થયું, ત્યારે ' तन्मातरौ निजसुतौ 'શ્લોકમાં માતૃચરણમાં સ્વસુતત્વભાવનો અનુવાદ કયે પ્રકારે ઉપપન્ન ?' એમ જો શઙ્કા થતી હોય તો સમાધાન આ પ્રકારે છે, તે અનુવાદ તો ઉપપન્ન જ છે, કારણ કે તત્ર તે જ અવસરે ભગવાને બાલલીલાએ નિરોધાર્થમાત્ર પુત્રભાવકેવલ ઉત્પન્ન જ કર્યો હતો, જો શ્રીયશોદામાં પુત્રભાવ શ્રીનન્દવત્ સાર્વદિક જ હોય અને ઉત્પન્ન ન હોય તો અગ્રે દુઃખજનકકૃતિરૂપ બન્ધન માતૃચરણ ન કરે, કારણ કે પુત્રમાં જનની એમ કરતી જ નથી, ' ત્યારે જ પુત્રભાવ ઉત્પાદિતમાત્ર હોય તો ' स्वार्भकस्य कृतागसः ' એમ શુકોક્તિ ન ઘટે' એમ જો શઙ્કા થતી હોય તો તે શઙ્કાનો પણ અવકાશ નથી કારણ કે કેવલ ત્યારે જ ભગવાન્‌માં માતૃચરણને પુત્રબુદ્ધિ હતી એ પ્રકારે કથીને માતૃચરણની સાર્વદિક અન્યથાબુદ્ધિના નિરૂપણાર્થ જ તેમ કથન કર્યું, અન્યથા અગ્રે ભગવાન્‌માં પુત્રાભાવબોધકતાત્વે દામાપરિચ્છેદ્યત્વ ઇત્યાદિ બ્રહ્મધર્મ શુક ન વદે, અને એથી જ દામબન્ધનાનન્તર ભગવાન્‌ને વિષે યશોદાની 'સ્નેહકલા નિવૃત્તા થઈ' એમ શ્રીમદાચાર્યચરણે નિરૂપણ કર્યું, પૂર્વે પણ જનનાભાવે પૂર્ણ સહજ સ્નેહ ન જ હતો તેથી 'કલા'ત્વ કથ્યું, તે 'સ્નેહકલા' પણ બાલલીલાએ નિરોધમાત્રાર્થ ભગવાને કેવલ ઉત્પાદિતા જ, અને તેથી સાધારણ નિરોધ સિદ્ધ થયે પ્રયોજન ન રહેતાં તે સ્નેહકલાનું નિવર્તન પણ કથ્યું, ' शृण्वन्त्यश्रूण्यवास्राक्षीत '-શ્લોકમાં ' गुणानां माहात्म्यम् ' એમ શ્રીમદાચાર્યચરણે સમાધાન કથ્યું જ છે,અન્યથા–સ્નેહ જો સહજ હોય તો–સહજ સ્નેહની નિવૃત્તિ કેમ થાય ? સહજ સ્નેહની તો નિવૃત્તિ ન થતાં શ્રીસ્વામિનીવદ્ વ્યસનભાવ જ ઉદિત થાય, મુખ્યરસલીલાકૃતિમાં જ તે સહજ ભાવ સમ્પન્ન થાય છે એમ ભાવ છે, તથી શ્રીયશોદાનો પુત્રભાવ લીલાએ આગન્તુકમાત્ર છે અને શ્રીનન્દમાં તો પ્રાદુર્ભાવરસોત્પન્નત્વે સ્થાયિભાવ હોવાથી પુત્રભાવ સહજ જ છે, આથી જ ' अहं ममासौ पतिरेष मे सुतः'શ્લોકમાં શ્રીનન્દે શ્રીયશોદાજીની સુતત્વબુદ્ધિને 'કુમતિ'ત્વે ગણી, અત્ર પરિચાયક તો ' विलोक्य नन्दः प्रहसद्वदनो विमुमोच ह' વાક્યથી તત્ર બન્ધનનું મોચન છે, આથી જ અગ્રે શ્રીમદુદ્ધવ પ્રતિ શ્રીનન્દનાં ' स्मरतां कृष्णवीर्याणि ' ઇત્યાદિ સ્વવ્યસનભાવબોધક વચનો છે, સર્વજ્ઞ ગર્ગે પણ ' तस्मान्नन्दात्मजोयं ते " એમ નિઃસંશય કથન કર્યું, ' अयं हि रोहिणीपुत्रः'શ્લોકમાં નિશ્ચયવાચક 'હિ' અવ્યયના કથને ભગવદ્‌વૃત્તિયશોદાપુત્રત્વમાં તો સન્દેહ જ કથ્યો, કારણ કે લીલાએપુત્રત્વદર્શનથી અને સ્વસર્વજ્ઞતાએ માયાવૃતપ્રાદુર્ભાવના સ્ફુટીકરણથી સંશયોત્પત્તિ છે, આથી જ 'રૌહિણેય'વદ્ 'યાશોદેય' એમ માતૃસમ્બન્ધે નામ પણ નથી, કારણ કે ગર્ગે તાદૃશ નામ પ્રકટ જ કર્યું નથી, 'નન્દાત્મજ' નામ તો 'तस्मान्नन्दात्मजः' વાક્યથી છે જ, દેવકીસુતત્વવત્ સ્વામિનીભાવવિષયત્વે તો યશોદાસુતત્વ યુક્ત જ છે કારણ કે 'देवकीजठरभूः'વત્ ' तव सुतः ' એમ પણ શ્રીગોપીજનનું જ કથન છે, એથી જ ' गोप्यश्चाकर्ण्य मुदिता यशोदायाः सुतोद्भवम् ' વાક્યમાં શુકે પણ તદ્ભાવવિષયત્વે જ ભગવાન્‌માં યશોદાસુતત્વ કથ્યું, તેથી વસ્તુતઃ ભગવાન્ નન્દસૂનુ જ છે એમ નિર્ગુણભાવાપન્ન શ્રીસ્વામિનીનું તાત્પર્ય છે, 'ગોપિકાનન્દનત્વોક્તિ' તો શ્રવણકર્ત્રીનો ભાવ તે પ્રકારનો છે તેથી તેમના ભાવને

લઈને તેમના પ્રતિ નિર્બન્ધાર્થે તે પ્રકારે અનુવાદાર્થ જ એમ શ્રીસ્વામિનીતાત્પર્યને લઈને વિવૃતિમાં શ્રીમદાચાર્યચરણે ' भगवत: नन्दसूनुत्वे ' એમ આજ્ઞા કરી, તેથી એતત્તાત્પર્યવિત્ તદીયોએ અત્ર નિઃસંશય જ રહેવું ઇતિ દિક્.

> પ્રસીદજો નિજાચાર્ય સ્વસમ્બન્ધિકૃપાલુ જે ।
> છું સ્વકીય તથા દાસ, હું તો નિસ્સાધન સ્વતઃ ॥ ૧ ॥ (૪)

**आभास**—અન્યા તો સાત્ત્વિકસાત્ત્વિકી છે રાજસપ્રધાનાથી વિશિષ્ટા છે તેથી 'ભગવાન્ અપ્રાર્થિતનું તો દાન કરશે નહિ-સ્વરૂપકીર્તનમાત્રે મોક્ષમાં પણ અપ્રાર્થિત રસાત્મક સમ્બન્ધનું દાન કરશે નહિ'-એમ માનીને विरचिताभयं શ્લોકે ભગવત્કરનો નિજ શિરઃસમ્બન્ધ પ્રાર્થે છે.

**श्लोक—विरचिताभयं वृष्णिधुर्य ते शरणमीयुषां संसृतेर्भयात् ।**
**करसरोरुहं कान्त कामदं शिरसि धेहि नः श्रीकरग्रहम् ॥ ५ ॥**

**श्रीमद्भागवताक्षरार्थ—**હે વૃષ્ણિધુર્ય કાન્ત ! સંસૃતિના ભયથી શરણે ગયલાને વિરચિતાભય અને કામદ આપનો કરસરોરુહ શ્રીકરગ્રહ અમારે શિરે ધરો. (૫.)

**व्याख्यान**--હે સ્વામિન્, હૃદય સ્ફુટે છે, તેથી જે પ્રકારે સર્વ અઙ્ગોમાં આપ્યાયન થાય તે પ્રકારે અમારા શિર ઉપરિ આપનું શ્રીહસ્તકમલ ધરો, શિરસિ હસ્તસ્થાપનનું આ તાત્પર્ય છે, હૃદયકમલ સ્વસ્થ હોય ત્યારે તે આપ્યાયનજનક હોય છે, અને તે હૃદય તો સમ્પ્રતિ સ્ફુટે છે તેથી તત્ર આપ્યાયન નથી અને તેથી આપ્યાયનકાર્યાર્થે શ્રીહસ્તકમલને આપ અમારા શિર ઉપર ધરો, આપનું શ્રીહસ્તકમલ જ આપ્યાયક છે, કારણ કે તે કમલ છે, કમલ શીતલ હોવાથી આપ્યાયક હોય છે, તત્ર પણ યથાકથઞ્ચિત્ જલસેચને સંવર્ધિત નહિ પરન્તુ સરમાં જ ઉત્પન્ન કમલ તો શીતલ જ હોય છે, તત્ર પણ સરઃસ્થાન અને સરસિજસ્થાન ઉભયે પણ આપનો 'શ્રીકર' જ છે, તેથી ઉદ્ધારણાદિએ કમલાન્તરમાંથી રસાલતા જેમ જતી રહે છે તેમ રસાલતાનો અપગમ પણ આપના 'કરસરોરુહ'માંથી થતો નથી, કારણ કે શ્રીહસ્ત 'સરોરુહ' છે અને સરોરૂપ પણ છે. 'સરોરુહ'પદે કરસ્થાપનનું તાપહરણરૂપ પ્રયોજન કથ્યું, 'કાન્ત'પદ સમ્બોધન છે, અને તે સમ્બોધને પ્રથમતઃ શિર ઉપરિ શ્રીહસ્તસ્થાપને સ્વાધીનીકરણ ઘોત્યું, 'સરોરુહ'પદનું પ્રયોજનાન્તર પણ છે, કિઞ્ચ શ્રીહસ્ત કેવલ તાપને જ દૂર કરતો નથી પરન્તુ તે તો 'કામદ' પણ છે, અર્થાદ્ અભિલષિત કામનું પણ દાન શ્રીહસ્ત કરે છે, તેથી તાપનિવારણમાત્રાર્થ જ નહિ પરન્તુ અભિલષિતકામદાનાર્થ પણ આપે શ્રીહસ્તસ્થાપન કર્તવ્ય છે, 'ભગવાન્ પુરુષોત્તમ તો યોગિધ્યેય છે, તે સ્ત્રીઓનો સ્પર્શ કેમ કરશે ?' એ આશઙ્કાનો પરિહાર 'શ્રીકરગ્રહ'પદે કરે છે કે શ્રીના-લક્ષ્મીના-કરનો ગ્રહ ગ્રહણ-જેણે એવું 'શ્રીકરગ્રહ' આપનું 'કરસરોરુહ' છે અને તેથી ભગવાન્ ગૃહસ્થ છે, ગૃહસ્થ ભગવાન્ જ્યારે લક્ષ્મીના હસ્તને ગ્રહે છે ત્યારે અમારા શિરોમાત્રગ્રહણમાં તેમને શું થઈ જાય છે ?

(*Margin:* **करसरोरुहं / कान्त कामदं / शिरसि धेहि नः / श्रीकरग्रहम् ।**)

'લક્ષ્મી તો વિવાહિતા છે અને વિધિવશાત્ તેનું હસ્તગ્રહણ પ્રાપ્ત થઈગયું છે પરન્તુ આપના શિરોગ્રહણમાં શો હેતુ ?" એ આશઙ્કાનો પરિહાર शरणमीयुषां संसृतेर्भयाद् विरचिताभयं પદે કથે છે કે જેમ વિવાહમાં વિધિ છે તેમ શરણાગતના પાલનમાં પણ વિધિ છે એટલું જ નહિ પરન્તુ **વિવાહની અપેક્ષાએ શરણાગતરક્ષા મહતી છે,** કારણ કે વિવાહ તો સાધારણ ધર્મ છે અને આ શરણાગતનું પાલન તો ઈશ્વરધર્મ છે, 'પરન્તુ આ પ્રકાર નિષિદ્ધ છે તેથી પાલન પણ કેમ કરવું ?' એમ આશઙ્કીને "વૃષ્ણિધુર્ય"પદે પરિહરે છે કે યદુવંશોદ્ભવ બહુસ્ત્રીક બહુવંશકર્તા વૃષ્ણિનામે રાજા થઈ ગયા તે જ વૃષ્ણિના વંશમાં પણ આપ ધુર્ય-શ્રેષ્ઠ-છો, તત્રાપિ અમે-સ્ત્રીઓ તો સંસારભયમાત્રથી સમાગતા છીએ તેથી આપે સર્વથા જ પાલનીયા છીએ, 'પરન્તુ આપને જ્યારે સંસાર જ નથી ત્યારે સંસારભય કયાંથી હોય અને તેથી "संसृतेभर्यात्" કથન તો અપ્રયોજક છે' એમ આશઙ્કા થાય તો તેનો પરિહાર આ પ્રકારે છે, સંસાર કાંઇ સ્વભાવતઃ

(*Margin:* **विरचिताभयं / वृष्णिधुर्य ते / शरणमीयुषां / संसृतेर्भयात् ।**)

દુષ્ટ નથી પરન્તુ અસહ્ય દુઃખનો હેતુ હોવાથી જ દુષ્ટ છે, આપના વિરહમાં અમને અસહ્ય દુઃખ થાય છે, અને તેથી અસહ્યદુઃખહેતુરૂપ સંસારથી ભય અર્થાદ્ મહદ્ દુઃખ અમને પણ પ્રાપ્ત થયું છે જે ભયના દૃષ્ટાદૃષ્ટદ્વારા નિવર્તક પણ આપ જ છો, અર્થાદ્ ભવદીય દુઃખહેતુનિવર્તન-સ્વભાવથી અમારો પણ દુઃખહેતુ સંસાર આપે જ નિવર્તનીય છે, આ સંસારનિવર્તકત્વકથને અથવા અન્યના અભયસમ્પાદનકથને નિર્ભયતા પણ સૂચિતા કરી, અર્થાદ્ આ પ્રાર્થનાએ દુઃખનિવૃત્તિ જ પ્રાર્થી, આ સૂચિતા નિર્ભયતાથી-અન્યને અભયસમ્પાદનથી અને તેણે કરીને અમારા પણ અભયસૂચનથી–'કાન્ત'સમ્બોધનથી આપ જ ભર્તા છો, 'स वै पतिः स्यात्'શ્લોકોક્ત પતિત્વ આપમાં જ સિદ્ધ થયું છે, આપ અકુતોભય શાસ્ત્રસિદ્ધ ભર્તા છો, તેથી સ્ત્રીઓ પ્રતિ આપનું વ્રત અનુસ્મરતા સતા આપ વાઞ્છિત કરો, **સ્ત્રીઓ પાલનીયા જ છે એ પ્રકારનું આપનું સ્ત્રીસમ્બન્ધિ જે નિયત વ્રત છે તેને અનુસ્મરો અને અમારો મનોરથ પૂર્ણ કરો, આશા પૂરો. (૫.)**

**आभास**—તતઃ તામસી કિઞ્ચિદ્દેલક્ષણ્યે ધાર્ષ્ટ્યે તેજ અર્થને 'व्रजजनार्तिहन्' શ્લોકે પ્રાર્થે છે.

**श्लोक—व्रजजनार्तिहन् वीर योषितां निजजनस्मयध्वंसनस्मित।**
**भज सखे भवत्किङ्करीः स्म नो जलरुहाननं चारु दर्शय ॥६॥**

**श्रीमद्भागवताक्षरार्थ—વ્રજજનાર્તિહન્! યોષિતોના વીર! નિજજન-સ્મયધ્વંસનસ્મિત! સખે! અમને આપની કિઙ્કરીઓને ભજો, મનોહર જલરુહાનનનાં દર્શન કરાવો. (૬.)**

**व्याख्यान**—કે ભગવન્, કેમ કથન કરવું તે જ્ઞાન પણ આ શ્રીગોપીજનને નથી, હું તો નિર્ધારિત કથું છું, 'હે સખે'સમ્બોધન અપ્રતારણાર્થ છે, હું કોઇ પણ પ્રકારે આપના પ્રતારણા કર્યા વિના નિર્ધારિત જ કથું છું કે '**આપ અમને ભજો**,' એટલો 'હિતોપદેશ' મારે આપને કર્તવ્ય પ્રાપ્ત થયો કારણ કે શું કથવું અને કેમ કથવું એટલું પણ કથનજ્ઞાન આમાંથી કોઇ પણ શ્રીગોપીજનને નથી. 'એમ ધાર્ષ્ટ્ય અને નિષિદ્ધ કેમ ઉપદિશે છે?' એમ આશઙ્કા થાય તો "ભવત્કિઙ્કરીઃ" પદે પરિહરે છે કે 'ये यथा मां प्रपद्यन्ते' એમ આપની પ્રતિજ્ઞા છે, તેથી જે પ્રકારે **અમે કિઙ્કરીઓ–દાસીઓ–દાસ્યભાવે આપને ભજીએ છીએ તે જ પ્રકારે આપ પણ અમારું ભજન કરો**, અમારું કિઙ્કરીત્વ અને આપની પ્રતિજ્ઞા ઉભયે પણ પ્રસિદ્ધ જ છે એમ "સ્મ" પદે કથે છે.

**भज सखे भवत्किङ्करीः स्म नः।**

આપે કર્તવ્ય અસ્મદ્ભજનમાં કેવલ આપની તે જ પ્રતિજ્ઞા એક હેતુ નથી પરન્તુ અન્ય પણ હેતુઓ છે, પ્રથમ તો અવતારપ્રયોજન જ અસ્મદ્ભજનમાં હેતુ છે એમ "વ્રજજનાર્તિહન્" પદે કથે છે, વ્રજજનની આર્તિને હનો છો, તેથી આપ 'વ્રજજનાર્તિહન્' છો, અને આથી અધિકા અન્યા આર્તિ જ વ્રજજનને નથી, આ પ્રકારે "વ્રજજનાર્તિહન્"પદે ભગવદવતારનું સામાન્ય પ્રયોજન કથીને 'ભગવાને કર્તવ્ય શ્રીગોપીજનભજન' સાધ્યું, હવે "યોષિતાં વીર"સમ્બોધને અવતારનું વિશેષ પ્રયોજન પણ કથીને આપે અમારું ભજન કર્તવ્ય છે એમ શ્રીગોપીજન સિદ્ધ કરે છે, આપ સદાનન્દ કૃષ્ણ છો, આપ ભગવાન્ ઐશ્વર્યાદિસમ્પન્ન–કૃષ્ણ–સદાનન્દ–છો, આ પ્રકારે "યોષિતાં વીર"પદનો સમુદાયાર્થ સઙ્ક્ષેપે કથ્યો, આપ 'યોષિત્‌ના વીર' અર્થાત્ સ્ત્રીજનના સ્વાનન્દદાતા છો, એવા સ્વાનન્દદાતા વીર આપ જ છો કારણ કે કૃષ્ણ છો ભગવાન્ છો, વીરોએ–દાનવીરોએ–શૂર–અન્યગત કામાદિ–નિરાકરણીય છે એ યુક્ત છે, "યોષિતાં વીર" સમ્બોધનનું આ સ્વારસ્ય છે, દાનવીર અન્યની અભિલાષાને બહુ દાને પૂર્ણા કરે છે, તત્ર શૂરમાં પણ કામ મુખ્ય છે, અન્નાદિકામાપેક્ષાએ પણ કામશાસ્ત્રસિદ્ધ કામ મુખ્ય છે અને તાદૃશ કામ પણ બહુવિધ છે તેથી દાનવીરે સ્વરૂપાનન્દરૂપ પૂર્ણ પદાર્થે બાહ્યાભ્યન્તર પૂરીને કામને પુનઃ અત્ર આશ્રય–નિવાસસ્થલ–જ પ્રાપ્ત ન થાય એ પ્રકારે આશ્રયાભાવથી કામ નિવારણીય છે, અને તેથી જ લોકમાં વીરની પણ અપેક્ષાએ દાતા અધિકકીર્તિમાન્ થાય છે, વીરાન્તરથી પણ દાનવીરની કીર્તિ અધિકા થાય છે,

**व्रजजनार्तिहन् वीर योषिताम्।**

વીર તો મારણીયને સ્વરૂપતઃ મારે છે અને દાતા તો સમૃદ્ધિએ દીનના ગૃહને પૂરીને દારિદ્ર્યને એ પ્રકારે દૂર કરે છે કે તે દીનના ગેહમાં લક્ષ્મીની પૂર્તિએ દારિદ્ર્યને અવકાશ જ પ્રાપ્ત થતો નથી તેથી દારિદ્ર્ય જ અપસરે છે એમ અત્ર હાર્દ છે, અને આપ તો દાનવીર છો તેથી મહા'વીર' છો, બ્રહ્માએ પણ પૂરવાને અશક્ય એવા અતિઃરિદ્રોની પણ ઇચ્છાને અન્તઃસ્થિત આનન્દે આપ પૂરો છો અને આ આપનો અર્થ સર્વજનીન અર્થાત્ સર્વત્ર પ્રસિદ્ધ છે, અત્ર પણ "સ્મ"પદ યોજવાથી આપ જ એમ "યોષિતાં વીર"ત્વે પ્રસિદ્ધિએ સમ્બોધાયો છો, જગત્માં કૃષ્ણથી અન્ય કોઇ પણ "યોષિતાં વીર" સમ્બોધનને યોગ્ય જ નથી કારણ કે તે તો સર્વ જ અપૂર્ણકામ છે, તેમના જ કામ પૂર્ણ ન થયા હોય તો તે 'યોષિતાં વીર' ક્યાંથી હોય? કેવલ આપ જ 'યોષિતાં વીર' છો એ તો પ્રસિદ્ધ જ છે, તેથી અવતારના સામાન્ય વ્રજજનાર્તિહનન–અને વિશેષ–યોષિતાં વીરત્વ–એમ ઉભયે પ્રયોજને આપ અમને ભજો.

'સત્ય છે, તથાપિ આપના અભિમાનદોષનિવૃત્ત્યર્થ'–અમે સર્વથી અધિકા છીએ એમ અભિમાનરૂપ સ્મયદોષની નિવૃત્તિને અર્થે–મેં આપનું ભજન કરાતું નથી' એમ વક્તવ્ય હોય તો તત્ર પણ 'નિજજનસ્મયધ્વંસનસ્મિત" સમ્બોધને તે વક્તવ્યને પણ પરિહરે છે કે 'નિજજન'ના અર્થાત્ સેવકના 'સ્મય'રૂપ ગર્વના 'ધ્વંસ'ને અર્થે છે 'સ્મિત' જેમનું એવા 'નિજજનસ્મયધ્વંસનસ્મિત' આપ છો, નિજજનના સ્મયદૂરીકરણાર્થ તેમનો પરિત્યાગ કાંઇ ઉપાય જ નથી પરન્તુ તદર્થ આપે કેવલ સ્મિત જ કર્તવ્ય છે, 'સ્મિત' પદ મન્દહાસનું વાચક છે, 'हासो जनोन्मादकरी च माया' શ્લોકમાં હાસ જનોન્માદકરી માયા છે એમ કથન છે, અને જનોન્માદકર માયાત્મક 'હાસ'નું પણ 'મન્દ'ત્વ એ જ કે તેવી માયા વા હાસ ભક્તો પ્રતિ પ્રવર્તે નહિ, ભક્તો પ્રતિ જનોન્માદકરી માયા પ્રવર્તી શકે નહિ એ જ આપના હાસનું મન્દત્વ, અર્થાદ્ હાસ–માયામોહ–વિના કોઇને પણ 'સ્મય' થતો જ નથી, અને તેથી જ અમારા સ્મયદોષની નિવૃત્ત્યર્થ પણ સાધનત્વે તો આપના માયાત્મક હાસ્યનો સઙ્કોચ જ આપે કર્તવ્ય છે, આપ હાસ્યસઙ્કોચે મન્દહાસ 'સ્મિત'માત્ર કરો તેટલામાત્રથી જ અમારો 'સ્મય ધ્વસ્ત' થઈ જાય એમ છે, કિઞ્ચ નિજજનનો પણ અમુક ધર્મ જ દુષ્ટ છે કાંઇ ધર્મી નિજજન જ સ્વયં તો દુષ્ટ નથી, અને અત્ર તે દોષ પણ રસપ્રતિબન્ધકતા જ છે, અને રસપ્રતિબન્ધકતાએ યુક્ત જ અસ્મત્સ્મયમાત્ર દુષ્ટ છે, અમે સ્વતઃ ધર્મિત્વે જ કાંઇ દુષ્ટ નથી, અન્યથા 'નિજજન'ત્વ જ ઘટે નહિ, અમે ધર્મી તો આપના 'નિજજન' છીએ તેથી અદુષ્ટા જ છીએ અસ્મત્સ્થ કેવલ 'સ્મય'ધર્મ જ દુષ્ટ છે, અને તે 'સ્મય'ના પણ 'ધ્વંસ'નો અલૌકિક ઉપાય તો આપનું 'સ્મિત' જ છે, અર્થાદ્ અમારા લૌકિક 'સ્મય'ધર્મના ધ્વંસાર્થ પણ આપે તો 'સ્મિત'રૂપ અલૌકિક જ ઉપાય કર્તવ્ય છે, આપના હાસ્યે તો અમે પણ આપનાં તુલ્યા–સમા–છીએ એમ માની લઈએ છીએ તેથી જ્યારે પણ આપ હાસ્યમાં સઙ્કોચ કરશો તે જ ક્ષણે અમારો 'સ્મય' નિવૃત્ત થઈ જશે, કિઞ્ચ સ્મય–અભિમાન–પણ રસપ્રાપ્તિમાં પ્રતિબન્ધકત્વે જ દોષ છે અને તે દોષ પણ તત્રપર્યન્ત જ સ્થિતિ કરે છે કે યત્રપર્યન્ત આપના 'સ્મિત'યુક્ત શ્રીમુખનાં દર્શન થતાં નથી, એવી કોઇ પણ સ્ત્રી જ નથી કે જે આપનું તાદૃશ સ્મિતયુક્ત પણ શ્રીસુખનું દર્શન કરીને નિજ સ્મયને–અભિમાનને–પાલી શકે, આ પ્રકારે "નિજજનસ્મયધ્વંસનસ્મિત"પદનું અર્થત્રય શાસ્ત્રીયપ્રકારે લૌકિકપ્રકારે અને રસમાર્ગીયપ્રકારે–સ્વતન્ત્રસુખાત્મકભક્તિપ્રકારે–કથ્યું.

**निजजनस्मयध्वंसन-स्मित ।**

'પરન્તુ નિજજનસ્મયધ્વંસનું સ્મિતરૂપ સાધન લોકમાં અપ્રસિદ્ધ છે તેથી લોકમાં અપ્રસિદ્ધ તાદૃશ સાધનમાત્રે સ્મયધ્વંસનરૂપ કાર્ય સિદ્ધ થશે જ એમ કેમ જાણી શકાય?' એ આશઙ્કાને जलरुहाननं चारु दर्शय પદે પરિહરે છે કે 'જલરુહ' જે કમલ તેણે સદૃશ અમૃતસ્રાવિ–આનન્દસ્રાવિ–આપનું શ્રીમુખ છે, અમૃત પીતે સતે કોઇનો પણ દોષ રહે જ નહિ એ પ્રકારે યુક્તિ કથી, 'સ્મિત'ના અત્ર સાધનત્વમાં જો આપને સન્દેહ હોય તો એક જ વાર 'સ્મિત'યુક્ત શ્રીમુખનું પ્રદર્શન કરાવીને આપ સ્વતઃ જ દેખી લો કે 'તેથી 'સ્મય' ધ્વસ્ત થાય છે કે નહિ?' કિઞ્ચ અભિમાન તો મનનો એક ધર્મમાત્ર છે અને આપનું શ્રીમુખ તો 'ચારુ' અર્થાદ્ મનોહર છે, ધર્મિ મન હૃત સતે તે મનનો અભિમાનરૂપ 'સ્મય'ધર્મ રહી શકે જ નહિ, કિં બહુના? મિત્રે મિત્રનું ભજન કરવું યુક્ત જ છે. (૬.)

**जलरुहाननं चारु दर्शय ।**

**આભાસ**—રાજસી તો તેથી પણ ઉત્તમા હોવાથી તે જ અર્થને 'प्रणतदेहिनां' શ્લોકે પ્રકારાન્તરે પ્રાર્થે છે.

**श्लोक-प्रणतदेहिनां पापकर्षणं तृणचरानुगं श्रीनिकेतनम् ।**
**फणिफणार्पितं ते पदाम्बुजं कृणु कुचेषु नः कृन्द्धि हृच्छयम् ॥७॥**

**श्रीमद्भागवताक्षरार्थ**—આપનું-પ્રણતદેહીનું પાપકર્ષણ તૃણચરાનુગ શ્રીનિકેતન ફણિફણાર્પિત-પદામ્બુજને કુચોપરિ કરો અને અમારા કામને હિંસો. (૭.)

**व्याख्यान**—**આપનું પદામ્બુજ**-ચરણારવિન્દ-**અમારા કુચ વિષે** કરો અર્થાત્ સ્થાપો અત્ર "કૃણુષ્વ"ને સ્થાને 'ષ્વ'નો છાન્દસ લોપ કરીને 'કૃણુ' પ્રયોગ કર્યો છે,

**पदाम्बुजं कृणु कुचेषु नः** કુચ વિષે ચરણસ્થાપનનું પ્રયોજન कृन्द्धि हृच्छयम्‌પદે કથે છે કે હૃદયમાં ચોરવત્

**कृन्द्धि हृच्छयम्।** સ્થિત કામને હિંસો, અત્ર 'કુચેષુ'પદમાં બહુવચન સમુદાયાભિપ્રાયે છે, પરન્તુ "નઃ"પદ પણ બહુવચન છે જ અને તે પદે 'કુચ'નું પણ બહુત્વ ચરિતાર્થ થઈજ જાય છે તેથી અરુચિએ પક્ષાન્તર કથે છે કે વિરહે કુચને શ્રીગોપીજન સ્વથી ભિન્ન માને છે અને તેથી પણ "કુચેષુ" એમ બહુવચનપ્રયોગ વિકલ્પે ઘટે છે, અત્ર આ અભિસન્ધિ છે, સંયોગમાં તો ભગવદુપયોગિત્વ હોવાથી 'કુચ' સ્વીય છે એમ 'કુચ'માં સ્વત્વ શ્રીગોપીજન સ્વીકારે છે પરન્તુ વિરહમાં તે 'કુચ'નું ભગવદુપયોગિત્વ ન જણાવાથી શ્રીગોપીજન 'કુચ'ને સ્વથી ભિન્ન માને છે, કદાચિદ્ આપ અમારે વિષે ચરણારવિન્દને ન પણ સ્થાપો તથાપિ આ 'કુચ' તો વિરહે અમારાથી ભિન્ન છે અને તેઓ તો આપમાં જ આસક્ત છે તેથી વિરહે અમારાથી ભિન્ન-ભેદને પ્રાપ્ત-અને આપમાં આસક્ત 'કુચોના ઉપરિ' ચરણારવિન્દને સ્થાપો એમ અત્ર સ્વારસ્ય છે, અને તેથી "गणये कुचयो:"પદ્યમાં શ્રીમત્પ્રભુચરણે તદ્ભાવ ઉપવર્ણ્યો છે એમ શ્રીહરિરાયજી કથે છે, પઞ્ચમશ્લોકોક્ત શિરસિહસ્તદાને નિકટસમાનયન પ્રાર્થ્યું તતઃ ષષ્ઠશ્લોકોક્ત ભજને સમ્બન્ધ પ્રાર્થ્યો અને આ સપ્તમ શ્લોકે વિપરીતરસ વા નિર્યગ્ભેદ બન્ધવિશેષ પ્રાર્થાય છે કારણ કે "પદામ્બુજં"પદ એકવચન છે, તાવન્માત્ર જ ઉપાયે હૃદયસ્થિત કામ જતો રહેશે, સર્વત્ર મનોરથ તો સમાન જ દેખાય છે તેથી આ પક્ષ પણ 'કુચ'બહુત્વસાધક નથી એમ અરુચિએ પુનઃ પક્ષાન્તર કથે છે કે સ્ત્રીઓના સમૂહમાં લીલાશયનમાં પરિતઃ શ્રીગોપીજન સ્થિતિ કરે અને આપનું ચરણારવિન્દ મધ્યમાં સ્થિતિ કરે ત્યારે એક ચરણારવિન્દને બહુ 'કુચ'નો સમ્બન્ધ થઈ શકે એમ પણ 'કુચ'બહુત્વસાધક વિકલ્પ છે જ.

પરન્તુ આપનાં સ્તન કર્કશ છે અને મારું ચરણ તો કોમલ છે તેથી આપના કર્કશ-સ્તનોપરિ મારું કોમલ ચરણ કેમ સ્થપાય ?' એમ આશઙ્કા થાય તો

**फणिफणार्पितम्।** તેનો પરિહાર फणिफणार्पितम् પદે કરે છે કે અસ્મત્સ્તન કાલીયફણથી[1] તો ક્રૂર નથી તેથી તત્ર જે પ્રકારે ચરણસ્થાપન કરીને તદન્તર્ગત દોષ દૂર કર્યો તે પ્રકાર અત્ર પણ કર્તવ્ય છે, "अम्बुजं"પદે પ્રત્યક્ષતઃ તાપહારકત્વ કથ્યું, 'કાલીયનૃત્યમાં આ ચરણનું પ્રાકટ્ય નથી એમ વેણુગીતમાં પ્રતિપાદન થઈ ગયું છે તેથી અત્ર 'પદામ્બુજ'માં 'फणिफणार्पितम्' વિશેષણ કયે પ્રકારે સઙ્ગત થાય?' એ આશઙ્કાનો પરિહાર કરતાં 'इत्युन्मत्तवचो गोप्य:' એમ પૂર્વાધ્યાયમાં કથન હોવાથી તે કથન અત્ર પણ અનુસ્યૂત જ છે એમ માનીને સઙ્ગતિ કેટલાક વ્યાખ્યાતા સિદ્ધ કરે છે પરન્તુ તત્ર તો 'ઉન્મત્તવચનનો ઉપસંહાર કર્યો' એ પક્ષ પણ શ્રીસુબોધિનીજીમાં અઙ્ગીકૃત હોવાથી "ઉન્મત્તવચો ગોપ્યઃ" ઇત્યાદિ કથન 'અત્ર અનુસ્યૂત નહિ રહેવાથી પુનઃ અસઙ્ગતિદોષ તદવસ્થ જ રહ્યો' એમ આશઙ્કા થાય 'ત્યારે તો 'चेरुर्गोप्यो विचेतस:' એમ પૂર્વાધ્યાયના ઉપાન્ત્યમાં કથનથી અત્ર પણ તે-વિચેતસ્ત્વ-જ કથનનું અનુસીવન માનીને સઙ્ગતિ સાધવી એમ જણાય છે, વસ્તુતઃ તો જ્ઞાનપૂર્વક જ આ પ્રકારે કથન છે, અને પૂર્વવિરોધ પણ નથી કારણ કે તત્ર 'यथा' ઇત્યાદિ શ્રીસુબોધિનીજીમાં જ તે ચરણની દોષદૂરીકરણાર્થતા કથીને અગ્રે 'અમ્બુજ'પદના વ્યાખ્યાને ક્રમશઃ વામદક્ષિણ ઉભયવિધચરણસ્થાપન મૂલમાં વ્યક્ત કર્યું છે તેથી તદર્થ પ્રયાસાન્તર કર્તવ્ય નથી એમ સ્પષ્ટ જણાય છે' એમ અત્ર શ્રીપ્રકાશકાર આજ્ઞા કરે છે.

૧. 'કાલિય' અને 'કાલીય' ઉભયે પણ પ્રયોગ શુદ્ધ જ છે

'તથાપિ સ્ત્રીઓના વક્ષઃસ્થલના ઉપરિ ચરણસ્થાપન અયુક્ત છે' એ આશઙ્કાને શ્રીનિકેતનમ્‌પદે પરિહરે છે કે તે 'પદામ્બુજ' તો શ્રીનું-લક્ષ્મીનું-**નિકેતન-સ્થાન**-

**श्रीनिकेतनम्।**

છે, કિલ લક્ષ્મી તત્ર સ્પર્શ અર્હે છે ત્યારે અન્યામાં સન્દેહ શો? 'પરન્તુ લક્ષ્મી તો સ્પર્શાર્હા છે એ તો પ્રસિદ્ધ છે,' ત્યારે તે જ લક્ષ્મીના અંશભૂતા અન્યા પણ સ્પર્શ કરે તો તેમાં સન્દેહ શો? સર્વા જ સ્ત્રી લક્ષ્મ્યંશ છે અને લક્ષ્મી જ્યારે સ્પર્શયોગ્યા છે ત્યારે પછી લક્ષ્મ્યંશભૂતા અન્યાની યોગ્યતામાં સન્દેહ શો?

'લક્ષ્મી ચતુરા છે અને આપ તો મૂઢા છો, આપનું હિત મારે કયે પ્રકારે કરવું?' એ આશઙ્કાને तृणचरानुगम्‌પદે પરિહરે છે કે 'તૃણચર' જે મૂઢા ગો તેમની

**तृणचरानुगम्।**

પણ અનુ-પાછલ-તેમના જ હિતને અર્થે આપનું ચરણારવિન્દ જ્યારે ગમન કરે છે ત્યારે આપે પ્રેરિતા તેઓ તૃણને પરિત્યજીને અમૃતનું ભક્ષણ કરે છે શું? **જેમ તેમનું તો અમૃત તૃણ જ છે તેમ અમારે પણ અમૃત કામ જ છે,** એટલામાત્રથી પરમકૃપાલુનો તો કાંઈ પણ અર્થ ક્ષીણ થતો નથી.

'પરન્તુ આપમાં જિતેન્દ્રિયત્વાદિ નહિ હોવાથી **પાપ**-ઉદ્ધાર હાસે અધુના તો કામભાવ સમ્પાદિત હોવાથી ઇન્દ્રિયાવશત્વથી વિષયરીતિએ રમણેચ્છારૂપ **પાપ**-છે, તે 'પાપ'ના અપગમ થયે પશ્ચાદ્ હું આપનાં વક્ષઃસ્થલના ઉપરિ મારા ચરણારવિન્દને સ્થાપીશ' એ આશઙ્કાને प्रणतदेहिनां पापकर्षणम्‌પદે પરિહરે છે

**प्रणतदेहिनां पापकर्षणम्।**

કે તે કામભાવ 'પાપ' પણ ચરણે જ 'કર્ષાશે'-નિવૃત્ત થઈ જશે-અને સર્વાત્મભાવ પણ સિદ્ધ થશે, અમે 'પ્રકર્ષે' 'નમન' કરીએ છીએ, નમનાતિરિક્તપ્રકારાન્તરે પાપનિવૃત્તિ અમે કરી શકતાં નથી, કિન્તુ આપના ચરણારવિન્દના પ્રસાદથી જ નમ્રનું પાપમાત્ર જતું રહે છે, તત્રાપિ 'દેહીના પ્રકર્ષે નતત્વે' એમ કથન કર્યું તેથી **ધર્મમાર્ગાદિનો પણ પરિત્યાગ કથ્યો, ધર્મમાર્ગાદિને પણ પરિત્યજીને કેવલ ધર્મીને જ પ્રકર્ષે નમનમાત્રથી નમ્રનાં તો પાપમાત્ર દૂર થઈ જાય** છે, દેહાભિમાન વિદ્યમાન હોવાથી 'દેહી'ઓને-દેહાભિમાનીઓને-જ્ઞાનનો પણ પ્રસઙ્ગ નથી અને **'પ્રણત'ની તો અધોગતિ જ નથી, તેથી આપનું ચિન્તિત દૃષ્ટ સ્પૃષ્ટ વા આલિઙ્ગિત ચરણ જ તે 'પ્રણતો'નું તો 'પાપ'નાશક છે.** (૭.)

॥ '**प्रणतदेहिनां पापकर्षणम्**' ઇત્યાદિ ઉપર **સ્વતન્ત્ર** ॥

'પ્રણતમાં પાપ જ કયે પ્રકારે ઘટે?' એમ જો શઙ્કા થતી હોય તો તેમ નથી, લોકમાં સ્વધર્મમાહાત્મ્ય પ્રકટાવવાને સ્વધર્માવિર્ભાવ કરીને પણ-અધર્મે નહિ જ-દોષનો નાશ કરાવે છે કારણ કે પ્રભુ તથેચ્છાવાન્ છે અને એથી જ 'दुःसह'ઇત્યાદિથી આરમ્ભીને 'धुताशुभाः' પર્યન્ત પૂર્વે જ કથ્યું, ભોગ વિના પણ **પાપનાશ** કેવલ પ્રમેયબલે થાય છે તેથી પાપના નાશથી પૂર્વે પાપ તો અપેક્ષિત જ છે, પ્રભુએ સમ્બન્ધ જ ન હોય તત્રપર્યન્ત **પાપ** અને પ્રભુએ સહ સમ્બન્ધ થાય તદનન્તર પ્રભુસમ્બન્ધમાત્રથી તે પાપ રહેતું નથી તેથી પાપનાશ, અર્થાત્ સ્વધર્મલક્ષણપ્રમેયબલે 'પ્રણત'ના ઉદ્ધારની ઇચ્છાવાન્ પ્રભુ તેમ કરે છે અને તેથી કાંઇ પણ અનુપપન્ન નથી, શાસ્ત્રાર્થને જાણીને મનસા શરણે ગયા હોય તે 'પ્રણત,' 'દેહિત્વ'થી-દેહાભિમાનિત્વથી-અધિકારહીન પણ સતે આપ તાવત્ સાધન સમ્પાદો છો જેણે કરીને 'પદામ્બુજ'ને પ્રકટ કરીને તાદૃશને દુઃખદત્વે વિરહાત્મક જ 'પાપ'ને આપ 'કર્ષો' છો તેથી **જીવકૃત સાધનને પ્રમેયબલ તો અપેક્ષતું જ નથી,** પ્રમેયબલ સ્વતઃ જ સર્વ સાધન કરી લે છે તેથી અત્ર પણ આપે તેમ જ કરવું એમ ભાવ છે, યદ્વા અત્ર 'प्रणतदेहिनाम्'માં દ્વન્દ્વસમાસ જાણવો, સર્વત્યાગપૂર્વક કેવલ તદધીનત્વ એ 'નતિ'નો પણ 'પ્ર'કર્ષ છે, તત્ર આદ્યમાં-'પ્રણત'માં-તો દુઃખદત્વથી વિરહ જ 'પાપ'શબ્દવાચ્ય છે કારણ કે 'પાપ' નિષિદ્ધકૃતિજન્ય છે અને તે પાપ અત્ર માનરૂપ છે, તાદૃશ માનિજનને દુઃખ ઉચિત છે પરન્તુ આપ કર્ષણૈકસ્વભાવ છો તેથી 'પ્રણત'ના માનરૂપ 'પાપ'નું 'કર્ષણ' ચરણારવિન્દે કરો છો, દ્વિતીયનું-'દેહી'નું-'પાપ' કર્મજ છે, અને આપનું ચરણારવિન્દ તે કર્મજ 'પાપ'ને શ્રવણકીર્તન-સ્મરણાદિએ 'કર્ષે' છે, યદ્વા કર્મધારય જ સમાસ જાણવો, 'પ્ર'કર્ષે 'નતિ' તે સર્વાત્મભાવ **તે સર્વાત્મભાવરૂપા 'પ્રણતિ' સતે દેહાભિમાનાદિ પણ પ્રભુમાં કેવલ સમર્પણાર્થ જ હોયછે,** એતાદૃશ 'પ્રણત'ને પ્રિયસ્વરૂપાતિરિક્ત સર્વ જ પ્રભુસઙ્ગમાં પ્રતિબન્ધકત્વે 'પાપ' છે તેથી તેવા સર્વાત્મભાવવાન

'પ્રણત'તો પ્રિયસ્વરૂપાતિરિક્ત દેહાભિમાનાદિ સર્વને જ 'પાપ' માને છે, અને તેથી જ 'विश्वतोंभयात्' એમ પૂર્વે કથ્યું જ છે અને "जगुः कृतानि पुण्यानि" શ્લોકમાં ભગવદ્ગુણનું પુણ્યસ્વરૂપત્વ પણ કથાશે, અધુના 'હૃચ્છય' દુઃખદ છે તેથી 'હૃચ્છય'ને 'પાપ' માને છે, અને તેથી તાદૃશ 'પાપ'નું-દુઃખદ હૃચ્છયનું-'કર્ષણ' પ્રાર્થે છે, યદ્યપિ સંયોગમાં 'હૃચ્છય' ઉપયોગી છે તથાપિ સંયોગપ્રતિબન્ધક 'હૃચ્છય' તો માનનો હેતુ હોવાથી તેવો 'હૃચ્છય' તો ત્યાજ્ય છે, યદ્વા જેમનો કેવલ દેહ જ-અન્તઃકરણાદિ પણ નહિ-'પ્રણત' છે તેવા 'પ્રણતદેહી'નાં પણ 'પાપ'નું કર્ષણ' આપનું ચરણકમલ કરે છે, યદ્વા સ્વયં તો 'પ્રણતદેહી' પણ નથી પરન્તુ 'પ્રણતદેહી'ના કેવલસમ્બન્ધિમાત્ર છે, તેવાનાં-સ્વયં અપ્રણત સતે 'પ્રણતદેહી'એ સહ સમ્બદ્ધનાં-પણ એમ ઉભયથા 'પાપ'નું 'કર્ષણ' આપનું 'પદામ્બુજ' કરે છે એમ અર્થ છે, આથી સાક્ષાત્ અને પરમ્પરાએ પણ ચરણારવિન્દ અનિષ્ટપાપનિવર્તક છે એમ કથન થયું, અપરઞ્ચ અઙ્ગીકૃતના પાલનમાં આપને યુક્તાયુક્તવિચાર જ અમે શ્રીગોપિકા દેખતાં નથી કારણ કે આપનું 'પદામ્બુજ' તો 'તૃણચરો'નું પણ 'અનુ'ગમન કરે છે, 'તૃણચર'નું તો જીવન તૃણે જ કરીને છે અને તૃણ તો અમાર્ગમાં પણ હોય છે, સ્વાનુરોધે તેમને-તૃણચરોને-તૃણાર્થ અમાર્ગે પણ જતાં આપ વારતા નથી પરન્તુ તેઓ યત્ર જ સ્વભક્ષ્યને દેખે છે તત્ર જ મુગ્ધાટવીવદ્ અવિચારે ગમન કરે છે અને આપ સ્વયં પણ તેવા 'તૃણચર'ને અધીન સતે તદનુ ગમન કરો છો, આથી આપનું 'પદામ્બુજ' અમારા જીવનનો હેતુ છે એમ કથ્યું, 'પદામ્બુજ' તો મકરન્દે માદક છે તેથી તે માદક મકરન્દે માનરૂપ ઉન્માર્ગે ગમન સતે પણ આપે અમારી ઉપેક્ષા ઉચિતા નથી કારણ કે અમે અઙ્ગીકૃતા છીએ, નહિ તો-આપ જો ઉપેક્ષશો તો-જીવન જ રહેશે નહિ, અર્થાદ્ અમે અતિક્લિષ્ટા છીએ એમ આથી જણાવ્યું, આપે જ આ રીતિ પ્રકટા કરી છે તેથી અન્તતઃ અમારો તો દોષ જ નથી એમ પણ આથી જણાવી દીધું, અન્યથા-જો આપ સ્વલીલાવિશેષાર્થ 'તૃણચર'ને તથા પ્રવર્તાવતા ન હો તો-'કૃષ્ણમુખનિર્ગતવેણુગીતપીયૂષ'નું પાન 'ઉત્તભિતકર્ણપુટે' પૂર્વે કરીને અતિસુખિત તૃણચરોની પ્રવૃત્તિ ઉક્તપીયૂષાતુલ્ય તૃણમાં કેમ થાય ? અર્થાત્ 'તૃણ' લોકમાં લૌકિકત્વે પરિદૃશ્યમાન સતે પણ વસ્તુતઃ અલૌકિક જ છે વસ્તુતઃ તો ઉક્તસ્વરૂપ તૃણચરોની તૃણમાં રુચ્યુત્પત્ત્યર્થ જ આપનું 'તૃણચરાનુ'ગમન છે, પદે અનુગમને તૃણ ભક્તિરસપોષિત થઈ જાય છે તેથી 'તૃણચર'ની તાદૃશ તૃણમાં રુચિ થાય છે, અમારામાં આપના તાદૃશ 'પદામ્બુજ'ના સ્થાપને તે 'પદામ્બુજ' સ્વસ્વભાવથી અમારું પણ અભીષ્ટદ અને પાલક પણ થઈ જશે એમ અત્ર ભાવ છે, અપરઞ્ચ તે 'પદામ્બુજ' શ્રીનું-લક્ષ્મીનું-સ્થાન છે તેથી શ્રીજાતીયા અમારામાં જ તે સ્થાપવું ઉચિત છે, કિઞ્ચ નાયિકા હોવાથી રસપોષસામયિક જ સમ્બન્ધ-તૃણસઞ્ચાર નહિ-શ્રીને પણ અભીષ્ટ છે, 'तृणचरानुगम् અને श्रीनिकेतनम्' આ વિશેષણદ્વયના ક્રમપૂર્વ કથનથી એમ પણ જણાય છે કે અત્ર સ્વયં સાક્ષાત્સમ્બન્ધસમયનો લાભ નહિ થવાથી શ્રીએ વિચાર્યું કે 'તૃપ્તિપર્યન્ત ચરાવીને સાયં વ્રજમાં પશુઓને લાવીને રાત્રિએ પ્રભુ સ્વપ્રિયાઓએ સહ ક્રીડશે જ ત્યારે તત્સમ્બન્ધ મારું પણ કાંઇક રમણવત્ થઈ જશે' એમ દૂરપર્યન્ત શ્રીનું હૃદય-હાર્દ-છે, 'તૃણચરાનુગ'ત્વે રજે અને શ્રમે સૌન્દર્યાભાવશઙ્કા પણ આ દ્વિતીય 'શ્રીનિકેતનમ્' વિશેષણે નિરસ્તા થઇ ગઈ, અને તેથી જેમ જેમ ચારણ તેમ તેમ શોભાતિશય કથાયો, અથ વા 'તૃણચરાનુ'ગમને સ્નેહભરે કણ્ટકાદિસ્પર્શશઙ્કાએ શ્રી સ્વયં સૂક્ષ્મસ્વરૂપે ચરણામ્બુજતલમાં સ્થિતિ કરીને પ્રભુના કણ્ટકાદિસ્પર્શસમ્બન્ધને વારે છે ત્યારે 'પદામ્બુજ' 'શ્રીનિકેતન' હોય છે તેથી 'તૃણચરાનુગમ્' કથીને તદનન્તર તે પ્રકારે 'શ્રીનિકેતનમ્' પદ પણ વિશેષણત્વે કથ્યું, અપરઞ્ચ જો સ્વયં સ્વેચ્છાએ પશુઓને વ્રજમાં લઈ જાય ત્યારે તો અગ્રે વિષપાનાત્મક અનિષ્ટસમ્બન્ધ તેમને ન થાય પરન્તુ તે તૃણચરો જ તત્ર સ્વેચ્છાએ ગમન કરે છે અને તદનુ-તદધીન-પ્રભુ પણ તત્ર આગમન કરે છે તેથી અગ્રે અનિષ્ટસમ્બન્ધ સતે તે સમ્બન્ધને નિવારવાને 'અમ્બુજ'ત્વે અતિસુકુમાર પણ 'પદામ્બુજ'ને અતિક્રૂરા 'ફણિફણા'ની પણ ઉપરિ 'અર્પે' છે કારણ કે ત્યારે વ્રજવાસીના સ્નેહની પરીક્ષા સમ્પન્ના સતે અતિસન્તોષથી તે પરીક્ષા ફણિદ્વારા સમ્પન્ના થઈ તેથી ફણી પ્રતિ પણ સન્તુષ્ટ પ્રભુએ 'ફણી'ના શિરના ઉપરિ બ્રહ્માદિદુર્લભરજસ્ક ચરણારવિન્દે નૃત્ય કર્યું, અલ્પકાલમાત્ર તથા નૃત્યમાત્ર જ ન કર્યું પરન્તુ 'ફણી'નું સાર્વદિક જ રિપુભય એવું તો નિવારી દીધું કે ગરુડ સદા તે 'ફણી'નાં શીર્ષોના ઉપરિ ભગવત્પદામ્બુજનું દર્શન જ કરે, નહિ કે કાલિયને ભયદાન કરે, અને તેથી જ અત્ર સ્પર્શમાત્ર ન

કથ્યો પરન્તુ 'અર્પિતમ્' પદે અર્પણ કથ્યું, અમારી પરીક્ષા તો પૂર્વે જ સમ્પન્ના છે તેથી દુઃખદ 'હૃચ્છય'નું નિવારણ જ કર્તવ્ય રહ્યું, હૃદયમાં શયાન તે 'હૃચ્છય' ચોરવદ્ બાધે છે, આપના 'પદામ્બુજ'સમ્બન્ધે અમારાદ્વારા તે 'હૃચ્છય' પણ તાપરહિત સતે અમને પણ તપ્ત કરશે નહિ એમ ભાવ છે, તે 'હૃચ્છય' અમને તપાવે છે તેથી તેનામાં પણ તાપ જણાય છે, 'પદામ્બુજ'ને આપનો સમ્બન્ધ છે તેથી ક્રૂર અને તપ્ત કુચ વિષે પણ સ્થાપિત તે 'પદામ્બુજ' વિકૃત પણ થઇ જતું નથી એમ જણાવવાને 'તે' પદ કથ્યું, કારણ કે આપ અવિકૃત છો, સ્વાર્થપરસહજદોષદુષ્ટ સતે પણ સર્વાત્મના ત્વત્પર પ્રતિ આપ કૃપા જ કરો છો ત્યારે તો સ્વતોદોષરહિત એવાં જે અમે તે અમારા પ્રતિ પણ આપે કૃપા જ કરવી એ ભાવ છે, અપરઞ્ચ વિપરીત રસમાં 'પ્રણતદેહિ' સ્વરૂપપૂર્વવિશેષણવતીના અતિભારે અતિશ્લેષ સમ્ભવે ત્યારે સ્વેદોદ્રેકત્વે 'પાપ'વદ્ વેણીરૂપને 'કર્ષે'છે, પરન્તુ 'હું આપને જિતીશ' એમ જિગીષાવચને મન અને વચ 'નત' નથી તેથી દેહમાત્રને જ 'પ્રણત' કથ્યો અને प्रणतदेहिनाम् એમ પુમ્ભાવજ્ઞાપક પુલ્લિઙ્ગપ્રયોગ પણ કર્યો, તદ્ભાવપ્રાધાન્યથી '[1]તૃણચર'માં તે 'પદામ્બુજ' સ્વભોગ્યરસનું સમ્પાદક છે, ગો તૃણનું ભક્ષણ કરે છે તેથી 'તૃણચર' પરન્તુ ઉક્તરૂપ ગોધન તો લીલોપયોગી શાર્દ્વલપ્રદેશમાં ગમન કરે છે તેથી 'તૃણચર' છે, અથ વા તૃણ સર્વતઃ લઘુ છે તદ્વત્-સર્વતો લઘુ તૃણવત્-શ્રીગોપીજન ચલે છે તેથી રમણમાં ચલનલાઘવે રસાતિશયથી પુનઃ તે ચલિતના પ્રાકટ્યાર્થ પ્રેરતા પ્રભુ પૃષ્ઠતા વ્યાપાર કરે છે તેથી પ્રભુનું 'પદામ્બુજ' 'તૃણચરાનુગ' છે, નિસ્સહ નિપતને અગ્રિમ 'શ્રીનિકેતન' વિશેષણ છે, તદનન્તર અગ્રિમ 'ફણિફણાર્પિતમ્'વિશેષણે વિવિધ બન્ધમાં જાણે કે આપના નૃત્યકર્તૃ 'પદામ્બુજ'ને અમારા 'કુચ'સ્થલમાં આપ સ્થાપો એમ હાર્દ-વ્યઞ્જિત અર્થ-છે.

યુક્તાયુક્તવિચારે હું જલ્પ્યો આ હે રસેશ્વર ।
ક્ષમા કરો પ્રિયાયુક્ત શ્રીકૃષ્ણ ગોકુલેશ્વર ॥ (૭.)

**आभास**—આ જ અર્થને તેનાથી પણ ઉત્તમા શ્રીગોપી પ્રકારાન્તરે 'મધુરયા' ઇત્યાદિએ પ્રાર્થે છે.

**श्लोक-मधुरया गिरा वल्गुवाक्यया बुधमनोज्ञया पुष्करेक्षण।**
**विधिकरीरिमा वीर मुह्यतीरधरसीधुनाप्याययस्व नः ॥ ८॥**

**श्रीमद्भागवताक्षरार्थ-હે પુષ્કરેક્ષણ! મધુરા વલ્ગુવાક્યા અને બુધમનોજ્ઞાવાણીએ હે વીર! આ મૂર્છાપ્રાપ્તા વિધિકરી અમારું આપ્યાયન અધરસીધુએ કરો. (૮)**

**कारिकार्थ.**
હસ્તે સ્વરૂપે ચરણે પૂર્વે કથો ઉપકૃતિ,
ઉપકરો હવે આસ્યે શ્રીગોપીજનવાક્ય એ. ॥ ૧ ॥
હો પૂર્વોક્ત સર્વે પણ સ્પષ્ટા ભાષા ન જ્યાં સુધી,
તાવદ્ રસત્વ રસનું ન કદાપિ ઇતિ સ્થિતિ. ॥ ૨ ॥

'विरचिताभयम्' ઇત્યાદિશ્લોકત્રયોક્ત ભગવત્કૃત ઉપકારના અનુવાદપૂર્વક 'हस्तेन' ઇત્યાદિએ

**पूर्वानुसन्धान.** આ શ્લોકોક્ત ઉપકારને પણ કથે છે, 'विरचिताभयम्' શ્લોકમાં 'शिरसि धेहि नः श्रीकरग्रहम्' પદે ભગવાન્‌ના શ્રીહસ્તનો ઉપકાર કથ્યો, व्रजजनार्तिहन् શ્લોકમાં भज सखे भवत्किङ्करीः' પદે ભગવાન્‌ના સ્વરૂપનો ઉપકાર કથ્યો, અને प्रणतदेहिनाम् શ્લોકમાં पदाम्बुजं कृणु कुचेषु' પદે ભગવાન્‌ના ચરણારવિન્દનો પણ ઉપકાર કથ્યો, પઞ્ચમ શ્લોકમાં 'करसरोरुहं कान्त कामदं' પદે શ્રીહસ્તના ઉપકારનો ષષ્ઠશ્લોકમાં 'भज सखे' પદે ભગવત્સ્વરૂપના ઉપકારનો અને સપ્તમ શ્લોકમાં 'पदाम्बुजम्' પદે શ્રીચરણારવિન્દના ઉપકારનો એમ શ્લોકત્રયોક્ત ઉપકારનો અનુવાદ કરીને આ અષ્ટમ 'मधुरया गिरा' શ્લોકમાં 'આપ શ્રીમુખે પણ ઉપકાર કરો' એમ શ્રીગોપીજન ગાન કરે છે, લોભાત્મક જે અધર તત્સ્થ રસ તો શ્રીમુખમાં[2] વિદ્યમાન છે તેથી **આ શ્લોકમાં શ્રીમુખનો ઉપકાર વક્તવ્ય જ છે** એમ 'હિ' શબ્દે યુક્તતા કથીને શ્રીમુખોપકાર વક્તવ્ય હોવાથી આ શ્લોકમાં શ્રીગોપીજન ભગવન્મુખોપકારનું ગાન કરે છે,

૧. 'तृणचरेषु' ઇત્યાદિનો ભાવ શ્રીહરિરાયજી કથે છે કે 'જેમ ગોના સઙ્ગે જતા ભગવાન્ ચરણસમ્બન્ધે તૃણને ભક્તિરસામૃતયુત કરીને તે તૃણે નિષ્પાદિત તૃણચરનિષ્ઠ દુગ્ધાદિરસને સ્વભોગ્ય કરે છે તેમ અત્ર પુરુષત્વે સ્વભોગ્ય જે રસ તત્સમ્પાદક જે રસાધિકય તે રસાધિકયનું પણ સમ્પાદક ચરણારવિન્દ છે તેથી ચરણારવિન્દે સહ સમ્બન્ધ થતાં ભગવદ્ભોગ્યત્વપુરુષત્વે અમારે વિષે આપનો સમ્બન્ધ થશે.'

૨. પૈલો અંકૃતસ વર્ગ આનું સ્વારસ્ય જાણુશ ખરો કે!

'પરન્તુ એમ જ હોય ત્યારે તો मधुरया गिराપદે ભગવદ્વાણીપ્રાર્થન ન કરતાં ભગવદ્લોભાત્મક અધરનું જ પ્રાર્થન વક્તવ્ય હતું' એમ આશઙ્કા થાય તો તેના પરિહારાર્થે "પૂર્વોક્ત" ઇત્યાદિ કારિકાએ મધુરવાણીપ્રાર્થનનું પ્રયોજન કથે છે કે યત્રપર્યન્ત ભગવાન્ મધુરવાણીએ ભાષણ કરે નહિ તત્રપર્યન્ત પૂર્વોક્ત સર્વે પણ સરસત્વને પ્રાપ્ત થઈ જ શકતું નથી, તૂષ્ણીં રમણે રસ જ નિષ્પન્ન થતો નથી એમ રસની મર્યાદાનું સૂચન કરવાને 'સ્થિતિ'પદ પણ તત્ર કથ્યું.

**व्याख्यान**—હે સ્વામિન્! આ મુહ્યદ્'ગોપીજનનું 'આપ્યાયન'આપની 'મધુરા'વાણીએ કરો, મોહનિવારણ આવશ્યક છે કારણ કે મોહ–મૂર્છા–તો મરણની પૂર્વાવસ્થાને જ

**विधिकरीरिमा वीर मुह्यतीः।** નિરૂપે છે, શ્રીગોપીજનના 'આપ્યાયનમાં' 'विधिकरीः'પદે હેતુ કથે છે કે આ સર્વા આપની 'विधिकरीः'આજ્ઞાકારિણી વા સેવાકારિણી દાસી છે, આપનું અસામર્થ્ય તો નથી જ એમ 'वीर'સમ્બોધને કથે છે, આર્તની આર્તિનું નિરાકરણ જ શૌર્યનું પ્રયોજન છે, 'इमाः'પદે અઙ્ગુલિએ પ્રદર્શન કરાવીને ક્ષણમાત્રવિલમ્બે આ સર્વા જ દાસી મરણને પ્રાપ્ત થઈ જશે એમ સૂચન કર્યું.

'પરન્તુ વાઙ્માત્રે મોહની નિવૃત્તિ કેમ થઈ શકે?' એમ આશઙ્કા થાય તો मधुरया પદે તે પરિહરે છે, મોહ તો માયારૂપ છે, તે આપના સચ્ચિદાનન્દરૂપ

**मधुरया गिरा वल्गुवाक्यया।** સ્વરૂપે જ નિવૃત્ત થાય છે, અને તત્ર પણ આપની વાણી આનન્દરૂપા છે, મધુ અસાધારણ રસ છે અને અસાધારણરસાત્મક 'મધુ'એ યુક્તા'મધુરા' આપની વાણી છે,જેમાં મધુ અર્થાદ્ અસાધારણરસ–આનન્દધર્મ–હોય તે 'મધુરા' વા આનન્દધર્મયુક્તા, આનન્દરૂપ આપની આનન્દરૂપા વાણી આનન્દધર્મયુક્તા હોવાથી 'મધુરા' છે એટલું જ નહિ પરન્તુ 'વલ્ગુ' અર્થાદ્ મનોહર છે 'વાક્ય' જેમાં એવી वल्गुवाक्या પણ આપની વાણી છે, આપની વાણીમાં વાક્ય વલ્ગુ–મનોહર–છે, વાક્યનું મનોહરત્વ સત્યતાના અને પ્રિયતાના પ્રતિપાદકત્વે છે, આપની વાણીમાં વાક્ય સત્યતાપ્રતિપાદક અને પ્રિયતાપ્રતિપાદક હોવાથી આપની વાણી વલ્ગુ–મનોહરા છે, वल्गुवाक्ययाપદે વાણીનું સદ્રૂપાત્વ નિરૂપ્યું.

આપની મધુરા અને મનોહરા વાણી કેવલ આનન્દરૂપા અને સદ્રૂપા જ નથી પરન્તુ જ્ઞાનરૂપા પણ છે કારણ કે તે 'बुधमनोज्ञा' છે, આપની વાણી બુધની

**बुधमनोज्ञया।** પણ્ડિતોની–પણ 'મનોજ્ઞા' અર્થાદ્ આહ્લાદકારિણી છે, પણ્ડિતોનો આહ્લાદ જ્ઞાને જ થાય છે તેથી "બુધમનોજ્ઞયા"પદે વાણીનું જ્ઞાનરૂપાત્વ નિરૂપ્યું, અર્થાદ્ मधुरयाપદે ભગવદ્વાણીનું આનન્દરૂપાત્વ वल्गुवाक्ययाપદે સદ્રૂપાત્વ અને बुधमनोज्ञयाપદે જ્ઞાનરૂપાત્વ પણ નિરૂપીને જેમ ભગવાન્ સચ્ચિદાનન્દરૂપ તેમ ભગવદ્વાણી પણ સચ્ચિદાનન્દરૂપા છે એમ શ્રીગોપીજને ત્રિપદીએ સિદ્ધ કર્યું.

આપના શ્રીમુખમાં નેત્રયુગ્મ પણ વિરાજમાન છે તેથી શ્રીમુખસ્થ નયનકમલનો પણ વ્યાપાર કરીને જ આપે વદવું એમ पुष्करेक्षणપદે વદે છે, પુષ્કરવત્–કમલવત્–

**पुष्करेक्षण।** પરતાપાપહારક છે ઈક્ષણ અર્થાદ્ નેત્ર જેમનાં એવા હે 'पुष्करेक्षण'આપનાં ઈક્ષણ કમલવત્ પરતાપાપહારક હોવાથી અમારો તાપ અપહરાય એ પ્રકારે નયનકમલનો વ્યાપાર કરીને જ આપે મધુરા મનોહરા અને વિદ્વન્મનોજ્ઞા સચ્ચિદાનન્દરૂપ વાણીએ વદવું.

નયનકમલનો વ્યાપાર કરીને જ આપે સચ્ચિદાનન્દરૂપા વાણીએ કેવલ વદવું એટલું જ નહિ પરન્તુ આપના 'અધરસીધુએ'–અધરામૃતે–આપે અમારું 'આપ્યાયન' પણ

**अधरसीधुनाप्यायस्व नः।** કર્તવ્ય છે,આપની મધુરા મનોહરા અને વિદ્વન્મનોજ્ઞા વાણીએ આપે વદવું,આપના તાપાપહારક કમલનયને આપે અમારી પ્રતિ દૃષ્ટિ કરવી અને આપના અધરામૃતનું અમને પાન પણ કરાવવું એમ ત્રયે આપે કર્તવ્ય છે,અત્ર"वक्तव्याः'પદે 'मधुरया गिरा'નું સ્વારસ્ય 'द्रष्टव्याः'પદે 'पुष्करेक्षण'પદનું સ્વારસ્ય અને 'आप्यायितव्याः'પદે "अधरसीधुना"પદનું સ્વારસ્ય કથ્યું, મૂર્ચ્છિતની મૂર્ચ્છા નિવારવાને મહામન્ત્રનો પાઠ કરાય છે તેમ આપે मधुरया गिरा સચ્ચિદાનન્દરૂપ મહામન્ત્ર પઠનીય છે મૂર્ચ્છિતની મૂર્ચ્છા નિવારવાને કમલાદિ શીતલ દ્રવ્યનું સ્થાપન કરાય છે તેમ આપે અમારી

**મૂર્ચ્છાની નિવૃત્તિને અર્થે આપનાં નયનકમલ અમારે વિષે સ્થાપનીય છે,** અને જ્યારે મૂર્ચ્છાવ્યાધિ સર્વથા અસાધ્ય થઈ જાય છે ત્યારે તો અમૃતનું વા અતિગોપ્ય રસનું પાન પણ ભિષક્તમ-વૈદ્યોત્તમ-કરાવે છે **તેમ આપે પણ આપના અધરામૃતનું-અતિગોપ્ય રસનું-પણ પાન અમને કરાવવું પડશે કારણ કે અમારો રોગ પણ સર્વથા અસાધ્ય જ છે,** આ મૂર્ચ્છા કાંઇ અલ્પા-સાધારણ પુરુષે નિવારી શકાય એવી-નથી, **તેથી આપે આપના વીર્યનો-શૌર્યનો-પણ વિનિયોગ અમારી આ મૂર્ચ્છાને નિવારવાને સર્વથા જ કર્તવ્ય છે** એ સ્વારસ્યથી "વીર" સમ્બોધન ધર્યું, "વીર" સમ્બોધનપૂર્વક અમૃતની પ્રાર્થના કરે છે તેથી આ શ્લોકમાં **અનન્યપૂર્વા** શ્રીગોપિકાએ ગુણાતીતત્વે અન્તિમા અવસ્થાનું પ્રદર્શન કરાવ્યું કારણ કે પૂર્વાર્થિત હસ્તસ્વરૂપચરણકમલના ઉપકારસ્વરૂપ તે તે પદાર્થ લીલાસ્મારક થઈને અધિકા જ મૂર્ચ્છાના હેતુ થઈ પડ્યા. (૮.)

**આભાસ.** એ પ્રકારે શ્રીહસ્ત સ્વરૂપ ચરણકમલ અને શ્રીમુખ એમ પદાર્થચતુષ્ટયને સમ્પ્રાર્થીને તે ચતુષ્ટયના અદાનમાં હેતુને સ્વતઃ જ આશઙ્કીને 'તવ કથામૃતં' શ્લોકે પરિહરે છે.

**શ્લોક-તવ કથામૃતં તપ્તજીવનં કવિભિરીડિતં કલ્મષાપહમ્ ।**
**શ્રવણમઙ્ગલં શ્રીમદાતતં ભુવિ ગૃણન્તિ તે ભૂરિદાજનાઃ ॥ ૯ ॥**

**શ્રીમદ્ભાગવતાક્ષરાર્થ—આપનું કથામૃત તપ્તનું જીવન કવિઓએ ઈડિત કલ્મષાપહ શ્રવણમઙ્ગલ શ્રીમદ્ અને સમન્તાદ્ વ્યાપ્ત છે, ભૂતલમાં જેઓ તેને ગૃણે છે તે બહુદાતા અજન છે. (૯.)**

**વ્યાખ્યાન—** 'પરન્તુ આ સર્વ પ્રાર્થિતનું દાન તો ભક્તને થઈ શકે અભક્તને થઈ શકે નહિ, અને વિરહમાં પણ જીવનથી આપનું તો અભક્તાત્વ જ પર્યવસે છે, ભગવાન્ તો સર્વનિરપેક્ષ છે તે સર્વનિરપેક્ષ ભગવાનનું કાંઇ પણ કાર્ય વા પ્રયોજન આપનાં જીવને પણ નથી, જે સર્વનિરપેક્ષ ભગવાન્‌ની લક્ષ્મીસદૃશી

**તવ કથામૃતમ્ ।**

કોટિશઃ દાસી છે તે ભગવાનનું આપનાં જીવને પણ કાંઇ પણ કાર્ય વા પ્રયોજન હોય નહિ તેથી 'ત્વયિ ધૃતાસવઃ' 'વિચિકરીરિમાઃ' ઇત્યાદિ સર્વ જ અસઙ્ગત છે અને તેથી પ્રાર્થન વ્યર્થ જ છે' એમ આશઙ્કીને 'આપ અભક્તા છો વિરહમાં પણ જીવનથી' એ ભગવત્કૃત અનુમાનમાં વિરહમાં પણ જીવને અનુમિત અભક્તાત્વનો સાધક હેતુ શુદ્ધ નથી, પરન્તુ ઉપહિત ઉપાધિએ યુક્ત છે એમ વ્યઞ્જન કરીને તત્સાધ્ય અભક્તાત્વને પરિહરે છે, અર્થાદ્ જેમ 'યાગીયા હિંસા અધર્મ હિંસાત્વથી' એ અનુમાનમાં નિષિદ્ધત્વ ઉપાધિ છે અને તેથી હિંસાત્વસ્વરૂપ હેતુ ઉપહિત હોવાથી યાગીયા હિંસાનું હિંસાત્વ સિદ્ધ કરવાને અસમર્થ છે તેમ પ્રકૃતમાં પણ 'આપ અભક્તા છો વિરહમાં પણ જીવનથી' એ પ્રકૃત ભગવત્કૃત અનુમાનમાં પણ 'વિરહમાં જીવનથી' હેતુમાં સ્વકૃતિસાધ્યત્વ ઉપાધિ છે તેથી તે ઉપાધિએ યુક્ત 'વિરહમાં પણ જીવન' હેતુ અભક્તાત્વસ્વરૂપ સાધ્યને સિદ્ધ કરવાને સર્વથા અસમર્થ છે એમ કથીને શ્રીગોપીજન ભગવત્કૃત આરોપને પરિહરે છે, વિરહમાં પણ અમારું જીવન કાંઇ અસ્મત્કૃતિસાધ્ય નથી પરન્તુ **આપની કથા જ વિરહમાં પ્રાણનિર્ગમમાં પ્રતિબન્ધ કરે છે,** વિરહમાં કથા જ પ્રાણગમનમાં પ્રતિબન્ધિકા થઈને અભક્તાત્વ નિરૂપે છે, આપની કથા જ વિરહમાં અમારું જીવન સમ્પાદે છે તેથી વિરહમાં પણ અમે જે જીવીએ છીએ તે કાંઇ અમારી કૃતિએ જીવતાં નથી પરન્તુ પ્રાણગમનમાં પ્રતિબન્ધિકા આપની કથા જ અમને જીવાડે છે, તેથી વિરહમાં પણ જીવનસ્વરૂપ હેતુમાં અસ્મત્કૃતિસાધ્યતા ઉપાધિ છે અને તેથી તેવા ઉપહિત હેતુથી આપનું સાધ્ય-અમારું અભક્તાત્વ-સર્વથા સિદ્ધ થઈ શકતું નથી, 'પરન્તુ કથામાં તાદૃશ સામર્થ્ય ક્યાંથી ?' એમ શઙ્કા થાય તો તેનો પરિહાર 'અમૃત' પદે કરે છે કે જેવું આપનું સામર્થ્ય અને સ્વરૂપ છે તેવું જ કથાનું પણ છે, જેમ આપ મોક્ષદાયી અને પરમાનન્દસ્વરૂપ ષડ્ગુણાત્મક છો તેમ આપની કથા પણ 'ષડ્ગુણ છે આત્મા અર્થાત્ સ્વરૂપ જેનું" એવી ષડ્ગુણાત્મિકા છે, ષડ્ગુણાકર્ષકર્તૃત્વથી કથા ઐશ્વર્યાદિષડ્ગુણાત્મિકા છે, અને તે કથા મોક્ષદાયિની અને પરમાનન્દસ્વરૂપા પણ છે કારણ કે આપની કથા અમૃતવત્ છે, જેમ આપનું

૧. સાધ્યને વ્યાપે પરન્તુ સાધનને વ્યાપી શકે નહિ તે ઉપાધિ, પ્રકૃતમાં 'સ્વકૃતિસાધ્યત્વ' ઉપાધિ છે કારણ કે તે સ્વકૃતિસાધ્યત્વ સાધ્યને 'ગોપિકાના-અભક્તાત્વ'ને-વ્યાપે છે પરન્તુ સાધનને-વિરહમાં જીવનને-વ્યાપી શકતું નથી.

સ્વરૂપ મરણાદિનિવર્તક રસાત્મક અને અમૃત છે તેમ આપની કથા પણ મરણાદિનિવર્તિકા ભગવદ્રસાત્મિકા અમૃતવત્ છે, સર્વના મરણાદિનું નિવર્તક આપનું જે સ્વરૂપ તે જ 'અમૃત'પદનું વાચ્ય છે, 'अमृतत्वस्य तु नाशास्ति वित्तेन' ઇત્યાદિ શ્રુતિમાં આપના અમૃતસ્વરૂપનું કથન છે **તેથી આપ જેમ મોક્ષદાતા પરમાનન્દરૂપ અમૃત છો તેમ આપની કથા પણ અમૃતવદ્ હોવાથી મોક્ષદાયિની અને પરમાનન્દરૂપા છે**, અર્થાદ્ 'अमृतं'પદે આપનું તેમ જ આપની કથાનું મોક્ષદાતૃત્વ અને પરમાનન્દરૂપત્વ સિદ્ધ થયું.

જેમ અમૃત આપનું સ્વરૂપ અને ઐશ્વર્યાદિ આપના ષડ્ ધર્મ છે તેમ જ કથા અમૃતત્વે ધર્મિસ્વરૂપ છે અને તપ્તજીવનત્વાદિ તે કથાના ષડ્ ધર્મ છે, તેથી 'तप्तजीवनम्' ઇત્યાદિ ષટ્ પદે 'કથામૃત'ના ઐશ્વર્યાદિ ષડ્ ગુણ હવે નિરૂપે છે, જેઓ સંસારમાં તપ્ત છે તેવા 'તપ્તનું જીવન' જેથી એવું 'તપ્તજીવન' આપનું 'કથામૃત' છે, 'પરન્તુ કથા તો શબ્દરૂપ છે તેથી શબ્દરૂપકથાનું તાપનિવર્તકત્વ કયે પ્રકારે?' એમ આશઙ્કા થાય તો તેનો પરિહાર કરે છે કે કથા અમૃત' છે અને 'અમૃત' તાપનિવર્તક છે એ પ્રસિદ્ધ જ છે, ભગવાનનું વૈરાગ્ય વા જ્ઞાન પણ સર્વતાપનિવર્તક છે તેથી 'તપ્તજીવનં'પદે કથાનું જ્ઞાન વા વૈરાગ્ય નિરૂપ્યું, અત્ર વૈષ્ણવતોષિણીકાર 'તપ્તજીવન' પદનો અર્થ કરે છે કે "જેમ તપ્ત અયઃપિણ્ડતૈલાદિમાં કિઞ્ચિત્ પણ પતિત જીવન-જલ-અધિક જ તાપને ઉત્પન્ન કરે છે તેમ આપનું 'કથામૃત' પણ વિપ્રયુક્તમાં-વિરહીમાં-અધિક જ તાપને ઉત્પન્ન કરે છે,' વૈષ્ણવતોષિણીકારનું આ વ્યાખ્યાન અવિચારરમણીય છે, કારણ કે તપ્ત અયઃપિણ્ડમાં પતિત સ્વલ્પ પણ વિદ્યમાન જલ સ્વાનુરૂપ ઔષ્ણ્યનાશક જ છે એ તો પ્રત્યક્ષસિદ્ધ છે અન્યથા જેમ અગ્ન્યન્તરસંયોગ તાપાધિક્યનું કારણ છે તેમ બહુજલસંયોગ પણ તપ્તાયઃપિણ્ડમાં તાપાધિક્યનું કારણ થાય પરન્તુ તેમ થતું નથી એ તો પ્રત્યક્ષસિદ્ધ છે, તપ્ત તૈલાદિમં તો જલ ઉત્તેજકમાત્ર છે તથાપિ તીવ્ર વહ્નિએ જલનો નાશ જ થાય છે અને અત્ર તો કથા તીવ્ર વિપ્રયોગવહ્નિએ પણ નષ્ટા ન થઈ જતાં વિદ્યમાના જ રહે છે તેથી તૈલાદિ દૃષ્ટાન્તમાં તો વૈધર્મ્ય જ છે એટલું જ નહિ પરન્તુ તપ્ત તૈલમાં તો ઉત્તેજક જલ પણ બહિર્વહ્નિક્ષેપણરૂપ વ્યાપારે ઇતરનું જ તાપક થય છે પરન્તુ જલસંયુક્તનું કાંઇ તાપક થતું નથી એમ પણ તપ્ત તૈલાદિમાં પ્રત્યક્ષ દૃષ્ટ છે અને પ્રકૃતમાં પણ કથા પરની તાપિકા અને સ્વતાપની તો શામિકા જ સિદ્ધા છે, 'પરન્તુ કથા સર્વતાપનાશિકા થાય તો ભગવત્સંયોગની આવશ્યકતા ન રહે'એમ શઙ્કા થતી હોય તો તેમ પણ નથી, ભગવાનની અપેક્ષાએ કથા સ્વલ્પા હોવાથી સાંસારિકસકલતાપનિવર્તનમાત્રસમર્થા હોવાથી વિરહમહાતાપનિવારણમાં કથાનું સામર્થ્ય નથી તેથી ભગવત્સંયોગની આવશ્યકતા તો સુખે ઉપપન્ના જ રહેશે, અને તેથી જ મૂલમાં કથાનું જીવનસમ્પાદકત્વમાત્ર જ કથ્યું, કથાનું વિરહતાપનિવર્તકત્વ પણ કથ્યું નહિ, કિઞ્ચ તોષિણીકારોક્ત અર્થનો અઙ્ગીકાર કરતાં "अमृतम्"પદનો જ વિરોધ પ્રાપ્ત થાય છે કારણ કે અમૃત તાપક નથી, કિઞ્ચ "मूरिदाः" પદનો પણ તેમ જ વિરોધ તત્ર થય છે કારણ કે મહાતાપજનકવાક્યવક્તૃસ્તુતિમાં તાદૃશતત્તાપતપ્તકર્તૃકાત્વ જ કથી શકાય નહિ, અને તત્ર કાકુનો અને વિપરીતલક્ષણાનો અઙ્ગીકાર તો સાહસ જ છે તેથી વૈષ્ણવતોષિણીકારોક્ત અર્થ ન સ્વીકારતાં 'तप्तजीवनं'પદે 'તાપનાશકત્વ' જ અર્થ સ્વીકારવો એમ દિઙ્માત્ર કથ્યું, ભગવાનનું ધર્મરૂપ જ્ઞાન ભગવત્કૃપાએ જીવમાં પ્રવેશીને જીવનો તાપ નિવૃત્ત કરે છે તેમ 'કથા' પણ શ્રવણદ્વારા અન્ત પ્રવિષ્ટા થઇને જીવનો તાપ નિવારે છે, ભગવાનનો જ્ઞાનગુણ વા વૈરાગ્યગુણ સર્વતાપનિવારક છે, સંસ્કારને યોગ્ય જે હોય તેનો નાશ જ્ઞાને થાય છે અને સંસ્કારને અયોગ્ય જે હોય તેનો નાશ વૈરાગ્યે થાય છે એમ જ્ઞાનથી વૈરાગ્યનો વિભેદ છે, 'તાપનિવૃત્તિ સાંસારિકવિષયનાશે અને પરિત્યાગે' એમ વ્યવસ્થાએ પણ 'કથા'નું તાપનાશકત્વ સિદ્ધ કરે છે કે 'સંસ્કારને યોગ્ય'નો અર્થ 'વાચારમ્ભણવિકારરાહિત્યે બ્રહ્મત્વપ્રકારક-જ્ઞાનવિષયત્વયોગ્ય' કરવો, તાદૃશ વસ્તુ જ્ઞાને જ્ઞાની પ્રતિ વસ્તુત્વે નષ્ટ જ થાય છે, સંસ્કારયોગ્ય વસ્તુ જ્ઞાને અનુભવવિષય થતું નથી, અને સંસ્કારાયોગ્ય વસ્તુ તો તાદૃશ વૈરાગ્યે નષ્ટ થાય છે, સ્વસઙ્ગે જ્ઞાનનું પણ નાશક સ્ત્ર્યાદિ વસ્તુ તો પરિત્યાગરૂપ વૈરાગ્યે જ નષ્ટ થાય છે, અપ્રજત્વાદિએ

तप्तजीवनम्।

તપ્તત્વ જ્ઞાને નષ્ટ થાય છે કારણ કે 'तद्धैक आहुर्ऋषयः कावषेयाः किं प्रजया करिष्यामो येषां नो एवायमात्मा नायं लोकः' ઇત્યાદિ શ્રુતિમાં તાદશ જ્ઞાનથી જ અપ્રજત્વાદિતાપના નાશનું શ્રવણ છે, અને સંસ્કારયોગ્ય [1]જુગુપ્સિતોપગતાદિનો તાપ તો પરિત્યાગરૂપ વૈરાગ્યે જ નષ્ટ થાય છે કારણ કે 'चतस्रस्तु परित्याज्याः' સ્મૃતિમાં વૈરાગ્યરૂપ ત્યાગનું જ બોધન છે, અને તેથી જ **સંસ્કારાશક્ત સ્મ–આર્તો જ્ઞાનને ન બોધતાં પરિત્યાગને બોધે છે**, અર્થાદ્ ભગવજ્જ્ઞાન અને ભગવદ્વૈરાગ્ય તાપનાશક છે "તપ્તજીવન"પદે વૈરાગ્યનું વા જ્ઞાનનું ગ્રહણ કરવું કારણ કે તાપનાશકત્વ જ્ઞાનમાં અને વૈરાગ્યમાં ઉભયમાં છે અને તેથી એકૈક ધર્મનું યથારુચિ ગ્રહણ કરી લેવું, જો 'कविभिरीडितं' પદે જ્ઞાનનું ગ્રહણ કરવું હોય તો 'तप्तजीवनम्'પદે વૈરાગ્યનું ગ્રહણ કરવું પરન્તુ જો 'तप्तजीवनम्''પદે જ્ઞાનનું ગ્રહણ કરવું હોય તો 'कविभिरीडितं'પદે વૈરાગ્યનું ગ્રહણ કરવું, અર્થાદ્ ઉભય વિશેષણ ઉભયનાં સાધક છે તેથી એકૈક વિશેષણે યથારુચિ એકૈક જ ધર્મનું ગ્રહણ કરવું.

**कविभिरीडितम् ।** સર્વજ્ઞ 'કવિઓએ'–શબ્દાર્થરસિક જ્ઞાનીઓએ –'ઈડિત' આપનું 'કથામૃત' છે, 'कविभिरीडितं' પદે જ્ઞાનનું વા વૈરાગ્યનું ગ્રહણ કરવું કારણ કે જ્ઞાનમાં અને વૈરાગ્યમાં 'કવીડિત'ત્વ વિદ્યમાન છે, અર્થાદ્ જ્ઞાન અને વૈરાગ્ય એ ઉભયમાંથી એક ધર્મ આ પદે કથ્યો તેથી જો 'तप्तजीवनम्'વિશેષણે જ્ઞાનનું ગ્રહણ કર્યું હોય તો 'कविभिः ईडितं'પદે વૈરાગ્યનું ગ્રહણ કરવું પરન્તુ જો પૂર્વ વિશેષણે વૈરાગ્યનું ગ્રહણ કર્યું હોય તો આ વિશેષણે જ્ઞાનનું ગ્રહણ કરવું એમ એકૈક વિશેષણે એકૈક જ ધર્મનું ગ્રહણ કરવું અને તેથી 'તપ્તજીવન' અને 'કવિભિરીડિત'એ વિશેષણદ્વયે કથામાં જ્ઞાનવૈરાગ્યરૂપ ધર્મદ્વય સિદ્ધ થયું.

**कल्मषापहम् ।** પરન્તુ આપાતતઃ 'કવીડિત'ત્વ તો સ્ત્રીઓમાં પણ છે કારણ કે સ્ત્રીઓનુ પણ ઉત્પ્રેક્ષણે 'ઈડન' 'કવિ'જન કરે છે તેથી સ્ત્રીઓની વ્યાવૃત્તિ કરવાને "कल्मषापहम्"પદ કથે છે,'કલ્મષ'ને અર્થાત્ પાપને 'અપહને'તેવું 'કલ્મષાપહ'આપનું 'કથામૃત' છે.

'कल्मषापहम्'પદે ધર્મરૂપ ભગવદ્ગુણનું કથન કર્યું કારણ કે 'ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः' એમ પણ પાઠ ક્વચિત્ પ્રાપ્ત થાય છે અને ધર્મમાં કલ્મષનાશકત્વ પ્રસિદ્ધ જ છે,પરન્તુ 'ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरितः' એમ પણ પાઠ આગ્નેયાદિ પુરાણમાં દૃશ્યમાન થાય છે તેથી "कल्मषापहम्"પદે ધર્મને સ્થાને વીર્યનું ગ્રહણ કરવું હોય તો તત્ર પણ ઉપપત્તિ કથે છે કે અલૌકિકનું સાધક જ વીર્ય મહદ્ હોય છે અને તેવું અલૌકિક-સાધક મહદ્ વીર્ય તો ધર્મરૂપ જ હોય છે, અને ધર્મ્યે જ વીર્ય પણ 'કલ્મષ'નિવર્તક અને પૂર્વોક્તધર્મે અલૌકિકત્વસાધકત્વવિશિષ્ટ પણ હોય છે તેથી "कल्मषापहम्'પદે વીર્યનું અને ધર્મનું ઐક્ય કથ્યું, 'કથા'માં પણ અલૌકિકત્વસાધક મહદ્ ધર્મરૂપ વીર્ય સર્વત્ર પ્રસિદ્ધ જ છે તેથી 'कल्मषापहम्'પદે 'કથા'ના વીર્યનું વા ધર્મનું કથન કર્યું, અત્ર શ્લોકમાં 'ईडितम्' પદનું અને આગ્નેયાદિમાં 'ईरित' પદનું પણ અર્થસામ્ય આ જ પ્રકારે અવધારવું.

**श्रवणमङ्गलम् ।** આપાતતઃ પ્રાયશ્ચિત્તાદિમાં પણ 'કલ્મષાપહ'ત્વ જણાય છે, તેથી પ્રાયશ્ચિત્તાદિની વ્યાવૃત્તિને અર્થે "श्रवणमङ्गलम्"પદ કથે છે, પ્રાયશ્ચિત્ત તો ગોમયાદિલેપનાત્મક અને ઉપવાસાત્મક હોવાથી સ્વરૂપતઃ પણ અમઙ્ગલ છે એટલું જ નહિ પરન્તુ ઘોરાત્મક હોવાથી પ્રાયશ્ચિત્ત શ્રવણે પણ અમઙ્ગલ છે અને 'કથામૃત' તો ઉદાર ચરિત છે–ઉદાર છે ચરિત યત્ર તેવું-છે; ઉદારચરિત 'કથામૃત' તો શ્રુતમાત્ર જ થતાં આનન્દને પ્રકટ કરે છે એમ આપનું 'કથામૃત' અનુભવસિદ્ધ 'શ્રવણમઙ્ગલ' છે,'श्रवणमङ्गलम्'પદે 'કથામૃતની' કીર્તિતુલ્યતા નિરૂપી.

**श्रीमत् ।** 'પુત્રજન્માદિશ્રવણ પણ કિઞ્ચિદ્ધર્મસામ્યથી 'શ્રવણમઙ્ગલ' છે, પુત્રજન્મમાં પણ કિઞ્ચિન્માત્ર ઋણમોચકત્વે 'કલ્મષાપહ'ત્વ પણ છે કારણ કે किं प्रजया करिष्यामः' ઇત્યાદિ વાક્ય પ્રજેષણાએ ઋણમોચકત્વની પણ અપેક્ષા મુમુક્ષુને તો નથી એમ કથે છે' એમ આશઙ્કીને તેની વ્યાવૃત્ત્યર્થ "श्रीमत्"પદ કથે છે, પુત્રજન્માદિ તો ધનવ્યયસાધક છે પરન્તુ ધનસાધક નથી અને 'કથામૃત' તો લક્ષ્મીએ પણ અપેક્ષિત હોવાથી 'શ્રીમત્' લક્ષ્મીયુક્ત છે, **તેથી કથાના તો શ્રોતાને અને વક્તાને પણ શ્રીની અર્થાદ્ લક્ષ્મીની સિદ્ધિ થાય છે**, એમ "श्रीमत्"પદે કથામૃતમાં શ્રીધર્મ નિરૂપ્યો.

૧. जुगु[illegible] ત્યાગવાચક છે.

રાજ્યપ્રાપ્તિશ્રવણ પણ ‘શ્રીમત્’ તો હોય છે તેથી રાજ્યપ્રાપ્તિશ્રવણની વ્યાવૃત્ત્યર્થ ‘आततम्’ પદ કહે છે, ‘કથામૃત’ आ-सर्वतः-ततम् વ્યાપ્ત-છે, અને રાજ્યાદિક તો

आततम् । પરિચ્છિન્નમાત્ર છે, ભગવાનનું ઐશ્વર્ય તો સર્વમાં-બાહ્યાભ્યન્તરમાં સર્વથા વ્યાપ્ત છે અને ‘કથામૃત’ પણ સર્વ લોકોને વ્યાપીને સ્થિતિ કરે છે અર્થાત્ સર્વત્ર જ સ્વસામર્થ્યને સમ્પાદે છે, “आततम्”પદે ‘કથામૃત’નું વ્યાપકત્વે ઐશ્વર્ય કહ્યું, “कथामृतम्”પદે સ્વરૂપતઃ કથા ભગવત્સદૃશી છે એમ પ્રતિપાદન કરીને “तप्तजीवनम्”વિશેષણથી આરમ્ભીને “आततम्”વિશેષણપર્યન્ત ઐશ્વર્યાદિ ષડ્ ગુણતઃ પણ ‘કથામૃત’ ભગવત્સદૃશ જ છે એમ સિદ્ધ કર્યું, ભગવદ્રૂપ અને ભગવત્કથા ઉભયે તુલ્ય છે એ સિદ્ધાન્ત યુક્ત પણ છે કારણ કે “नामरूपे व्याकरवाणि”શ્રુતિમાં ભગવન્નામનું અને ભગવદ્રૂપનું તુલ્યત્વ નિરૂપ્યું છે અને તેથી ‘आच्छिद्य कीर्तिं सुश्लोक्याम्’ કથીને ‘तमोनया तरिष्यन्ति’શ્લોકે ભગવાને નિજ ભાર સ્વકીર્તિમાં સ્થાપ્યો એમ એકાદશસ્કન્ધમાં કથન પ્રસિદ્ધ જ છે, પ્રથમસ્કન્ધીય ‘कृष्णे स्वधामोपगते’ શ્લોકમાં પણ નામાત્મક શ્રીભાગવતનું શ્રીકૃષ્ણતુલ્યત્વ કહ્યું જ છે, આ પ્રકારે સ્વરૂપતઃ અને ધર્મતઃ પણ ભગવાનનું અને ભગવત્કથાનું સાદૃશ્ય નિરૂપીને શ્રીગોપીજને સિદ્ધ કર્યું કે વિરહમાં પણ અમારાં જીવન અસ્મત્કૃતિસાધ્ય નથી પરન્તુ સ્વરૂપતઃ અને ધર્મતઃ પણ આપના જ સમા આપની જ કથાથી અમને જીવન પ્રાપ્ત થયાં તેથી ‘વિરહમાં પણ અસ્મજ્જીવનથી’ એમ આપ જે અનુમાને અમારું અભક્તત્વ સાધતા હતા તે અનુમાનમાં તો અસ્મત્કૃતિસાધ્યતા ઉપાધિ છે અને તેથી આપનું સાધ્ય જે અભક્તત્વ તે તો સિદ્ધ જ થઈ શકતું નથી, વિરહમાં પણ અસ્મજ્જીવન ભગવત્કથાએ જ છે કાંઈ સ્વતઃ જ અસ્મત્કૃતએ નથી, અત્ર “જીવન”પદે પ્રકારાન્તરે ભગવાનથી પણ કથાનો ઉત્કર્ષ કહ્યો કારણ કે આપ તો કદાચિદ્ મારો પણ છો પરન્તુ ભગવત્કથા તો આપ જે કાલે મારો છો તે જ કાલે પણ અમારું ‘જીવન’ થઈને પણ અમને જીવાડે જ છે, તથાપિ આપમાં અને કથામાં કેવલ એટલો જ વિશેષ છે કે આપ સ્વતન્ત્ર છો અને કથા પરતન્ત્રા છે, આપ રસાનુભાવનમાં સ્વતન્ત્ર છો અને ‘કથામૃત’ તો સહાયસઙ્ગસાપેક્ષ હોવાથી પરતન્ત્ર-વક્ત્રધીન-છે.

પરન્તુ બ્રહ્માદિએ પ્રાર્થિત આપ તો અવતારધારણ કરીને આગમન કરો છો અને આગત પણ આપ તિરોભૂત-અન્તર્હિત-થઈ જાઓ છો પરન્તુ આગતા

भुवि गृणन्ति ते કથા તો કદાપિ તિરોભૂતા થતી જ નથી, અને તેથી જ તાદૃશ

भूरिदा जनाः । ‘કથામૃત’ને જેઓ ભૂતલમાં ગૃણે છે ‘તેઓ’-પ્રસિદ્ધ વ્યાસાદિ જ “भूरिदाः” બહ્વર્થદાતા છે, તાદૃશ ‘કથામૃત’ના કથનકર્તા પ્રસિદ્ધ વ્યાસાદિ ‘ભૂરિદ’ અને ‘अजना’: અર્થાત્ કેવલભગવદ્રૂપ છે અથવા જનનાદિદોષે જ રહિત છે, પરન્તુ કથામૃત પિણ્ડવદ્ ઘન નહિ હોતાં જલવદ્ વિરલ છે અને કેવલ મરણોપસ્થિતિમાં જ મરણનું નિવર્તકમાત્ર છે, ‘કથામૃત’ કાંઈ સમ્ભૂય-મળીને-પિણ્ડવદ્ એકત્ર રસજનક નથી,-આપનું ‘કથામૃત’ તો વિરલ રસ છે અને આપનું સ્વરૂપ તો ઘન પિણ્ડ છે તેથી વિરલ રસમાં અને ઘન પિણ્ડમાં જેટલો વિશેષ છે તેટલો અને તેવો જ વિશેષ આપના સ્વરૂપમાં અને આપની કથામાં પણ છે અન્યથા-જો આપના સ્વરૂપમાં અને કથામાં પૂર્વોક્ત વિશેષ જ ન હોત તો-કથાર્થ જ અમે પણ યત્ન કર્યો હોત, આ દૃષ્ટિએ યદ્યપિ કથાપેક્ષાએ સ્વરૂપ જ મહત્ છે તથાપિ વિરલ ‘કથામૃત’રસનો તો વિરહમાં મરણનિવર્તકત્વે જ ઉપયોગ છે તેથી અત્ર શ્લોકમાં ભગવત્‘કથામૃત’ની ભગવત્ત્વે જ સ્તુતિ થાય છે, કથાવક્તા ‘ભૂરિદ’ અને ‘અજન’ છે તેથી તે પ્રસિદ્ધ વ્યાસાદિ ભગવત્કથાકથકોએ લોકોને ‘કથામૃત’રૂપ બહુ જ દાન કર્યું છે, તેથી તદ્વશાત્-કથાવશાદ્-જ વિરહમાં પણ અસ્મજ્જીવન શક્ય થયું, કથાવક્તા ‘ભૂરિદ’ છે એમ કથીને કથાનું ‘જીવન’સમ્પાદકત્વરૂપ માહાત્મ્ય કહ્યું તેથી અત્ર વિરહમાં પણ ગોપિકાન્તરોક્તા જ ભગવત્કથા ‘જીવન’સમ્પાદિકા થઈ એમ ધ્વનિ છે આ વચન સાત્ત્વિકીનું છે. (૯.)

આભાસ--“प्रहसितम्”શ્લોકે તામસીનું કથન શ્રીશુક અનુવદે છે.

श्लोक-प्रहसितं प्रिय प्रेमवीक्षितं विहरणं च ते ध्यानमङ्गलम् ।
रहसि संविदो या हृदिस्पृशः कुहक नो मनः क्षोभयन्ति हि ॥१०॥

**શ્રીમદ્ભાગવતાક્ષરાર્થ—હે પ્રિય! આપનું પ્રહસિત પ્રેમવીક્ષિત વિહરણ અને ધ્યાનમઙ્ગલ તેમ જ એકાન્તમાં સુન્દર વાક્ય જેઓ હૃદયને સ્પર્શે છે તે હે કુહક! અમારાં મનને ક્ષોભાવે છે. (૧૦.)**

**કુહક નો મન: ક્ષોભયન્તિ હિ।**

**વ્યાખ્યાન**—જો આપના ધર્મો ક્ષોભ ઉત્પાદિત ન કરે તો કથાએ પણ યદ્યપિ સ્થિતિ કરી શકાય-જીવી શકાય-તથાપિ જેમ આપમાં ઐશ્વર્યાદિ ષડ્ ગુણ છે તેમ ષડ્ વ્યામોહક પણ ગુણ છે અન્યથા કથાએ જ ચરિતાર્થતા થઈ જાય, ભગવાન્માં વ્યામોહક પણ ષડ્ ગુણ છે એમ પ્રમાણતઃ નિરૂપવાને કથે છે કે તદર્થે-મોહનાર્થ-ભગવાન્ માયાએ 'કુહક'લીલા પણ કરે છે તેથી સિદ્ધ થઈ રહે છે કે મોહનાર્થ તાદૃશી કાપટ્યલીલા જ ભગવાનના મોહકગુણસદ્ભાવમાં પ્રમાણ છે, 'ભગવાન્માં આ પ્રકારે આરોપ અનુચિત છે' એમ આશઙ્કા થાય તો તેને પરિહરે છે કે સ્વસ્વભાવદોષથી ભગવાન્માં તાદૃશદોષસ્ફૂર્તિ થાય છે, **જેમ જ્વરિતને અન્નમાં વિરસતાપ્રતીતિ થાય છે તેમ આ શ્રીગોપીજનને સ્વતામસસ્વભાવદોષથી ભગવાન્માં દોષસ્ફૂર્તિ થાય છે** અને તેથી જ ભગવાન્ મોહનાર્થ માયાએ 'કુહક'લીલા પણ કરે છે એમ આ ભક્ત કથન કરે છે, નિજ તામસભાવદોષથી ભગવાન્માં પણ તાદૃશી સ્ફૂર્તિ થઈ તેથી 'આપનું પ્રહસિતાદિક અમારા મનને ક્ષુબ્ધ કરે છે' એમ આ તામસી ગોપી કથે છે.

**પ્રહસિતમ્।** આ ગોપી સ્વતામસભાવથી જ ખિન્ના રહે છે તેથી તેને ત્યજીને ભગવાન્ અન્યાએ સહ કવચિત્ સ્થિતિ પણ કરે છે અને તતઃ આ ગોપીના સમીપ પુનઃ સમાગમન કરીને પ્રકર્ષે હસે છે તેથી ભગવાન્નું પ્રકર્ષે હસિત આ ગોપીમાં સુતરાં 'ક્ષોભને ઉત્પન્ન કરે છે.'

**પ્રિય।** 'પ્રિય'સમ્બોધનથી ભગવાન્નો સ્મૃતમાત્ર પણ 'પ્રિય'ત્વસમ્બન્ધ 'ક્ષોભ'જનક થઈ પડે છે, અને તેથી જ જે સ્ત્રીજનને ભગવત્સમ્બન્ધ નથી તેમને 'ક્ષોભ' પણ નથી કારણ કે 'ક્ષોભ'નું પણ મૂલ તો અનુભૂત વા સ્મૃત ભગવત્સમ્બન્ધ જ છે.

**પ્રેમવીક્ષિતમ્।** કિઞ્ચ આપનું જે **પ્રેમવીક્ષિત**-પ્રેમે વીક્ષિત-તે પણ 'ક્ષોભને ઉત્પન્ન કરે છે,' આપનું 'પ્રેમવીક્ષિત' પ્રકારત્રયે ક્ષોભક થાય છે, આપના 'પ્રેમવીક્ષિતના' સ્મરણથી પણ ક્ષોભ થાય છે, અર્થાત્ **સંયોગદશામાં સ્વવિષયક પ્રેમવીક્ષિતનું વિપ્રયોગદશામાં સ્મરણ ક્ષોભને ઉત્પન્ન કરે છે,** યદ્વા આપના અન્યત્ર ચિકાવિષયક 'પ્રેમવીક્ષિત'નું અસ્મત્કૃત સ્મરણ 'અમારા મનમાં ક્ષોભને ઉત્પન્ન કરે છે,' યદ્વા આપનું 'પ્રેમવીક્ષિત' બાહ્યતઃ વિશ્વાસજનક પણ હોઈને અન્તઃકપટરૂપ છે તેથી ક્ષોભજનક છે, અન્યથા-જો આપનું વિશ્વાસજનક 'પ્રેમવીક્ષિત' અન્તઃકપટરૂપ ન હોય તો-કાર્યમાં વિસંવાદ જ ન થાય, યદ્વા આપનું 'પ્રેમવીક્ષિત' મનનું ઉત્તોલક વા પરીક્ષક છે તેથી ક્ષોભજનક છે, જ્ઞાતપ્રેમ પ્રેમવાનનું પરીક્ષાકરણ સ્પષ્ટ ક્ષોભજનક થાય છે, આપનું 'પ્રેમવીક્ષિત' આશાજનક હોય છે, આશાએ શ્રમ અને તે શ્રમથી પણ 'ક્ષોભ' થાય છે.

**વિહરણમ્।** આપનું વિહરણ પણ ક્ષોભજનક છે, આપનું विहरण અર્થાદ્ વેણુવાદનાદિપૂર્વક ચલન પણ ક્ષોભજનક છે, ત્રિભઙ્ગલલિતસ્વરૂપે વ્રજાગમનસામયિક વેણુવાદનાદિએ શ્રીસ્વામિનીનિષ્ઠ અન્તઃસ્થિત ભગવદીય રસને તદાકારથી આપ બહિઃ સ્થાપો-પ્રકટ કરો-છો ત્યારે વેણુનિનાદશ્રવણે શ્રીગોપીજનને પુલકાદિ થાય છે, **અર્થાદ્ વિશેષે હરણ-રસનું બહિઃસ્થાપન-જેથી એવું ત્રિભઙ્ગલલિતાદિક સ્વરૂપ વિહરણ હોવાથી તે પણ ક્ષોભજનક છે.**

**ધ્યાનમઙ્ગલમ્।** પૂર્વે અમે 'ધ્યાત' તે 'વિહરણ' પણ સમ્પ્રતિ ક્ષોભજનક છે, પૂર્વે આપના 'વિહરણ'નું 'ધ્યાન' કરતાં ત્યારે તે 'ધ્યાન' જ 'મઙ્ગલ'નું-ત્વલ્લક્ષણ શુભફલનું-દાન કરતું, તે આપનું 'ધ્યાનમઙ્ગલ' પણ 'વિહરણ' ઇદાનીં તો ક્ષોભજનક છે, ભગવાન્ની અન્તઃસ્થિતિનું જ્ઞાન અમને-શ્રીગોપીજનને-નથી તેથી અત્ર અન્તઃપદનો પ્રયોગ કર્યો નથી, યદ્યપિ "તે"પદનો સમ્બન્ધ સર્વત્ર જ છે અને તેથી પ્રથમતઃ જ તે પદની ઉક્તિ ઉચિતા જ

૧. શ્રીમત્પ્રભુચરણકૃત શ્રીત્રિભઙ્ગલલિતસ્તોત્રમાં શ્રીગોકુલચન્દ્રમાજીસ્વરૂપનું નિરૂપણ છે જે સ્વરૂપ સમ્પ્રતિ કામવનમાં બિરાજમાન છે.

હતી તથાપિ **અન્ય કાપટ્ય તો માયાએ પણ કરો છો અને ધ્યાનમઙ્ગલે ક્ષોભ તો સ્વરૂપતઃ જ આપ કરો છો** તેથી મુખ્યતઃ તે પદનું સન્નિધાને કથન અત્ર જ કર્યું, એમ અત્રપર્યન્ત રૂપસમ્બન્ધમાં प्रहसितम् प्रेमवीक्षणम् विहरणम् અને ध्यानमङ्गलम् એ ચતુષ્ટય ક્ષોભક કથ્યું.

હવે નામસમ્બન્ધિ ક્ષોભકદ્વયનું અર્થાદ્ 'રહસિ સંવિદ્'નું અને 'હૃદિસ્પૃશ્'નું કથન

**रहसि संविदो या हृद्दिस्पृशः।** 'रहसि संविदः અને या हृदि स्पृशः' પદે કથે છે કે રહસ્યમાં-એકાન્તમાં-**સંવિદ્** જ્ઞાનરૂપા ભગવદ્વાગ્ યદ્વા શાસ્ત્રજનિત જ બન્ધાદ્યાભજ્ઞાનરૂપ જ જ્ઞાન અને તત્ર પણ જે હૃદિસ્પૃશ્-હૃદયગામિની-વાણી યદ્વા **કેવલ નાયકાનુકૂલા જ નહિ પરન્તુ અસ્મદનુકૂલા જ બન્ધસંવિદ્ હોવાથી તે સર્વસુખહેતુ હોય છે** તથાપિ આપ જ્યારે વઞ્ચના કરો છો ત્યારે તો તે **રહસિ સંવિદ્** અને **હૃદિસ્પૃશ્** ઉભયે પણ ક્ષોભને જ ઉત્પન્ન કરે છે, આ અર્થ સર્વાનુભવસિદ્ધ છે એમ "हि" પદે કથે છે. (૧૦.)

**आभास**—चलसिશ્લોકે રાજસીનું વચન કથે છે.

**શ્લોક-चलसि यद् व्रजाच् चारयन् पशून् नलिनसुन्दरं नाथ ते पदम्।**
**शिलतृणाङ्कुरैः सीदतीति नः कलिलतां मनःकान्त गच्छति॥११॥**

**श्रीमद्भागवताक्षरार्थ—**જ્યારે **વ્રજમાંથી પશુઓને ચરાવતા આપ ચલન કરો છો ત્યારે આપનું નલિનસુન્દર પદ શિલતૃણાઙ્કુરે વ્યથિત થાય છે એમ હે મનઃકાત! અમારું મન કલિલતાને પ્રાપ્ત કરે છે. (૧૧.)**

**व्याख्यान**—આપનું સ્વાસ્થ્ય સતે પણ સ્નેહવશાદ્ અમને તો 'अतिस्नेहः पापशङ्की' ન્યાયે ભવદ્વિષયિણી ખેદબુદ્ધિ થાય છે અને અમને એવો ખેદ સતે પણ આપને તો અસ્મદ્વિષાયણી કાંઈ

**कलिलतां मनः-कान्त गच्छति।** પણ ખેદબુદ્ધિ થતી નથી એ પ્રકારનો જાણે ન્યાયવિરોધ રાજસી શ્રીગોપિકા કથે છે કે 'આપ **વ્રજમાંથી** જ્યારે **પશુઓને** ચરાવતા **ચલન** કરો છો ત્યારે નાલનની અપેક્ષાએ પણ **સુન્દર** આપનું કોમલ **પદ** હે **નાથ!** માર્ગમાં સ્થિત **શિલતૃણાઙ્કુરે**'-તામસ **શિલે** પાષાણે-સાત્ત્વિક **તૃણે** અને રાજસ દર્ભાદિના **અઙ્કુરે**-અથ વા શિલારૂપ જે તૃણ તે **શિલતૃણ** અર્થાત્ કઠિન તૃણ તે **શિલતૃણ**ના અતિપરુષ તીક્ષ્ણ **અઙ્કુરે 'ક્લેશને પ્રાપ્ત કરે છે,'** વસ્તુતઃ તો ક્લેશને પ્રાપ્ત કરતું નથી જ, તથાપિ **'હે કાન્ત**-હે ભર્તઃ-**અમારું મન એમ કલિલતાને પ્રાપ્ત કરે છે,'** व्रजात्પદે પ્રાતઃકાલથી જ આરમ્ભીને ખેદ થાય છે એમ **સૂચવ્યું**, આપનું ચલન થાય છે તેથી જ **ખેદ** થાય છે તેથી પ્રથમતઃ જ चलसि પદ કથ્યું, આપના ચલનનું પણ કારણ 'પશુચારણ' છે એમ કથીને પશુચારણકાર્યથી પણ **'ચલન'** ભગવાન્‌ને જ અભીષ્ટ છે પરન્તુ ભગવાન્‌ના नलिनसुन्दरपदને તો તે ચલન અભીષ્ટ જ નથી કારણ કે **વસ્તુતઃ** તો **આપનું ચરણારવિન્દ અસ્મત્સ્થાન ત્યજીને કુત્ર પણ ગમન કરતું નથી તેને તો કેવલ અસ્મત્સ્થાન જ અભીષ્ટ છે તથાપિ આપ જ બલાત્કારે તે ચરણારવિન્દને** પ્રેરીને અરણ્યમાં **ચલાવો છો**, કિઞ્ચ વ્રજસ્થિત ગાયો અરણ્યમાં લઈ જવામાં આવે છે તત્ર **તેમનું** ચારણ ઋજુમાર્ગગમને થઈ શકતું નથી અને તેથી તેમના ચારણાર્થ અમાર્ગે પણ આપે ગમન કરવું પડે છે તેથી, આપ વ્રજમાંથી પશુઓને ચરાવતા ચલન કરો છો તેથી તેમ જ આપના નલિનસુન્દર ચરણારવિન્દ**ને** અવસાદ થાય છે તેથી પણ, 'અમારું **મન** કલિલ થાય છે', **ભૂમ્યાદિના અનુગ્રહાર્થ આપ પાદુકાધારણ પણ કરતા નથી અને પાલ્યનું તો ચર્મ જ પરિધેય નથી,** ભૂમ્યાદિનો અનુગ્રહ કરણીય છે અને પાલ્યનું ચર્મ પરિધેય નથી તેથી ચર્માપરિધાનમાં ભૂમ્યાદ્યનુગ્રહ અને પાલ્યચર્માપરિધેયતા એમ હેતુદ્વય છે અને પાદુકાધારણ ન કરવામાં ભૂમ્યાદ્યનુગ્રહ કેવલ એક જ હેતુ છે, અર્થાદ્ ભૂમ્યાદ્યનુગ્રહ કરણીય છે તેથી પાદુકાગ્રહણ કરતા નથી, અને ભૂમ્યાદ્યનુગ્રહ કરણીય છે તેથી અને પાલ્યનું ચર્મ અપરિધેય છે તેથી-એમ હેતુદ્વયથી-આપ ચર્મધારણ કરતા નથી, યદ્વા ચર્માપરિધાનનું જ ઉપપાદન કર્યું છે તેથી ચર્મમયી પાદુકા તો ધરતા જ નથી, યદ્યપિ કાષ્ઠમયી પાદુકાનું તો ગ્રહણ ક્વચિત્ કરે પણ છે તથાપિ કાષ્ઠમયી પાદુકાએ બહુદૂર ગમન સમ્ભવતું નથી તેથી અત્ર પાદુકાનું ગ્રહણ

નથી એમ જાણવું, શૈત્યાદિનિવૃત્ત્યર્થ અપેક્ષિત કુઙ્કુમાદિના વ્યવધાને વક્ષોજાનુગ્રહ કાંઇ અન્યથા થઈ જતો નથી તેમ આવશ્યકપાદુકાદિવ્યવધાને કાંઇ ભૂમ્યાદ્યનુગ્રહ પણ અન્યથા થઈ જતો નથી તેથી અરુચિએ તાત્પર્યાન્તર પણ કથે છે કે 'પાલ્યનું ચર્મ પરિધેય નથી,' વ્રજીય સર્વ જ જીવ ભગવાને પાલ્ય છે અને તેમના ચર્મના પરિધાને તો તન્મારણ જાણે અનુજ્ઞાત થાય છે તેથી પાલ્યચર્મપરિધાન તો કદાપિ કરતા જ નથી, આથી એમ નિષ્પન્ન થાય છે કે ચર્મપરિધાનાભાવ ઉપપાદિત કર્યો તેથી કદાચિત્ કાષ્ઠમયી પાદુકાનું તો ધારણ કરે પણ છે અને તેથી જ મહત્સેવ્ય સ્વરૂપોમાં શ્રીમન્મદનમોહનલાલજીના ચરણારવિન્દમાં પાદુકાનાં દર્શન પ્રત્યક્ષ થાય છે, આવશ્યક વ્યવધાને કાંઇ ભૂમ્યાદિવિષયક અનુગ્રહ અન્યથા થઈ જતો નથી એમ તો અનુપદ જ કહ્યું તેથી આપ સર્વદા મોજડી વિના અને પ્રાયઃ પાદુકા વિના જ ચલન કરો છો અને તેથી આપનું 'નલિનસુન્દર પદ' જ 'શિલતૃણાઙ્કુરે અવસાદને પ્રાપ્ત કરે છે,' આપનું ચરણનલિન છે' અને નલિન જલજ છે તેથી સરસ્યાદિરૂપ ઉત્પત્તિસ્થાન જલમાં જ સ્થિતિ કરવાને તે યોગ્ય છે, આપનું 'ચરણનલિન' ચાલનને તો યોગ્ય જ નથી અને તેથી વ્રજમાં જ તે તો સ્થાપનીય છે એમ અત્ર આશય છે, કદાપિ તેનું ચાલન પણ થાય તદાપિ નીરસ ઉદ્ધૃત જલમાં તત્સ્થાપન તો સર્વથા ઉચિત નથી કારણ કે તત્ર તે તેમ શોભતું જ નથી તેથી પક્ષાન્તર કથે છે કે જલપૂર્ણમાં અર્થાત્ શાડ્વલમાં જ સ્થિતિ કરવાને તે યોગ્ય છે, સરોજ હોવાથી પૂર્ણ સરમાં જ તે 'નલિન' સ્થિતિ કરવાને યોગ્ય છે અથ વા **જેમ સ્વસ્થાનથી ઉદ્ધૃત 'નલિન' જલપૂર્ણ ઘટાદિમાં સ્થિતિ કરે છે તેમ સ્વસ્થાનથી ઉદ્ધૃત આપનું 'ચરણનલિન' જલપૂર્ણ-રસપૂર્ણ-અસ્મત્કુચકલશાદિમાં સ્થિતિ કરે એ જ યુક્ત છે.**

**અર્થાન્તર।** અત્ર અર્થાન્તર પણ છે, વસ્તુતઃ તો આપનું ચરણારવિન્દ 'નલિન'થી પણ 'સુન્દર' છે, તેથી તે પદ લક્ષ્મીમાં વા અમારામાં જ સ્થિતિ કરવાને યોગ્ય છે, 'નલિન'ની સ્થિતિ સરમાં વા જલપૂર્ણ ઘટાદિમાં એમ દ્વિધા જ સમ્ભવે છે તેથી જેમ સરમાં 'નલિન' સ્થિતિ કરે છે તેમ જલસ્થાનીયા લક્ષ્મીમાં આપનું ચરણારવિન્દ સ્થિતિ કરવાને યોગ્ય છે કારણ કે 'નલિન'નું સ્થાન જલ છે તેમ ચરણનું સ્થાન સ્વકીયા લક્ષ્મી છે, અને ઉદ્ધૃત 'નલિન' જેમ કદાચિદ્ જલપૂર્ણ ઘટાદિ પાત્રમાં પણ સ્થિતિ કરવાને યોગ્ય છે તેમ અત્ર પાત્રસ્થાનીય શ્રીગોપીજન છે કારણ કે તે પરકીયા છે, સ્વકીયા-પક્ષથી લક્ષ્મીમાં જ 'ચરણનલિન'ની સ્થિતિ યુક્તા છે તથાપિ કદાચિત્ સ્વસ્થાનથી ઉદ્ધૃત 'નલિન'ની સ્થિતિ જલપૂર્ણ ઘટાદિમાં યુક્તા છે **તેમ કદાચિત્ સ્વકીયા લક્ષ્મીમાંથી ઉદ્ધૃત આપનું ચરણારવિન્દ જલપૂર્ણઘટાદિરૂપા પરકીયા શ્રીગોપીમાં વિરાજમાન થાય એ પણ યુક્ત જ છે** પરન્તુ લક્ષ્મીમાં કે અમારામાં સ્થિતિ કરવાને યોગ્ય આપનું 'નલિન'થી પણ અધિકસુન્દર ચરણ અરણ્યમાં 'શિલતૃણાઙ્કુરે અવસન્ન કરવું' એ તો સર્વથા યુક્ત નથી, "નાથ"સમ્બોધનથી અત્ર પશુચારણ અર્થમાં આપના નિયોજ્ય પણ બહુ જ છે તથાપિ આપ સ્વતઃ જ ગમન કરો છો એમ સૂચન કર્યું, વનમાં તો પર્વતરૂપા અરણ્યરૂપા અને કચ્છરૂપા એમ ત્રિવિધા ભૂમિ છે તત્ર ક્રમશઃ એકૈકમાં 'શિલતૃણાઙ્કુર'ત્રયમાંથી એકૈક જ હોય છે અથ વા શિલાદિ સર્વ જ સર્વત્ર હોય છે તેથી 'આપનું ચરણારવિન્દ અવસન્ન થાય છે' અર્થાદ્ આપના ચરણારવિન્દને કણ્ટક લાગે છે ત્યારે આપ ચલન પણ કરી શકતા નથી અને ચિરકાલ આપે એકત્ર-કોઇ એક જ સ્થલે-સ્થિતિ પણ કરવી પડે છે, શ્રીગોપીજનના ભાવના અનુભાવે તેમણે આ પ્રકારે નિજ વનલીલાજ્ઞાન કહ્યું એ યુક્ત જ છે, **અરણ્યમાં આપને જ્યારે કણ્ટક લાગે છે, આપનાથી ચલન પણ થઈ શકતું નથી, આપે એકત્ર સ્થિતિ કરવી પડે છે, ત્યારે અમને અમારા મનમાં કલિલતા વા ચિન્તા થાય છે કે અમે સ્વયં તત્ર જઈએ અને સ્વહૃદયમાં જ તે પદને સ્થાપી લઈએ,** અથ વા મનઃકાન્ત એમ જ સમસ્ત પદ છે અને તેથી **હે મનઃકાન્ત! અમારું મન રક્ષ્યું પણ રહી શકતું નથી,** આ પક્ષમાં 'મનઃ'પદની આવૃત્તિ જાણવી.

૧. આ સ્વરૂપ સમ્પ્રતિ કામ્યવનમાં સપ્તમગૃહતિલકાયિત શ્રીરમણજીને માથે વિરાજમાન છે.

॥ 'पाल्यानां चर्म च न परिधेयम्' ઉપરિ स्वतन्त्रं ॥

'ભૂમ્યાદિના અનુગ્રહાર્થ પાદુકાપરિધાન નહિ કરીને શ્રીચરણારવિન્દને અવસાદ-શ્રમ-કેમ સમ્પાદો છો? યદ્યપિ પાદુકાપરિધાનમાં ચરણના અને ભૂમિના મધ્યમાં અન્તકાલ સમ્ભવે અને પાદુકાવ્યવહિત જ ચરણનો ભૂમિને સાક્ષાત્ સ્પર્શ નહિ થવાથી ભૂમિ પ્રતિ અનુગ્રહ પણ સિદ્ધ ન થાય તથાપિ વ્યવધાયકાન્તરે પણ અનુગ્રહ તો સિદ્ધ થઈ શકે એમ છે કારણ કે શ્રીકુઙ્કુમે લિપ્ત પણ પદના સ્પર્શે હૃદયમાં તે પ્રકારનું સુખ સ્વાનુભવસિદ્ધ જ છે તેથી આપ પાદુકા નહિ ધરીને શો અર્થે શ્રમ પ્રાપ્ત કરો છો? અમારા હૃદયની કઠિનતા જાણીને ચરણારવિન્દમાં શ્રમાભાવાર્થ અને ભૂમ્યનુગ્રહાર્થ પણ ચર્માદિકનું જ પરિધાન કુઙ્કુમવત્ કેમ નથી કરતા?' આ પ્રકારે આશઙ્કીને पाल्यानां चर्म च ઇત્યાદિ આજ્ઞા શ્રીમદાચાર્યચરણ કરે છે, 'अजा गावो महिष्यश्च' વાક્યથી તે ગવાદિ તો સર્વ ભાવે પાલ્યા જ છે, અને પાલન પણ જીવતાનું જ ઘટે, તેથી પાલ્યના ચર્મના પરિધાને તો તે પાલ્યા ગવાદિ મૃત્યુમાંથી અપાલિતા રહે, અને તેથી પાલ્યનું તો ચર્મ ન જ પરિધરાય, અન્યના ચર્મને તો ચરણસમ્બન્ધની યોગ્યતા જ નથી તેથી જ અપરિધાન એમ અર્થ છે, કિઞ્ચ ચર્મનો સમ્બન્ધ ચરણને થતાં ચરણભક્તિરસે આલોડિત તૃણભક્ષણે જનિત પરમાનન્દ પણ ન થાય અને ત્યારે તો તેટલે અંશે અપાલિતત્વ પ્રાપ્ત થઈ જાય, તેથી પાલ્યોના ચર્મનું પરિધાન અનુચિત છે એમ ભાવ છે, આથી જ 'तृणचरानुगम्'માં तृणचरપદ શ્રીસ્વામિનીએ કહ્યું ઇતિ દિક્ (૧૧.)

એમ અત્રપર્યન્ત સપ્તવિધા अनन्यपूर्वानुं અને તેથી પણ પૂર્વે ચતુર્વિધા अन्यपूर्वानुं નિરૂપણ કર્યું, અતઃપર તે अन्यपूर्वा જ ષડ્ નિરૂપાય છે, તત્ર પ્રથમ राजसतामसीनुं વચન છે, તે અન્યપૂર્વા બહિર્ગમન કરીને ભગવદ્દર્શન કરવાને અશક્તા છે,

**आभास।** પતિત્વાદિના અનુરોધે અન્યપૂર્વા દિવસે વનમાં ગમન કરીને દર્શન કરવાને અશક્તા છે તેથી જ્યારે સન્ધ્યાસમયે ભગવાન્ શ્રીગોકુલમાં આગમન કરે ત્યારે જ ભગવદ્દર્શન કરીને તેમને મનમાં કામ થાય છે, દિવસે પ્રયોજન ન હોવાથી તેમને કામભાવનું સમ્પાદન નથી પરન્તુ ગુણગાને જ તેમનું રમણ સમ્પન્ન થઈ રહે છે અને રાત્રિએ તો નિજ રમણ કર્તવ્ય જ તેથી સન્ધ્યાસમયે તેમને પ્રભુ રમણોપયોગી કામભાવનું સમ્પાદન કરે છે અને તેથી રજોગુણે બન્ધપ્રાર્થના અને સત્ત્વગુણે અધરામૃતપ્રાર્થના પણ તેઓ અગ્રે કરે છે, પરન્તુ અનન્યપૂર્વાનો તો કામ નિત્ય જ છે અને અનન્યપૂર્વા તો અવિવાહિતા જ હોવાથી તેમને પતિકૃત પ્રતિબન્ધનો સમ્ભવ જ નથી તેથી તેઓ તો દિવસે પણ વનમાં ગમન કરી શકે છે અને રાત્રિએ તો શ્રીયશોદાજીની જ આજ્ઞાથી ભગવત્સમીપગમન સિદ્ધ જ છે તેથી તેમનું રમણ તો અહર્નિશ જ સમ્ભવે છે અને તેથી તેમનો રમણહેતુભૂત કામ પણ દિવસે અને રાત્રિએ પણ એમ નિત્ય વા સાર્વદિક છે, અનન્યપૂર્વાનું તો રમણ દિવસે પણ સમ્ભવે છે તેથી તેમનો રમણોપયોગી કામ પણ નિત્ય જ છે, અનન્યપૂર્વા અગ્નિકુમારવદ્ અન્યા-પરાધીના-પણ છે તથાપિ તેઓ વસ્તુતઃ નિત્યકામવતી જ છે એમ જાણવું, તેથી અગ્નિકુમારનું રમણ તો વિવાહિતાન્યાયે રાત્રિએ જ થાય છે અને તેથી પૂર્વોક્તથી વિરોધ નથી અત્ર સત્ત્વાદિ ભેદ એક જ ગોપીમાં સમયભેદે બહુધા થઈ શકે છે તેથી અગ્રિમશ્લોકદ્વયોક્તા પ્રાર્થના એક જ ગોપીની પણ સમ્ભવે છે એ આશયથી 'તેથી બન્ધપ્રાર્થના' એમ કથન કર્યું, અર્થાત્ કામદાનલીલાસ્મરણે ઉદ્બુદ્ધ કામથી તે જ ગોપી બન્ધપ્રાર્થના અને અધરામૃતપ્રાર્થના પણ કરે છે પરન્તુ અનન્યપૂર્વાનો તો કામ નિત્ય જ છે તેથી તેમણે કામદાનની ઉક્તિ વિના જ, 'व्रजजनार्तिहन्' અને 'प्रणतदेहिनाम्' એમ શ્લોકદ્વયે સ્વરૂપોપકારપૂર્વક બન્ધપ્રાર્થના અને 'मधुरया गिरा' શ્લોકે અધરામૃતની પ્રાર્થના કરી, અનન્યપૂર્વાનો કામ નિત્ય છે તેથી તેમના પ્રસઙ્ગમાં કામદાનનું કથન નથી પરન્તુ આ અન્યપૂર્વાનો તો કામ સન્ધ્યાસમયે જ ભગવદ્દર્શને પ્રભુસમ્પાદિત છે તેથી તદુક્ત 'दिनपरिक्षये'શ્લોકમાં કામદાનનું સ્પષ્ટ કથન છે અને તદનન્તર 'प्रणतकामदं'શ્લોકમાં રજોગુણે બન્ધપ્રાર્થનાનું અને 'सुरतवर्धनं' શ્લોકમાં સત્ત્વગુણે અધરામૃતપ્રાર્થનાનું કથન વિશદ છે.

**श्लोक—दिनपरिक्षये नीलकुन्तलैर्वनरुहाननं बिभ्रदावृतम्।**
**घनरजस्वलं दर्शयन् मुहुर्मनसि नः स्मरं वीर यच्छसि ॥ १२ ॥**

**श्रीमद्भागवताक्षरार्थ–હે વીર! દિનપરિક્ષયે નીલકુન્તલે આવૃત ઘનરજસ્વલ વનરુહાનન ધરતા અને વારંવાર દર્શાવતા આપ અમારા મનમાં સ્મરદાન કરો છો. (૧૨.)**

व्याख्यान–સન્ધ્યાકાલવાચક 'दिनपरिक्षये'પદ પ્રયોજીને અત્ર 'દિન'નો 'પરિક્ષય'કથ્યો તેથી ક્ષયોક્તિએ અન્યપૂર્વા ગોપીએ દિન પ્રતિ સ્વદ્વેષ જણાવ્યો, હવે દ્વેષ્ય 'દિન'નો 'પરિક્ષય'
**दिनपरिक्षये।** થઈ ગયો, સન્ધ્યાકાલ થયો, આ સમય રજોગુણનો છે, કામનો આ કાલ છે, **દિનપરિક્ષયે**-સન્ધ્યાસમયે-રાજસદોહનાદિવૈયગ્ર્ય છે અને સન્ધ્યાસમય તમોરૂપ કામનો ઉદ્બોધક પણ છે તેથી એ કાલ **રાજસતામસ** છે અને તત્કાલીન લીલાનું કથન આ અન્યપૂર્વા કરે છે તેથી આ **અન્યપૂર્વા** ગોપી પણ **રાજસતામસ** છે એમ સિદ્ધ થયું.

ભગવાન્‌ના 'નીલ કુન્તલ' ભ્રમરવદ્ રસબોધક છે, મુખકમલલાવણ્યામૃતનું પાન જે કરે છે તે 'નીલ' 'કુન્તલ' ભ્રમરવદ્ રસબોધક થાય છે એ યુક્ત છે, અને તેથી તેવા
**नीलकुन्तलैर्वनरुहाननं** 'નીલ' 'કુન્તલે' આવૃત વનકમલવત્ શ્રીમુખને ધારણકર્તા આપ હે 'વીર'
**बिभ्रदावृतम्।** અમારા મનને સ્મરનું-કામનું-દાન કરો છો,' સન્ધ્યાકાલે નીલવર્ણે 'આવૃત વનરુહ' નીલપ્રભાવ્યાપ્ત થઈ જાય છે અને અત્ર પણ 'नीलकुन्तलैर्वनरुहाननं बिभ्रदावृतम्'ચરણમાં 'નીલ' 'કુન્તલ'ના અને 'વનરુહ'ના કથને આપના શ્રીમુખની આભા-કાન્તિ-કુવલયસદૃશી છે એમ અર્થાત્ સન્ધ્યાકાલમાં આપના અધરમાં અને નયનમાં પણ અરુણિમાની પ્રતીતિ નથી અને તેથી જેમ પૂર્વ સઙ્કુચિત પણ કુવલય ચન્દ્રમાના દર્શને ઉત્તરોત્તર અધિકાધિક વિકસે છે તેમ અત્ર પણ પૂર્વસઙ્કુચિત ભગવન્મુખકુવલય અન્યપૂર્વાસ્વામિનીરૂપ-પ્રિયાના મુખેન્દુદર્શને ઉત્તરોત્તર અધિકાધિક વિકસે છે એમ જણાય છે, અને તેથી પ્રિયની સર્વસ્વામિની વિષે આસક્તિ સૂચિતા થાય છે અને તેથી જ અર્થાદ્ આસક્તિથી 'જલ'પદ ત્યજીને અત્ર वनरुहाननમાં "वन" પદ પ્રયોજ્યું, યદ્યપિ વનથી ભગવાન્‌નું આગમન થયું છે તથાપિ એતદ્રમણાર્થે પુનઃ વનમાં પ્રવેશ કરશે અને તેથી આપનું વનસ્થત્વ જ સમ્પન્ન કર્યું" અર્થાદ્ વનમાં કુવલયની જે અવસ્થા હોય છે તે અવસ્થા જણાવવાને તે તે ધર્મોને ધારણકર્તૃ મુખનું દર્શન કરાવે છે એમ અત્ર ધ્વનિ છે

घने અર્થાદ્ ગોધને આપનું શ્રીમુખ रजस्वल છે, આપ 'ગોધનના રજે યુક્ત વનરુહાનનનું **પ્રદર્શન** मुहुः વારંવાર કરાવે છે, આપ માર્ગના મધ્યમાં ગમન કરે છે
**घनरजस्वलं** અને ઉભયતઃ સ્થિતા ગોપીને પર્યાયે દેખે છે અને તેથી શ્રીમુખનું 'પ્રદર્શન
**दर्शयन् मुहुः।** વારંવાર થાય છે,' અથ વા અગ્રે ગમન કરતાં કરતાં પણ આપ પુનઃપુનઃ શ્રીમુખની પરાવૃત્તિ કરીને તેમને દેખે છે તેથી પણ આપના શ્રીમુખનું પ્રદર્શન મુહુઃ-વારંવાર-થાય છે

તાદૃગ્ દર્શન પણ નિજ અપેક્ષાનું જ્ઞાપક છે તેથી તે સ્મરજનક છે, નિરન્તર દર્શને તો તત્ર જ રસનું આસ્વાદન થઈ જતાં સ્મરની ઉત્પત્તિનો અવસર જ ન
**मनसि नः स्मरं** રહે, તેથી વારંવાર શ્રીમુખનું પ્રદર્શન થતાં સ્મરાગ્નિનું સન્ધુક્ષણ જ જાણે
**वीर यच्छसि।** થાય છે. તાદૃશસ્મરાગ્નિસન્ધુક્ષણ વારંવાર પ્રદર્શને કરાવીને તે સ્મરાગ્નના પૂરણાર્થ અથ વા નિરાકરણાર્થ તો આપે યુદ્ધ અવશ્ય કર્તવ્ય છે એમ વીરપદે આ અન્યપૂર્વા શ્રીગોપિકા સૂચન કરે છે, આપનું શ્રીમુખ ગો'ધને રજસ્વલ' છે તેથી જે શ્રમનું તે સૂચન કરે છે તે આપના શ્રમની નિવૃત્તિ તો અમારે જ કર્તવ્યા છે, અમારા વિના આપનો તે શ્રમ નિવૃત્ત જ થાય તેમ નથી, આપનું શ્રીમુખ "વનરુહાનન" **છે તેથી વનમાં જ એ સર્વથા ભોગ્ય છે,** અને તેથી અત્ર-વનમાં-જ આપનું સમાગમન છે, 'ગૃહમાં રતિદાન કરીશ' એ પક્ષ "वनरुहाननं"પદે વ્યાવૃત્ત થઈ ગયો, શ્રીમુખની તે જ અવસ્થાને આપ બલાત્કારે સ્થાપે છે એમ बिभ्रत्પદે સૂચન કર્યું.

જો આપ શ્રીમુખનું સમ્માર્જન કરીને સમાગમન કરે ત્યારે તો સમ્મૃષ્ટ પ્રસન્ન શ્રીમુખના દર્શનથી વિકલ્પે જ્ઞાન પણ થાય, આપનું શ્રીમુખ ભક્ત્યાત્મક છે
**सिंहावलोकन।** તેથી ભક્ત્યાત્મક શ્રીમુખમાં સ્નેહરસાનુભવ જ થાય, પરન્તુ અત્ર આપનું શ્રીમુખ તો 'ગોધન'સમ્બન્ધિ 'રજે રજસ્વલ છે' તેથી જ્ઞાન વા ભક્તિરસાનુભવ ન થતાં કામ જ–નહિ કે ક્રોધ પણ–પ્રકટ થાય છે, જેમ પાત્ર 'ધરીને' તત્સ્થિત અન્ન ભોગાર્થે અર્પાય છે તેમ જ આપ નિજશ્રીમુખરૂપ પાત્ર ભક્ત પ્રતિ ધરીને તત્રત્ય કામાત્મા 'સ્મર'રસ અમારા મનમાં સ્થાપો છો તેથી આપનું તાદૃશ પાત્રવત્ શ્રીમુખધારણ કામદાનમાં હેતુ છે, સન્ધ્યાસમયે આપે

કામનું જ દાન ભોગાર્થ અમને કર્યું તેથી ભોગ જ કરણીય છે, આ કામ પણ આગન્તુક છે આપે જ સમ્પાદિત છે, તેથી તેનું પૂરણ અન્યે તો શક્ય જ નથી, ભોગાતિરિક્ત આશ્વાસનાદ-પ્રકારાન્તરે કાંઇ આપે સમ્પાદિત કામનું પૂરણ થઇ શકે જ નહિ તેથી આગન્તુક-આપે સમ્પાદિત-કામનું પૂરણ ભોગપ્રકારે આપે જ કર્તવ્ય રહ્યું (૧૨.)

**आभास।** તેથી પણ ઉત્તમા અન્યપૂર્વા અનન્યપૂર્વાવત્ 'प्रणतकामदं'શ્લોકે નિજસ્તનોપરિ ભગવચ્ચરણ-ધારણ પ્રાર્થે છે, અને તેથી જ અત્ર પૌનરુક્ત્ય નથી, 'प्रणतदेहिनां' શ્લોકની વક્ત્રી અનન્યપૂર્વા છે અને અત્ર 'प्रणतकामदं'શ્લોકની વક્ત્રી તો અન્યપૂર્વા છે એમ વક્ત્રીનો ભેદ છે તેથી જ કેવલ અત્ર પૌનરુક્ત્ય જ નથી પરન્તુ પૂર્વ 'प्रणतदेहिनाम्'શ્લોકની અપેક્ષાએ અત્ર 'प्रणतकामदं'શ્લોકમાં ઉક્ત ચરણનું માહાત્મ્ય પણ અધિક છે કારણ કે અત્ર વર્ણ્યમાન આ ચરણપઙ્કજ ગુણાધાયક છે અને પૂર્વે 'प्रणतदेहिनां'શ્લોકમાં વર્ણિત તે ચરણપઙ્કજ તો કેવલ દોષનિવર્તક જ છે.

**श्लोक-प्रणतकामदं पद्मजार्चितं धरणिमण्डनं ध्येयमापदि ।**
**चरणपङ्कजं शन्तमं च ते रमण नः स्तनेष्वर्पयाधिहन् ॥ १३ ॥**

**श्रीमद्भागवताक्षरार्थ–હે રમણ! પ્રણતકામદ પદ્મજાર્ચિત ધરણિમણ્ડન આપદ્દિધ્યેય આધિહન્ અને શન્તમ આપનું ચરણકમલ અમારા સ્તનોને વિષે અર્પો. (૧૩.)**

व्याख्यान-'હે "रमण" હે રતિકર્તઃ! અમારા સ્તનને વિષે આપનું ચરણપઙ્કજ અર્પો,' 'आधिहन्' વા

**रमण नः स्तने-ष्वर्पयाधिहन्[1]।** 'આર્તિહન્'સમ્બોધને તત્ર પ્રયોજન કથે છે કે 'હે આધિહન્ રમણ! આપે અમારો આધિરૂપ હૃદયતાપ અને હે આર્તિહન્! આપે અમારી આર્તિરૂપા ચિન્તા નિવારણીયા જ છે,' દષ્ટોપકારે જ અમારો હૃદયતાપ જશે, 'પઙ્કજ'નો તાપ નિવૃત્તિરૂપ ઉપકાર દષ્ટ-પ્રત્યક્ષ જ છે અને 'આપનું ચરણ પઙ્કજ' છે તેથી દષ્ટોપકાર 'ચરણપઙ્કજે' જ અમારો તાપ નિવૃત્ત થશે, હૃદયસ્થ તાપની અને ચિન્તાની દષ્ટોપકાર 'ચરણપઙ્કજે' જ નિવૃત્તિ કરણીયા છે તેથી આપ 'અમારાં સ્તનોપરિ આપનું દષ્ટોપકાર 'ચરણપઙ્કજ સ્થાપો,' હૃદયમાં સ્થાપિત તો તે 'ચરણપઙ્કજ'નું હૃદયથી બહિઃસમાગમન અમારાથી કરી શકાતું નથી તેથી આપે સ્વતઃ જ તે 'ચરણપઙ્કજ' બહિઃસ્થાપનીય છે, તાપનિવૃત્તિરૂપ ઉપકાર 'પઙ્કજ'માં પ્રત્યક્ષદષ્ટ છે અને આપનું 'ચરણપઙ્કજ' પણ 'પઙ્કજ' હોવાથી તાપનિવૃત્તિરૂપ દષ્ટોપકાર કરવાને સમર્થ છે, યદ્યપિ તાદશ 'ચરણપઙ્કજ' પણ અમારા હૃદયમાં સ્થાપિત જ છે તથાપિ તે 'ચરણપઙ્કજ' તો હૃદયાન્તઃસ્થાપિત હોવાથી તેનું બહિસ્સમાગમન અમે કરી શકાતું નથી તેથી આપે જ તે દષ્ટોપકાર 'ચરણપઙ્કજ'નું બહિઃસ્થાપન કરીને હૃદયસ્થ તાપ અને ચિન્તા નિવારણીયા છે.

**प्रणतकामदम्।** જેમ ભગવાન્માં ષડ્ ગુણ તેમ ભગવાનના 'ચરણપઙ્ક'જમાં પણ ષડ્ ગુણ છે તેથી ભગવચ્ચરણપઙ્કજમાં ષડ્ ગુણ કથતાં પ્રથમ ઐશ્વર્યગુણને 'प्रणतकामदं'પદે કથે છે, પ્રકર્ષે નત એવા જે प्रणत અનન્યશરણ-અન્યાશ્રયરહિત-તેવા 'પ્રણત'ને આપનું 'ચરણપઙ્કજ' 'કામદ'-અભિલષિતાર્થદાતૃ-છે, અન્યાશ્રયરહિત અનન્યશરણ 'પ્રણત'ના અભિલષિત 'કામ'નું દાન આપનું 'ચરણપઙ્કજ' કરે છે ઇશ્વર જ તથાવિધ 'પ્રણતકામદ' હોવાથી 'પ્રણતકામદ''પદે 'ચરણપઙ્કજ'નું અભિલષિતાર્થદાતૃ ઐશ્વર્ય નિરૂપ્યું, ઈશ્વરના મનમાં દાતવ્યત્વે ઉપસ્થિત તત્રત્ય 'કામ'નું પણ ગ્રહણ સ્તબ્ધ જીવો કરી શકતા નથી તેથી 'પ્રણત'ત્વ કથ્યું, જેમ ઈશ્વર 'કામદ' છે તેમ યદ્યપિ ભગવાન્નુ 'ચરણપઙ્કજ' પણ 'કામદ' છે જ તથાપિ જે જીવો સ્તબ્ધ છે તેમના અભિલષિતાર્થ 'કામને' 'ચરણપઙ્કજ' પૂરતું નથી પરન્તુ જેઓ અન્યાશ્રયરહિત અનન્યશરણ હોઈને ભગવચ્ચરણપઙ્કજને પ્રકર્ષે નમે છે તે प्रणतના જ 'કામ'નું પૂરણ તે કરે છે, 'ચરણપઙ્કજ'ના 'કામ'પૂરકત્વમાં પણ અપેક્ષિત 'પ્રણતત્વ' અર્થાદ્ અસ્તબ્ધત્વ 'પ્રણત'પદાવયવે કથ્યું, યદ્યપિ ભગવાન્ અને તેથી ભગવચ્ચરણ પણ સ્વાભાવિકૈશ્વર્યવશાત્ 'કામદ' છે તથાપિ દાતવ્ય કામનું-અભિલષિતાર્થનું-પણ ગ્રહણ સ્તબ્ધ જીવે અશક્ય જ છે, દાતવ્ય કામનું-અભિલષિતાર્થનું-ગ્રહણ કરવાને પણ સ્તબ્ધતાના ત્યાગપૂર્વક અનન્યાશ્રયરૂપ 'પ્રણત'ત્વની અપેક્ષા છે. તેથી कामदं પદમાં प्रणतઅવયવ પ્રયોજ્યું.

૧. °तिं°

**पद्मजार्चितम् ।** पद्मज જે બ્રહ્મા તેની પ્રાર્થનાએ જ આપના 'ચરણપઙ્કજ'નું અત્ર આગમન થયું, બ્રહ્મા તો આપના 'ચરણપઙ્કજ'ને ધર્મબુદ્ધિએ જ પૂજે છે **શ્રીગોપીજનવત્ સ્નેહભાવે તે કાંઈ તત્સેવના કરતા નથી** તેથી 'पद्मजार्चितं'પદે બ્રહ્મદેવે પૂજિત 'ચરણપઙ્કજ'ની ધર્મરૂપતા નિરૂપી, બ્રહ્માજીની પ્રાર્થનાથી અત્ર આપના 'ચરણપઙ્કજ'નું આગમન થયું એ હેતુથી 'બ્રહ્મા તે ચરણપઙ્કજને અર્ચે છે' અને તેથી સ્વપ્રાર્થનાએ ભગવચ્ચરણપઙ્કજાગમન બ્રહ્મદેવકૃત ભગવચ્ચરણારવિન્દાર્ચનમાં હેતુ છે એમ કથ્યું કારણ કે જેની પ્રાર્થનાએ જેનું આગમન થાય તેનું અર્ચન તે કરે એ યુક્ત જ છે.

**धरणिमण्डनम् ।** धरणिमण्डनम्પદે 'ચરણપઙ્કજ'ની કીર્તિરૂપતા કથે છે, આપનું 'ચરણપઙ્કજ' 'ધરણી'નું અલઙ્કરણરૂપ 'મણ્ડન'છે,તેથી આપનું ચરણપઙ્કજ પૃથ્વીનો અલઙ્કાર–**મણ્ડન**–છે એમ કથીને 'ચરણપઙ્કજ'નું યશ નિરૂપ્યું અથ વા અત્ર અલઙ્કારવાચક 'मण्डनं'પદ પ્રયોજ્યું છે અને અલઙ્કાર તો શોભારૂપ છે તેથી 'धरणिमण्डनं' પદે 'ચરણપઙ્કજ'ની શ્રીનું–શોભાનું–જ નિરૂપણ કર્યું.

**ध्येयमापदि ।** આપનું 'ચરણપઙ્કજ' આપત્તિમાં પણ ધ્યેય છે તેથી "ध्येयमापदि"પદે 'ચરણપઙ્કજ'ની શ્રીરૂપતા નિરૂપી કારણ કે 'આપદ્‌માં' 'ધ્યાન' શ્રીમાન્‌નું જ થાય છે, શ્રીમાન્ આપન્નિવારક હોય છે તેથી આપદ્‌માં શ્રીમાન્‌નું 'ધ્યાન' થાય છે, આપનું 'ચરણપઙ્કજ' પણ 'આપદ્‌માં ધ્યેય' છે તેથી આપનું 'ચરણપઙ્કજ' શ્રીરૂપ છે, અથ વા 'આપદ્'માં 'ધ્યાન' કીર્તિમાન્‌નું જ થાય છે અને આપનું 'ચરણપઙ્કજ' 'આપદ્‌માં ધ્યેય' છે તેથી "ध्येयमापदि"પદે આપના 'ચરણપઙ્કજ'નું કીર્તિરૂપ યશ નિરૂપ્યું, અર્થાદ્ જો "धरणिमण्डनम्"પદે શ્રીનું ગ્રહણ કરવું હોય તો "ध्येयमापदि"પદે કીર્તિનું ગ્રહણ કરવું પરન્તુ જો "धरणिमण्डनं" પદે કીર્તિનું ગ્રહણ કરવું હોય તો "ध्येयमापदि"પદે શ્રીનું ગ્રહણ કરવું, અને "धरणिमण्डनं" અને "ध्येयमापदि" વિશેષણપદદ્વયે કીર્તિનું અને શ્રીનું એમ અથ વા શ્રીનું અને કીર્તિનું એમ ધર્મદ્વય ગ્રહવું.

**चरणपङ्कजम् ।** "चरणपङ्कजम्"પદે 'ચરણ'માં 'પઙ્કજ'નું સામ્ય કથ્યું અને તેથી ધર્મિ 'ચરણપઙ્કજ'નો સ્વરૂપોત્કર્ષ કથ્યો અર્થાત્ 'ચરણપઙ્કજ'પદ ઉત્કૃષ્ટધર્મિસ્વરૂપવાચક છે.

**शन्तमम् ।** આપનું 'ચરણપઙ્કજ' 'शन्तमम्'અર્થાત્ કલ્યાણરૂપ છે,'ચરણપઙ્કજ'ના 'શન્તમ'ત્વે જ્ઞાનરૂપતા કથી કારણ કે જ્ઞાન કલ્યાણરૂપ છે અને તે કલ્યાણરૂપ જ્ઞાન પણ આપનો જ અને તેથી આપના ચરણપઙ્કજનો પણ એક ધર્મ છે.

**आर्तिहन् ते ।** आर्तिहन्સમ્બોધનથી વૈરાગ્યનું કથન કર્યું અને 'ते चरणपङ्कजम्' એમ સમ્બન્ધનું નિરૂપણ કર્યું તેથી આપના સમ્બન્ધે જ 'ચરણપઙ્કજ' વૈરાગ્યયુક્ત છે એમ સમર્થ્યું, કારણ કે ઇતર પદાર્થમાત્રને પરિત્યજીને વૈરાગ્યપૂર્વક 'ચરણપઙ્કજ' આપનો સમ્બન્ધ કરે છે એટલું જ નહિ પરન્તુ સ્વકીયને પણ આપનો સમ્બન્ધ કરાવે છે, ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટની નિવૃત્તિ સર્વને જ અપેક્ષિતા છે તેથી 'रमण'સમ્બોધને પ્રભુની ઇષ્ટપ્રાપકતા અને "આર્તિહન્" પદે પ્રભુની અનિષ્ટનિવારકતા કથી તેથી એમ નિષ્પન્ન થયું કે પ્રભુ ઇષ્ટપ્રાપક 'રમણ' છે અને અનિષ્ટનિવારક 'આર્તિહા' છે અને **તેથી ઇષ્ટપ્રાપ્ત્યર્થ અને અનિષ્ટનિવૃત્ત્યર્થ ઇતર કોઇનો પણ આશ્રયલેશ પણ કર્તવ્ય નથી પરન્તુ આપના તાદશ સ્વરૂપનો અથ વા સ્વરૂપસમ્બદ્ધ ઐશ્વર્યાદિષડ્ગુણયુક્ત ચરણપઙ્કજનો જ આશ્રય કર્તવ્ય છે,** અત્ર 'चरणपङ्ककजम्'પદે વિશેષ્યનો નિર્દેશ કર્યો છે અને તત્ર પણ 'પઙ્કજ'ત્વના કથને ધર્મિસ્વરૂપનો ઉત્કર્ષ કથીને 'प्रणतकामदं'ઇત્યાદિ વિશેષણષટ્કે તે ધર્મિસ્વરૂપ 'ચરણપઙ્કજ'નાં ષડ્ વિશેષણ ઐશ્વર્યાદિભાવે કથ્યાં.

**अर्थान्तर ।** અથ વા જે ચરણારવિન્દ લોકમાં પઞ્ચવિધ ઉપકાર કરે છે તે ચરણારવિન્દ અમારા પ્રતિ પઞ્ચ નહિ પરન્તુ કેવલ એક જ ઉપકાર કરો એમ પ્રાર્થના કરે છે, આપનું જે ચરણારવિન્દ લોકમાં લૌકિકકામખણ્ડન ઐશ્વર્ય સ્વકામદાન અલઙ્કરણ અને આપદ્દૂરીકરણ એમ પઞ્ચવિધ ઉપકાર કરે છે તે જ ચરણપઙ્કજ અમારા પ્રતિ પઞ્ચ નહિ પરન્તુ તાપનિવારણાત્મક કેવલ એક જ ઉપકાર કરો એમ પ્રાર્થના કરે છે, આ પક્ષમાં અત્ર અભિલષિતાર્થદાનનું પ્રાર્થન નથી પરન્તુ કેવલ તાપનિવારણનું જ પ્રાર્થન છે, આપનું 'ચરણપઙ્કજ' 'પ્રણતા'ને વિષે 'કામ'નું દાન કરે છે અને 'मनसि नः स्मरं वीर यच्छसि'

શ્લોકવિભાગમાં તે પ્રસઙ્ગ પૂર્વે કથ્યો પણ છે, જે નિજ ભક્તા આપની 'પ્રણતા' છે તેમને 'સ્મર'નું દાન આપનું શ્રીમુખ કરે છે અર્થાદ્ ભોગપ્રાર્થના તો પૂર્વ શ્લોકમાં જ સિદ્ધા જ છે અને તે સર્વ તત્ર–પૂર્વ–શ્લોકમાં જ સમાપ્તિમાં વ્યુત્પાદિત પણ કર્યું છે તેથી અત્ર "प्रणतकामदम्"પદનો પૂર્વોક્ત પક્ષથા વિકલ્પે અર્થ આ પ્રકારે કરવો, પ્રકર્ષે **નત** અર્થાદ્ અતિનમ્રા નિજ'પ્રણુતા'માં આપ 'કામ'નું 'દાન' અર્થાત્ પ્રણુટન કરો છો, આ પક્ષમાં અત્ર શ્લોકના પૂર્વાર્ધે ઉક્ત વિશેષણચતુષ્ટયે નિરૂપિત પઞ્ચવિધોપકારકર્તૃ'ચરણપઙ્કજ' 'અમારા સ્તનમાં' 'શન્તમ'ત્વે–તાપનિવારકત્વે–અર્પો એમ પદયોજના કરવી, पद्मज બ્રહ્માએ ઐશ્વર્યાર્થે અથ વા पद्मजा લક્ષ્મીએ કામાર્થ 'અર્ચિત' આપનું 'ચરણ-પઙ્કજ' છે, અથ વા આપનું पद्म નામ જે 'ચરણપઙ્કજ'તેમાં પ્રાપ્તજન્મા 'ચરણપદ્મજે'- નખે-'ચરણપઙ્કજ' 'અર્ચિત' છે,યદ્યપિ લોકમાં નખ સંયોગિદ્રવ્ય છે તથાપિ ભગવન્નખ તો સચ્ચિદાનન્દસ્વરૂપ સ્વસ્વરૂપાત્મક છે તેથી ભગવન્નખ કાંઇ સંયોગિદ્રવ્ય કથી શકાય નહિ તથાપિ આ વક્ત્રીને ચરણસમ્બન્ધમાં અત્યન્તા આર્તિ હોવાથી જે જે પદાર્થ ચરણસમ્બન્ધી હોય છે તે તે પૂર્ણ જ સાધન છે એ આશયે 'નખે અર્ચિત ચરણપઙ્કજ' કથ્યું, અન્યથા તે નખ આપના 'ચરણપઙ્કજ'માં જન્મ જ કેમ પ્રાપ્ત કરી શકે? નખ આપના 'ચરણપઙ્કજ'માં જન્મ પ્રાપ્ત કરી શકે છે તેથી તે નખ જ અમારું પૂર્ણ સાધન છે એમ'ચરણપઙ્કજ'ના નખાર્ચિત'ત્વમાં ઉપપત્તિ કથી,અથ વા ઉક્ત પક્ષમાં અરુચિએ જ પક્ષાન્તર કથે છે કે આપનું 'પદ્મ' જે 'ચરણપઙ્કજ' તે તો પદ્મજે–નખે–'અર્ચિત' છે અર્થાદ્ નખે તુલ્ય છે, 'ચરણપઙ્કજ'ની અતિશોભા પણ પઙ્કજે–નખે–જ છે તેથી આપનું'ચરણ' 'પદ્મજે'–નખે–જાણે પૂજિત છે, આ પક્ષમાં 'ચરણપઙ્કજ'સ્થ ધ્વજાદિ ચિહ્ન પણ ઉક્તસ્વરૂપ જ જાણવાં, 'ધરણી' પણ સ્ત્રી છે અને અનલઙ્કૃતા સ્ત્રીનો ભોગ થઈ શકે નહિ તેથી તે 'ધરણી'સ્ત્રીમાં મણ્ડન–અલઙ્કારરૂપ આપના 'ચરણપઙ્કજ'નું સ્થાપન આપ કરો છો, એક પ્રકારે તો ભગવાન્‌ની પણ અપેક્ષાએ ચરણ મહાન્ છે કારણ કે **ચરણ તો ધ્યાનમાત્રે જ આપદ્‌ને દૂર કરે છે** આ પ્રકારે 'प्रणतकामदम्'પદે લૌકિકકામખણ્ડન, 'पद्मजार्चितम्'પદે બ્રહ્મદેવને ઐશ્વર્યદાન અને લક્ષ્મીને કામદાન,'धरणीमण्डनम्'પદે અલઙ્કરણ અને 'ध्येयमापदि'પદે આપદ્દૂરીકરણ એમ પદચતુષ્ટયે પઞ્ચવિધ ઉપકાર 'ચરણપઙ્કજ' કરે છે, લૌકિકપ્રણતાનું પદ્મજનું પદ્મજાનું ધરણીનું અને ધ્યાતાનું સર્વોપકારકર્તૃ આપનું'ચરણપઙ્કજ' છે તેમ અમને પણ તાપનિવારણાત્મક એક જ ઉપકાર આપનું 'ચરણપઙ્કજ' કરો એમ પ્રાર્થના કરે છે, અત્ર આ શ્લોકે 'પ્રણતકામા'દિ પદે સર્વ જ સુરતબન્ધનો જ આક્ષેપ કરી લીધો તત્ર આ પ્રકાર છે, 'પ્રણતકામદ'પદે બાહ્ય, 'પદ્મજપદે' વિપરીત, 'પદ્મજા'પદે તિર્યગ્, 'ધરણી'પદે સમ અને 'ધ્યેય'પદે આન્તર એમ સર્વ જ સુરતબન્ધનો પઞ્ચવિધત્વે આક્ષેપ કરી જ લીધો તેથી દ્વાદશ શ્લોકના જ આભાસમાં ઉક્તા બન્ધપ્રાર્થના અત્ર સવિશેષ આક્ષેપદ્વારા નિરૂપી. (૧૩.)

તદનન્તર તેથી પણ ઉત્તમા રાજસસાત્ત્વિકી અન્યપૂર્વા 'सुरतवर्धनं' શ્લોકે 'अधरामृतं वितर' પદે 'અધરામૃતવિતરણ' પ્રાર્થે છે, અત્ર પૂર્વશ્લોકવદ્ અધરામૃત ગુણાધાયક છે

**आभास।** અને તેથી અષ્ટમશ્લોકોક્ત 'અધરસીધુ'ની જ અત્ર પુનરુક્તિ નથી, આ અપુનરુક્ત ગુણાધાયક 'અધરામૃત'માં ચતુર્ગુણત્વ જ વિવક્ષિત છે કારણ કે અત્ર જ્ઞાનનો અને વૈરાગ્યનો સ્પષ્ટ ઉપયોગ નથી તેથી અત્રશ્લોકમાં અધરામૃત'ના ઐશ્વર્યાદિ ગુણચતુષ્ટયનું જ નિરૂપણ "सुरतवर्धनम्" ઇત્યાદિ પદે કરે છે.

**श्लोक–सुरतवर्धनं शोकनाशनं स्वरितवेणुना सुष्ठु चुम्बितम्।**
**इतररागविस्मारणं नृणां वितर वीर नस्तेधरामृतम् ॥१४॥**

**श्रीमद्भागवताक्षरार्थ–હે વીર! આપનું સુરતવર્ધન શોકનાશન સ્વરિત વેણુએ સુષ્ઠુ ચુમ્બિત અને ઇતરરાગવિસ્મારણ અધરામૃત અમને નૃને વિતરો. (૧૪.)**

व्याख्यान- ગોપિકામાં પરિચ્છિન્ન કામ પ્રભુના અપરિચ્છિન્ન સ્વરૂપે સહ સંયોગમાં ક્લિષ્ટ થાય છે, જેમ

**सुरतवर्धनम्।** રસ ક્ષુધાનો ઉદ્બોધક છે તેમ આપનો 'અધર'રસ 'સુરતવર્ધન'–કામોદ્બોધક-છે, કિઞ્ચ આ રસ કેવલ કામને જ પોષે છે એમ નથી પરન્તુ સર્વ જ અન્તઃકરણદોષને નિવારે છે તેથી "शोकनाशनम्"પદે 'અધરામૃત'ની શોકનાશકતા કથીને

**शोकनाशनम्।** જ્ઞાનવૈરાગ્યસ્વરૂપતા પણ કથી, અથ વા "शोकनाशनम्"પદે શોકનાશકત્વે જ્ઞાનવૈરાગ્ય-સ્વરૂપતાનું આન્તર નિગૂઢ કથન કરીને જેમ सुरतवर्धनंપદે ઐશ્વર્યનું નિરૂપણ કર્યું તેમ"शोकनाशनम्'પદે ધર્મસ્વરૂપતાનું જ વિશદ નિરૂપણ કર્યું તેથી "सुरतवर्धनं" અને "शोकनाशनम्"પદે 'અધરામૃત'ની ઈશ્વરતા અને ધર્મસ્વરૂપતા ક્રમશઃ નિરૂપી.

**स्वरितवेणुना सुष्ठु चुम्बितम्।** "सुष्ठु चुम्बितम्"પદે 'અધરામૃત'ની યશોરૂપતા કથે છે, स्वरित અર્થાદ્ નાદયુક્ત જે વેણુ તાદૃશ વેણુએ આપનું 'અધરામૃત' सुष्ठु चुम्बित છે કારણ કે યશનું કીર્તન સુષ્ઠુ નાદજ્ઞ કરે છે અને વેણુ નાદજ્ઞ પરમ ભક્ત છે, તેથી પરમભક્ત નાદયુક્ત 'સ્વરિત વેણુ' 'સુષ્ઠુ ચુમ્બને''અધર મૃત'ના યશને કીર્તે છે, આપનું 'અધરામૃત' 'સ્વારત' નાદજ્ઞ પરમભક્ત 'વેણુ'એ પણ કેવલ 'ચુમ્બિત' જ છે તાદૃશ 'વેણુ'એ પણ 'અધરામૃત'નું પાન તો કર્યું જ નથી.

**इतररागविस्मारणम् ।** આ પદ 'અધરામૃત'ની શ્રીને નિરૂપે છે કારણ કે જેમ શ્રી ઇતર સર્વનું 'વિસ્મરણ' કરાવે છે તેમ આપનું 'અધરામૃત'પણ'ઇતર રાગ'માત્રનું 'વિસ્મરણ' કરાવે છે.

**अर्थान्तर ।** અથ વા सुरतवर्धनથી પ્રારમ્ભીને इतररागविस्मारणंપર્યન્તનાં વિશેષણચતુષ્ટયે પ્રમાણાદિ-ચતુષ્ટયનું સ્વતઃપુરુષાર્થરૂપ 'અધરામૃત'માં નિરૂપણ કર્યું, તત્ર સ્વતઃપુરુષાર્થરૂપ 'અધરામૃત'માં 'इतररागविस्मारणं'પદે પ્રમેયબલનું તેથી પૂર્વ 'स्वरितवेणुना सुष्ठु चुम्बितं'પદે પ્રમાણબલનું 'शोकनाशनं'પદે ફલબલનું અને 'सुरतवर्धनं'પદે સાધનબલનું નિરૂપણ કર્યું, અત્ર "इतररागविस्मारण"પદથી પૂર્વના-સ્વારતવેણુના-"सुष्ठु चुम्बितम्"પદે સ્વત:પુરુષાર્થરૂપ 'અધર.મૃતે' જે પ્રમ ણબલ નિરૂપ્યું તત્ર આ પ્રકાર છે, વેણુનાદ વેદાત્મક છે અને વેદ સ્વતઃપ્રમાણ છે તેથી વેદાત્મક વેણુનાદ સ્વતઃપુરુષાર્થરૂપ અધરામૃતમાં અસહાયશૂર સર્વનિરપેક્ષ સ્વતઃપ્રમાણ છે, પરન્તુ 'વેણુ વેદાત્મક છે એમાં પણ કાંઇ પ્રમાણ'? 'वंशस्तु भगवान् रुद्रः' એમ કૃષ્ણોપનિષદ્‌માં વેણુનું શિવત્વ કથ્યું છે અને 'वेदः शिवः शिवो वेदः' શ્રુતિમાં શિવનું વેદરૂપત્વ પ્રસિદ્ધ છે તેથી શિવાત્મક 'વેણુ' પણ વેદ છે એમ સિદ્ધ થઈ રહે છે, જેમ 'मानाधीना मेयसिद्धिः'ન્યાયે પ્રમાણથી પ્રમેયનું જ્ઞાન થાય છે તેમ અત્ર પ્રમાણરૂપ 'સ્વરિતવેણુ'એ 'ઇતરરાગવિસ્મરણ'રૂપ પ્રમેયજ્ઞાન થાય છે અને તેથી इतररागविस्मारणम्પદ પ્રમેયબલનું કથન કરે છે, પ્રમાણદ્વારા પ્રમેયનું જ્ઞાન ફલાર્થક હોય છે તેમ અત્ર 'સ્વરિત વેણુએ ઇતરરાગવિસ્મારણ' થતાં 'શોકનાશન'રૂપ ફલ પ્રાપ્ત થાય છે, 'शोकनाशनम्'પદમાં સ્વતઃપુરુષાર્થ 'અધરામૃત'ના ફલબલનું કથન છે, 'સ્વતઃપુરુષાર્થરૂપ 'અધરામૃત' 'શોકનાશન'ફલ કયે પ્રકારે સમર્થ છે?' એમ પ્રકારરૂપ સાધનની અપેક્ષા રહે તો 'सुरतवर्धनम्'પદે તાદૃશ સાધનબલને પણ કથે છે અને સિદ્ધ કરે છે કે સ્વતઃપુરુષાર્થરૂપ 'અધરામૃત' કામોદ્‌બોધક 'સુરતવર્ધન' કરીને તે સુરતવર્ધનપ્રકારે શોકનાશનરૂપ ફલને સમર્પે છે તેથી નિષ્પન્ન થયું કે અધરામૃત'માં સ્વતઃપુરુષાર્થરૂપત્વનો અને ચતુર્વિધપુરુષાર્થપ્રદત્વનો પ્રકાર યદ્યપિ સ્પષ્ટ કથ્યો નથી તથાપિ 'सुरतवर्धनम्'પદે કામનું 'शोकनाशनम्'પદે મોક્ષનું 'स्वरितवेणुना सुष्ठु चुम्बितम्'પદે ધર્મનું અને 'इतररागविस्मारणम्'પદે અર્થનું નિરૂપણ પણ જાણી જ લેવું.

**नृणां बितर वीर नस्तेधरामृतम्।** યદ્યપિ અમે તો કેવલ 'નૃ' છીએ તેથી અનધિકારી જ છીએ અથ વા 'નૃ'ત્વે તે તે પુરુષાર્થ પણ અમને તો દુર્લભ જ છે અને તેથી આ સ્વતઃપુરુષાર્થ ધર્મિસ્વરૂપ ચતુર્ગુણ વા ષડ્‌ગુણ અધરામૃત દેય નથી તથાપિ આપમાં વિતરણગુણ-દાનધર્મ-પણ છે, તે દાનાત્મક વિતરણગુણે આપ અદેય પણ અધરામૃતનું દાન કરી શકો એમ છે તેથી 'વિતર'પદ કથ્યું, અત્ર સાધારણવાચક 'નૃ'શબ્દે અનધિકારત્વનું પણ સૂચન કર્યું અને તેથી નિસ્સાધનના પણ પરમપુરુષાર્થપ્રદ પણ કેવલ આપ જ છો એમ કથીને'વિતરણ'ધર્મ આપનો અધિક ઉત્કર્ષ કથ્યો,અથ વા 'નૃ'શબ્દે કેવલ પુંજીવનું જ કથન કર્યું તેથી આ અધરામૃતરૂપ પુરુષાર્થ 'નૃ'થી ઇતરને દુર્લભ છે એમ કથીને જે આ 'અધરામૃત' 'નૃ'શબ્દવાચ્ય અમે જ પ્રાપ્ય છે તે 'અધરામૃત' અમારાથી ઇતરે સર્વથા જ પ્રાપ્ય નથી તેથી અન્યને અદેય તથાપિ અમને તો દેય એવું જે આપનું 'અધરામૃત' તે આપના 'વિતરણ'ગુણે કરીને આપ અમને વિતરો એમ' અત્ર સ્વારસ્ય છે, 'વીર' સમ્બોધનથી એમ પણ નિરૂપ્યું કે આપનું શૌર્ય પણ અન્યથા-પ્રકારાન્તરે-સમ્ભવશે નહિ, અર્થાદ્ આપ 'અધરામૃતનું અમને વિતરણ કરશો'ત્યારે જ આપનું વીર્ય વા શૌર્ય પણ સમ્ભવશે,અન્યથા સર્વથા નહિ જ. (૧૪.)

**आभास।** એમ રાજસપર્યાયે અન્યપૂર્વાનું નિરૂપણ કરીને તામસપર્યાયે પુનઃ ત્રિવિધા અન્યપૂર્વાનું જ નિરૂપણ શ્લોકત્રયે થાય છે, દેવનિન્દક સાત્ત્વિકતામસ છે, ભગવન્નિન્દક તામસતામસ છે અને સ્વનિન્દક રાજસતામસ છે, તેમનો પ્રસઙ્ગ 'अटसि' ઇત્યાદિ શ્લોકત્રયે કથે છે.

**શ્લોક—अटसि यद् भवानह्नि काननं त्रुटिर्युगायते त्वामपश्यताम्।
कुटिलकुन्तलं श्रीमुखं च ते जड उदीक्षतां पक्ष्मकृद् दृशाम्॥ १५॥**

**श्रीमद्भागवताक्षरार्थ—જ્યારે આપ દિવસે કાનનમાં અટો છો ત્યારે આપને નહિ દેખતાં અમારી ત્રુટિ યુગસમ થઈ જાય છે, આપના કુટિલકુન્તલ શ્રીમુખને ઉદીક્ષતાં અમારાં નેત્રોનો પક્ષ્મકૃદ્ જડ છે. (૧૫.)**

जडः पक्ष्मकृद् दृशाम्।

व्याख्यान-'આપ દિવસે કાનનને જે પર્યટો છો ત્યારે એક ત્રુટિ યુગવત્ થાય છે' તેનું નિમિત્ત-કારણ-એ કે અમે 'આપનું દર્શન કરી શકતાં નથી,' જ્યારે પણ પુનઃ દર્શન કરીએ છીએ ત્યારે આપના 'કુટિલકુન્તલ શ્રીમુખને ઉદીક્ષતાં અમારાં નેત્રોનો પક્ષ્મકૃ' જે બ્રહ્મા તે 'જડ' જણાય છે, જેમ બ્રહ્મા દેવનાં નયનને પક્ષ્મ કરતો નથી-કારણ કે દેવ અલૌકિકદ્રષ્ટા છે-તેમ દેવની પણ અપેક્ષાએ અત્યલૌકિકદ્રષ્ટા જે અમે તે અમારું દૃ પણ બ્રહ્માએ 'પક્ષ્મ'કરણ અનુચિત છે અને બ્રહ્મા અનુચિત કરે છે તેથી 'જડ' છે, જેમ દેવ બહુ કાલ જાવે છે તેમ અમે પણ બહુ કાલ જીવીએ છીએ કારણ કે 'જ્યારે આપ દિવસે કાનનને પર્યટો છો' ત્યારે 'આપનાં દર્શન અમને થતાં નથી' અને ત્યારે દિવસે એકૈક ત્રુટિ એકૈક 'યુગ'સમ થાય છે, અત્ર 'ત્રુટિ'શબ્દ अपि-પુંનપુંસક-છે એ કથન યદ્યપિ અનતિપ્રયોજન છે તથાપિ શબ્દનું પણ સ્વરૂપ જીવને કથવું એ આશયથી એ આજ્ઞા કરી, જો આપનું વનગમન સાર્થક હોય ત્યારે તો કાંઇ પણ ચિન્તા નહિ પરન્તુ આપ તો 'દિવસે કાનનને કેવલ પર્યટો છો', કાનનમાં આપનો કોઇ પણ પુરુષાર્થ તો નથી, અત્ર 'કાનન'પદની દ્વિતીયા વિભક્તિએ ઇષ્ટતમત્વે 'કાનન' જ ઉદ્દેશ્ય છે એમ કથ્યું તેથી કાનનસ્થ કોઇ પણ પુરુષાર્થ-પુરુષસમ્બન્ધિ પ્રયોજન-તો નથી, ઉદ્દેશ્ય કાનનમાત્ર જ છે, 'કાનન'ને પર્યટવું એટલા જ ઉદ્દેશે 'આપ અટન કરો છો,' તે કાનનાટન વિના તત્ર કાંઇ પણ પ્રયોજન જ નથી, 'દિવસે આપ નિષ્પ્રયોજન કાનનને પર્યટો છો' અમને 'આપનાં દર્શન થતાં નથી' અને અમારું બહિર્ગમન તો સમ્ભવતું નથી તેથી અમારો એકૈક 'ત્રુટિ યુગ'સમ દીર્ઘ થાય એ પ્રકારે ભગવાને અમારું પણ દેવત્વ સમ્પાદિત કર્યું જ છે તથાપિ જ્યારે સાયં 'આપના કુટિલકુન્તલ શ્રીમુખનું ઉદીક્ષણ અમે કરીએ છીએ' ત્યારે નયનસ્થ 'પક્ષ્મ' શ્રીમુખ-દર્શનમાં અમને પ્રતિબન્ધ કરે છે તેથી ભગવાને જેમનું દેવત્વ સમ્પાદિત કર્યું છે એવાં જે અમે તે 'અમારાં નેત્રોનો પક્ષ્મકૃદ્' બ્રહ્મા સર્વથા 'જડ' જ છે.' (૧૫.)

आभास। તામસસાત્વિકીની અપેક્ષાએ હીન તામસતામસી અન્યપૂર્વા તો 'पतिसुतान्वयं' શ્લોકે ભગવાનને જ નિન્દે છે.

**શ્લોક—पतिसुतान्वयं भ्रातृबान्धवानतिविलङ्घ्य तेन्त्यच्युतागताः।
गतिविदस्तवोद्गीतमोहिताः कितवयोषितः कस्त्यजेन्निशि ॥१६॥**

**श्रीमद्भागवताक्षरार्थ—ગતિવિદ્ આપના ઉચ્ચ ગીતે મોહિતા ગતિવિદ્ અમે પતિ-સુતાન્વયને ભ્રાતૃબાન્ધવોને અતિવિલઙ્ઘીને આપ ગતિવિદ્ના સમીપ આવ્યાં, હે કિતવ! રાત્રિએ યોષિદ્ને કોણ ત્યજે? (૧૬.)**

कितवयोषितः कस्त्यजेन् निशि।

व्याख्यान-હે अच्युत! આપ તો સ્વતઃકામનિવૃત્તિભયરહિત છો, જ્યારે પરનો કામ નિવૃત્ત થઈ જાય છે ત્યારે તે પર જ તે લીલાએ નિવૃત્ત થઈ જાય છે પરન્તુ આપ સ્વતઃ તો કદાપિ નિવૃત્ત થતા નથી એવા अच्युत સ્વતઃકામાનવૃત્તિભયરહિત આપ છો 'પતિ સુત અન્વય-વંશ-ભ્રાતા બાન્ધવો-સમ્બન્ધીઓ-આ સર્વ સર્વથા अविलङ्घ्य છે,' તથાપિ તેમનું પણ अतिविलङ्घन કરીને 'આપના સમીપ સમાગમન કર્યું' કારણ કે આપ गतिवित् છો, આપ સર્વની જ ગતિને જાણો છો, તે સર્વ પત્યાદિએ યાવતી 'ગતિ' સમ્પાદાય તે સર્વા'ગતિ'નું દાન આપ જ અમને કરશો તેથી આપ 'गतिवित्' છો, અથ વા અમે જ 'गतिवित्' છીએ કારણ કે તેમના અને આપના ભજનમાં તારતમ્યરૂપ 'ગતિ'ને અમે જાણીએ છીએ અને તેથી જ તે સર્વનું પણ 'અતિવિલઙ્ઘન કરીને' આપના જ ભજનાર્થ આપના સમીપ અમે અત્ર સમાગતા થયાં, કિઞ્ચ 'આપના ઉદ્ગીતે'-ઉચ્ચ ગાને-પણ અમને 'મોહ કર્યો,'

'ગતિ'જ્ઞાનથી અને 'મોહ'થી એમ ઉભયથી જ અમે આપના સમીપ સમાગતા થયાં તેથી ઉચ્ચ ગાને મોહ કરાવીને અત્ર અમારું સમાનયન પણ કરાવીને તેમનાથી અને આપનાથી એમ ઉભયથી અમારા ભ્રંશાર્થે 'અરણ્યમાં રાત્રિએ સ્ત્રીઓને કોણ ત્યજે ? 'કિતવ' જ, સ્ત્રીઓ સર્વથા જ ત્યાજ્યા નથી, સ્ત્રીઓનો ત્યાગ કદાપિ કર્તવ્ય નથી, તત્ર પણ અરણ્યમાં તો તેમનો ત્યાગ સુતરાં કર્તવ્ય જ નથી, તેવો પણ ત્યાગ આપ કરી રહ્યા છો, આ સર્વ "कितव"સમ્બોધનનો અભિપ્રાય છે એમ જાણવું કારણ કે 'कितव' જ એ પ્રકારે વઞ્ચન કરીને અરણ્યમાં ત્યજી દે છે, અથ વા "कित्तव"પદનું આ પ્રકારે પણ અભિપ્રાયાન્તર છે, જેને અર્થે આપે અમારું સમાહ્વાન કર્યું તે અર્થનું પણ અમને દાન ન કર્યું પ્રત્યુત અરણ્યમાં રાત્રિએ અમને ત્યજી દીધાં એમ પણ 'कितव' સમ્બોધનનો અભિપ્રાય છે, અથ વા આપ 'कितव' નથી પરન્તુ અમે જ 'कितव'ની 'योषित्' છીએ, જે પત્યાદિનાં અમે સમ્બન્ધિની છીએ તેઓ જ 'कितव' છે અને તે કિતવોમાં તો અમારો પ્રવેશ જ થઈ શકતો નથી, આ પક્ષમાં 'कितवयोषितः" સમસ્ત એક જ પદ છે, અમે 'કિતવો'નાં સમ્બન્ધિનીમાત્ર છીએ, તેમનાં પત્ની પણ અમે તો નથી, કારણ કે અમે તો કેવલ ભગવદેકભોગ્યા છીએ, ગોપને તો ભર્તૃત્વનું કેવલ અભિમાનમાત્ર છે એ સિદ્ધાન્ત 'मन्यमाना: स्वपार्श्वस्थान्' વાક્યના વ્યાખ્યાનસમયે વિશદ થશે, જેમ રાસોત્સવસમયે સ્વસ્વસ્ત્રીઓ ભગવાન્‌ના જ નિકટ સ્થિતા હતાં તથાપિ યોગમાયાએ મોહિત ગોપોને તો એમ જ જ્ઞાન થયું કે તે તે અમારી સ્ત્રીઓ અમારા જ નિકટમાં છે તેમ રાસોત્સવપ્રસઙ્ગવત્ સર્વદા જ ગોપોને તો ભર્તૃત્વે કેવલ અભિમાનમાત્ર છે, પરન્તુ તેઓ અમારે વિષે ભોગ તો કદાપિ કરી શકતા જ નથી કારણ કે તેઓ તો યોગમાયાએ મોહિત છે, યોગમાયાએ તેમને એવો તો મોહ કર્યો છે કે તન્મોહવશાત્ સર્વદા જ અમે ભર્તા છીએ એમ તેમને કેવલ અભિમાન જ રહે છે પરન્તુ **અમારો ભોગ કરવાની બુદ્ધિ જ તેમને કદાપિ થઈ શકતી જ નથી** કારણ કે **અમે સર્વથા ગોપભોગ્યા જ નથી પરન્તુ કેવલ ભગવદેકભોગ્યા છીએ**, શ્રુતિસ્મૃતિ કદાપિ જીવભોગ્યા નથી, 'પરન્તુ જ્યારે ભગવદેકભોગ્યા જ છો ત્યારે પુત્રાદ્યુત્પત્તિ કયે પ્રકારે થઈ?' એમ આશઙ્કા થાય તો તેનો પણ પરિહાર કરે છે કે **અલૌકિક જ પ્રકારે ભગવાન્‌થી જ અમને શ્રીગોપીજનને પુત્રાદ્યુત્પત્તિ થઈ**, આ સર્વ પ્રકાર સપ્તદશાધ્યાયનાં શ્રીટિપ્પણીજીમાં શ્રીમત્પ્રભુચરણે વિશદ કર્યો જ છે, 'પરન્તુ જ્યારે શ્રીગોપીજન ભગવદેકભોગ્ય જ છે ત્યારે પતિત્વે ગોપનો અઙ્ગીકાર જ કેમ ઘટે ?' એમ શઙ્કા થાય તો તત્ર પણ પરિહાર કરે છે કે યદ્યપિ ગોપમાં વસ્તુતઃ પતિત્વ જ નથી તથાપિ પતિત્વે અઙ્ગીકાર પણ કેવલ રસપોષાર્થે જ પ્રભુએ કરાવ્યો કારણ કે 'रसस्तु परकीयायामेव' એમ કામસૂત્રકાર વાત્સ્યાયનનો સિદ્ધાન્ત છે, તેથી વસ્તુતઃ અમે શ્રીગોપીજન કેવલ ભગવદેકભોગ્યા છીએ એમ નિષ્કર્ષ છે અમે શ્રીગોપીજન ગોપભોગ્યા નથી જ પરન્તુ કેવલ ભગવદેકભોગ્યા છીએ તેથી જ અમે અગ્રે કથન કરીએ છીએ કે તે 'કિતવો'માં અમારો તો પ્રવેશમાત્ર પણ થઈ શકતો નથી (૧૬.)

आभास। તેથી પણ ઉત્તમા તામસરાજસી અન્યપૂર્વા 'रहसि' ઇત્યાદિ શ્લોકે આત્માને જ નિન્દે છે.

श्लोक-रहसि संविदं हृच्छयोदयं प्रहसिताननं प्रेमवीक्षणम्।
बृहदुरः श्रियो वीक्ष्य धाम ते मुहुरतिस्पृहं मुह्यते मनः ॥ १७ ॥

श्रीमद्भागवताक्षरार्थ–આપની હૃચ્છયોદય રહસિસંવિદ્ પ્રેમવીક્ષણ પ્રહસિતાનન અને શ્રિયોધામ બૃહદુરને વિશેષે ઇક્ષીને અતિસ્પૃહ મન વારંવાર મોહે છે. (૧૭.)

व्याख्यान–અમારું 'અતિસ્પૃહ સતું મન મોહે છે' તત્ર મોહમાં ગુણત્રયે સહિત કારણત્રય છે, ભગવાન્‌નાં વચન પ્રહસિતાનન અને ઉર એ ત્રય મોહમાં કારણ છે અને હૃચ્છયોદય પ્રેમવીક્ષણ અને શ્રિયોધામ એમ ક્રમશઃ તે કારણત્રયનું ગુણત્રય છે, તે ગુણત્રયે સહિત એ કારણત્રય મોહજનક છે કારણ કે वाक्यं हास्यमुरश्चैव कामानन्दाधिकारिणः આપનું એકાન્તમાં સંવિદ–

अतिस्पृहं मुह्यते मनः।

વાક્ય–કામોદ્બોધક છે હાસ્ય આનન્દોદ્બોધક છે અને વક્ષઃસ્થલ લીલાધિકારિ છે, वाक्यम् ઇત્યાદિ કારિકામાં 'કામ'પદ અને 'આનન્દ'પદ 'તત્તદુદ્બોધક'પર જાણવું અર્થાત્ 'કામ'પદનો અર્થ 'કામોદ્બોધક' અને 'આનન્દ'પદનો અર્થ 'આનન્દોદ્બોધક' કરવો, અત્રપર્યન્ત કારિકામાં 'કારણત્રય'નું વિવરણ થયું, ગુણત્રયમાં પ્રકારદ્વય છે, 'મધુરત્વ વલ્ગુવાક્યત્વ અને બુધમનોજ્ઞત્વ' એમ

ગુણત્રય વાણીનું જ જાણવું, રહમાં–એકાન્તમાં–જે ‘ સંવિદ્ ’ અર્થાદ્ જ્ઞાન જે વાકયે તે “ रहसिसंविद् ” વાકય અર્થાદ્ વાકયનિરૂપણ સતે જેવું મધુરત્વાદિગુણત્રયયુક્ત તે વાકય હોય છે તેવું જ જ્ઞાન પણ તે વાકયે પ્રાપ્ત થાય છે તેથી ‘મધુર વલ્ગુવાકય અને બુધમનોજ્ઞ’એ ‘ગુણત્રયે’ ‘સહિત વાકય હાસ્ય અને ઉર એ ત્રય કામાનન્દાધિકારિ હોવાથી અમારા મોહનું કારણ છે એમ કથ્યું, અત્ર પ્રથમ પ્રકાર સમાપ્ત થયો, હવે દ્વિતીય પ્રકારે કથે છે, અથ વા ‘ગુણત્રય’ “કારણત્રય”નું જ વિશેષણ છે તેથી કારણનો જ ઉદ્દેશ “ वाक्यम् ” ઇત્યાદિ કારિકાએ કર્યો અને “ काम ” ઇત્યાદિ કારિકાવિભાગે તેના ગુણત્રયનો ઉદ્દેશ કર્યો, વાકયમાં ‘ હૃચ્છયોદયત્વ ’–બન્ધાદિબોધકત્વ–ગુણ છે તેથી તેવું વાકય કામોદ્બોધક છે પ્રેમવીક્ષણ’ ગુણે ‘હાસ્ય’ આનન્દોદ્બોધક છે અને શ્રીધામત્વગુણે બૃહદુર રસાધિકારિ છે એમ બોધ કર્યો. હૃચ્છયનો–કામનો–ઉદય જે વાકયે એવું हृच्छयोदय આપનું रहसिसंविद वाકય કામોદ્બોધક છે, “रहसिसंविदम्”પદે વાકયનું કથન કર્યું અને हृच्छयोदयं વિશેષણે તે વાકયમાં તે ‘હૃચ્છયોદય’ ગુણે કામબોધકત્વ કથ્યું, “प्रहसिताननम्” પદે હાસ્ય કથ્યું અને “प्रेमवीक्षणम्” વિશેષણે તે હાસ્યમાં આનન્દોદ્બોધકત્વ કથ્યું, “ बृहदुरः”પદે વક્ષઃસ્થલનું કથન કર્યું અને ‘श्रियो धाम’વિશેષણે તે ઉરઃસ્થલમાં લીલાધિકારિત્વ કથ્યું એમ અત્ર વિભાગ જાણવો, અથ વા જ્ઞાન પૂર્વવત્, આ પક્ષમાં વાકય અને જ્ઞાન એમ પ્રકાર ન જાણવો પરન્તુ વાકયને જ સ્થાને જ્ઞાન જાણવું, તાદૃશ પ્રહસિતયુક્ત ‘ आनन ’, જે આનનમાં ‘પ્રેમ’પૂર્વક ‘વીક્ષણ’ છે, અત્ર ચકાર પ્રહસિતધર્મનો પણ સઙ્ગ્રહ કરે છે તેથી ‘ સ્વસ્વ અગ્રિમત્રિશેષણયુક્ત આ ત્રયને ‘વિશેષે ઈક્ષીને ’ એમ યોજના કરવી, વાકયપક્ષમાં તો वीक्ष्यનો અર્થ ‘શ્રવણ કરીને’ કરવો, ‘શ્રીનું ધામ’એવા આપના‘બૃહદ્ ઉર’ને પણ ‘વીક્ષીને’, અથ વા અત્ર ભગવદ્રૂપના જ ષડ્ ગુણ શ્રીમદ્ભાગવતના આ શ્લોકમાં કથાય છે, આ પક્ષમાં પ્રમાણ પ્રમેય સાધન અને ફલ એમ બલચતુષ્ટય અને યશ અને શ્રી એમ સર્વ મલીને ષડ્ ગુણ ભગવદ્રૂપના જાણવા, આ પક્ષમાં ‘રહમાં’–એકાન્તમાં–‘સંવિદ’ છે જેમનામાંથી એવા આપ, ‘હૃચ્છયનો ઉદય’ જેમનાથી એવા આપ, ‘પ્રહસિત આનન’ જેમનું અને ‘પ્રેમપૂર્વક વીક્ષણ’ જેમનું એવા આપ, એમ રહસિસંવિદં ઇત્યાદિ વિશેષણચતુષ્ટયમાં બહુવ્રીહિ સમાસ જાણવો, અર્થાત ‘રહસિસંવિદ્’ આપને ‘હૃચ્છયોદય’ આપને ‘પ્રહસિતાનન’ આપને અને ‘પ્રેમવીક્ષણ’ પણ આપને વિશેષે ઈક્ષીને અને “આપના બૃહદ્ યશોરૂપ ઉદરને અને શ્રીના ધામને પણ એમ ષટ્કને પણ ‘વીક્ષીને’ એમ અર્થ કરવો, આથી પ્રમાણાદિબલસ્વરૂપતા ભગવદ્રૂપમાં નિરૂપી અર્થાદ્ “ रहासिसंविदम् ”પદે વાકય કથ્યુ, ભગવદ્વાકયની પ્રમાણરૂપતા તો સ્પષ્ટા જ છે, ‘ हृच्छयोदयम् ”પદે પ્રમેયબલ કથ્યું કારણ કે તાદૃશવાકયે શૃઙ્ગારરસસમ્બન્ધિપ્રમાણે કરીને હૃચ્છયોદય જ પ્રમેય છે, “ प्रहसिताननम् ”પદે સાધન કથ્યું કારણ કે તાદૃશ હાસ્યે સહિત શ્રીમુખ સર્વફલસાધક છે, અને “प्रेमवीक्षणम्” પદે ફલનું કથન કર્યું કારણ કે પ્રેમપૂર્વક અવલોકન જ ફલ છે, એમ વિશેષણચતુષ્ટયે ભગવદ્રૂપમાં પ્રમાણાદિ બલરૂપતા–પ્રમાણાદિનું બલ છે રૂપમાં જેના એવું ‘ પ્રમાણાદિ બલરૂપ ’ અને તેનો ભાવ તે प्रमागादिवलरूपता, વિશેષણચતુષ્ટયે નિરૂપી, વક્ષઃસ્થલમાં સ્વસ્થિત્યર્થ–વકત્રી-સ્થિત્યર્થ–સમય વિશેષે વક્ષઃસ્થલમાં વકત્રીની સ્થિત્યર્થે–“बृहदुरः”પદે યશનું અને “श्रियो धाम” પદે શ્રીનું નિરૂપણ કર્યું, ‘ઉરઃ’સ્થલ ‘બૃહત્’ છે તેથી યશનું નિરૂપણ કર્યું કારણ કે સામુદ્રશાસ્ત્રમાં બૃહદુરને યશઃસૂચક કથ્યું છે, પ્રહસિતયુક્ત મુખનું દર્શન કથ્યુ તેથી દર્શને પૂર્વસ્થિતિનો અભાવ પણ કથ્યો, હાસ્ય માયારૂપ છે તેથી માયારૂપ હાસ્યે પૂર્વસ્થિતિ નષ્ટ થઈ જાય છે, ‘પ્રહસિતાનન’ના દર્શનથી પૂર્વે જે માનાદિએ સ્થિતિ હતી તે માનાદિસ્થિતિનો અભાવ હવે ‘પ્રહસિતાનન’નાં દર્શનથી થઈ જાય છે. પ્રહસિતે યુક્ત શ્રીમુખસૌન્દર્યના અવલોકને જન્યા પરમોત્કણ્ઠાના પ્રાદુર્ભાવથી માન સ્થાપી–નિર્વાહી–શકાતું નથી તેથી “ प्रहसिताननम् ”પદે માનની નિવૃત્તિ કથી, અને તતઃ “ हृच्छयोदयम् ”પદે કામનું કથન કર્યું, આ પક્ષમાં “ हृच्छयोदयम् ” “ प्रहसिताननं”નું વિશેષણ જાણવું, અને તેથી જ તતઃ કામઃ અર્થાત્–પ્રહસિતાનનથી કામ–એમ કથ્યું, તતઃ અર્થાત્ પ્રહસિતાનનરૂપવિશેષ્યદર્શનાનન્તર કામ પ્રકટ થાય છે એમ કથ્યું કારણ કે પ્રહસિતાનન હૃચ્છયોદય છે, ‘प्रेमवीक्षणम्’પદે તે કામનું સ્થિરીકરણ કથ્યું એ સ્પષ્ટ,છે,અને તદનન્તર ‘બૃહદુરઃ શ્રિયોધામ’ પદે તત્ર ‘बृहदुर’માં–વિશાલ વક્ષઃસ્થલમાં–શ્રીધામત્વકથને સ્વસ્થિતિયોગ્યતા નિરૂપી, અને તદનન્તર પ્રથમ ‘रहसिसंविदम्’ વિશેષણે રહસિ–એકાન્તમાં–જે રસસમ્બન્ધિસંવિદ્ તે સંવિદે અમને ભોગચાતુર્ય પણ સિદ્ધ થાય છે એમ કથ્યું,એ પ્રકારે અમને સર્વ જ સિદ્ધ થઈ જશે એમ અતિસ્પૃહાયુક્ત મન મોહને

પ્રાપ્ત કરે છે, કેવલ મોહને જ પ્રાપ્ત કરે છે કારણ કે સ્પૃહણીયમાંથી એક પણ પદાર્થનો લાભ તો કાંઇ થતો જ નથી, આ પ્રકારે ઉપક્રાન્તા આત્મનિન્દાનો ઉપસંહાર કરતાં શ્રીગોપીજન કહે છે કે વારંવાર અમને મૂર્છા પ્રાપ્ત થાય છે તેથી નથી સિદ્ધ થતું અમારું જીવન કે નથી પ્રાપ્ત થતું અમારું મરણ, એમ ન તો જીવન કે ન તો મરણ એવા અમારા જીવનને જ ધિક્કાર! (૧૭)

आभास। પુનઃ એતાવત્કાલપર્યન્ત મનોરથાભિનિવિષ્ટ તામસસાત્ત્વિકી અનન્યપૂર્વા व्रजवनौकसी શ્લોકે કિઞ્ચિત્ પ્રાર્થે છે.

**श्लोक-व्रजवनौकसां व्यक्तिरङ्ग ते वृजिनहन्त्र्यलं विश्वमङ्गलम्।**
**त्यज मनाक् च नस्त्वत्स्पृहात्मनां स्वजनहृद्रुजां यन्निषूदनम् ॥१८॥**

**श्रीमद्भागवताक्षरार्थ-** વ્રજવનૌકાના વૃજિનની હન્ત્રી અલંવિશ્વમઙ્ગલ અને ત્વત્સ્પૃહાત્મા સ્ત્રીજનના હૃદ્રોગનું નિષૂદન જેમાંથી એવી આપની વ્યક્તિ મનાગ્ અમારે વિષે હે અઙ્ગ! આપ સ્થાપો. (૧૮.)

**व्रजवनौकसां व्यक्तिरङ्ग ते।**

આ આપની व्यक्ति સ્વરૂપ-व्रजवनौकानी-વ્રજવન છે ઓક જેમનું તેવા व्रजवनौकानी વ્રજવાસીની-वृजिनहन्त्री અર્થાત્ પાપનાશિકા છે, विश्वनुं પણ અત્યર્થ मङ्गलરૂપ, અર્થાદ્ આપની વ્યક્તિ વિશેષે કરીને અમારા જ દોષની નિવારિકા છે ગુણાધાયિકા તો સર્વને જ અર્થે છે, તેથા એતાદશી તે આપની व्यक्तिने આપ मनाक्-સ્વલ્પ-ત્યજો, અમારે વિષે સ્થાપો, અત્ર 'त्याग'પદનો અર્થ 'સ્થાપન' થાય છે, અર્થાદ્ **એતાદશી આનન્દમયી આપની વ્યક્તિને આપ અમારે વિષે સ્થાપો**, આપે તે વ્યક્તિનું ત્યાગરૂપ સ્થાપન અમારે વિષે અવશ્ય કર્તવ્ય છે એમ 'त्वत्स्पृहात्मनां' પદે કહે છે, त्वत्स्पृह આપને જ વિષે સ્પૃહાયુક્ત છે आत्मा-અન્તઃકરણ-જેમનો એવાં त्वत्स्पृहात्मा અમે છીએ, અમારો આત્મા અર્થાદ્ અન્તઃકરણ આપને જ વિષે સ્પૃહાયુક્ત છે, 'પરન્તુ મારે શું ત્યજવું-સ્થાપવું? એમ આશઙ્કા થાય તો તેનો પરિહાર स्वजनहृद्रुजां यन्निषूदनम् પદે કરે છે કે स्वजननी-ગોપિકાની हृद्रूजानुं કામરૂપ હૃદયરોગનું-નિતરાં સૂદન-નાશન-જેમાંથી તેવા निषूदनने, ગોપિકાની હૃદ્રુજાનું-કામરૂપ હૃદયરોગનું જે જ નિષૂદન છે તે 'સ્વરૂપને' આપ અમારે વિષે સ્થાપો, स्वजनना-ગોપિકાના અમારા-કામરૂપ હૃદયરોગનું નિતરાં સૂદન અર્થાદ્ નાશન છે જેમાંથી એવા निषूदन સ્વરૂપને આપ અમારે વિષે સ્થાપો, स्वजननी हृद्रूजનું निषूदन તો વસ્તુતઃ આપના સ્વરૂપે જ છે તેથી આપના એતાદશ સ્વરૂપને અમારે વિષે સ્થાપો એ સ્વારસ્યથી-ગોપનીય ભાવથી-શ્રીગોપીજને એમ કહ્યું, **કોઇકના પાપમાત્રના નાશક અને કોઇકના તો ફલદાતા એવા પણ આપ અમારા તો કેવલ કામરૂપ હૃદયરોગના જ નિવર્તકમાત્ર થાઓ.** (૧૮)

आभास—કોઇક રાજસતામસી અનન્યપૂર્વા સખેદ 'यत् ते' ઇત્યાદિ કહે છે.

**श्लोक—यत् ते सुजातचरणाम्बुरुहं स्तनेषु भीताः शनैः प्रिय दधीमहि कर्कशेषु।**
**तेनाटवीमटसि तद् व्यथते न किंस्वित् कूर्पादिभिर्भ्रमति धीर्भवदायुषां नः ॥१९॥**

**श्रीमद्भागवताक्षरार्थ—** હે પ્રિય! આપના જે ચરણામ્બુરુહને ભીતા અમે કર્કશ સ્તનમાં શનૈઃ ધરીએ છીએ તેણે અટવીને અટો છો તેથી કૂર્પાદિએ તે વ્યથે છે કે નહિ એમ ભવદાયુષ્ અમારી ધી ભ્રમે છે. (૧૯.)

**भ्रमति धीर्भवदायुषां नः।**

व्याख्यान-'આપનાં જે सुजात'-સુકુમાર-ચરણામ્બુરુહને-ચરણકમલને-ભીતા સતાં અમે સ્તનને વિષે શનૈઃ ધરીએ છીએ,' शनैः ધારણમાં હેતુ 'कर्कशेषु' પદે કહે છે કે આપનું 'ચરણામ્બુરુહ સુજાત' છે અને અમારા 'સ્તન' તો 'કર્કશ' છે તેથી અમારા 'કર્કશ સ્તનને વિષે આપનું સુજાત ચરણકમલ અમે ભીતિથી શનૈઃશનૈઃ મન્દત્વે ધરીએ છીએ,' આપનું 'ચરણામ્બુરુહ' 'સુજાત' છે અર્થાત્ સમ્યક્ પ્રકારે ઉત્પન્ન મહત્ શીતલ સુગન્ધિ અને તાપનાશક છે તેથી અમે 'કર્કશ સ્તનને વિષે આપના' તાદશ 'સુજાત ચરણામ્બુરુહને શનૈઃ શનૈઃ ધરીએ છીએ,' 'प्रिय'સમ્બોધનથી અમે સ્નેહપૂર્વક 'ધરીએ છીએ' એમ કહ્યું, આપ 'પ્રિય'છો તેથી 'પ્રિય'ત્વસમ્બન્ધથી ધૃષ્ટતાએ 'આપનું જે સુજાત ચરણામ્બુરુહ અમારા કર્કશ સ્તન વિષે ભીતિથી અતીવ કોમલતાથી સ્થાપીએ છીએ તે જ અતિકોમલ 'ચરણામ્બુરુહ'

અમને અમારા દોષે ત્યજીને 'હમણાં અટવીને પર્યટો છો', સ્વયમ્ અદુઃખે સ્થિતિ કરીને જો અન્યને દુઃખી કરી શકાય તો જ લોક-અન્યને દુઃખ પણ દે છે પરન્તુ સ્વયં પણ દુઃખ પ્રાપ્ત કરીને અન્યને દુઃખ દેતા તો નથી તેથી અમને સન્દેહ થાય છે કે આપના ચરણામ્બુરુહને વ્યથા થાય છે કે નહિ, અત્ર 'स्वित्' ઉત્પ્રેક્ષાવાચક છે, વ્યથા કેમ ન થાય? પરન્તુ થાય જ છે કારણ કે 'અટવીમાં તો કૂર્પાદિ' હોય જ છે, અત્ર 'कूर्प'શબ્દ વિષમ શર્કરાનો-કર્કરનો-વાચક છે, જો વ્યથા થાય જ છે ત્યારે તો હવે ઉત્પ્રેક્ષા કયે પ્રકારે?' એમ આશઙ્કા થાય તો 'भ्रमति धीः'પદે ઉત્પ્રેક્ષાને સમર્થે છે કે 'અમારી બુદ્ધિ કેવલ પરિભ્રમે છે', જો વ્યથા થાય જ છે એમ નિશ્ચય હોય ત્યારે તો બુદ્ધિ શાન્તા જ થઈ જાય અર્થાદ્ અમને મૂર્છા જ થાય, પરન્તુ આપનું ચરણામ્બુરુહ વનમાં પુનઃ સમાગમન કરે છે તેથી સન્દેહ થાય છે,સન્દેહમાં પણ હેતુ'भवदायुषाम्' પદે કથે છે કે આપની લીલાર્થે જ આયુ જેમનું એવાં 'ભવદાયુષ્' અમે છીએ, **અમારું આયુષ્ આપની લીલાર્થે જ છે તેથી આપની વ્યથામાં અમને સન્દેહ થાય છે.** કૂર્પાદિએ વ્યથા પ્રસિદ્ધા છે તેથી વ્યથા થાય છે એમ જ્ઞાન થાય છે પરન્તુ પુનઃ વનમાં સમાગમન તો કરો જ છો તેથી વ્યથા નથી એમ પણ જ્ઞાન થાય છે, કારણ કે જો વનમાં વ્યથા થતી જ હોય ત્યારે તો આપનું વનમાં આગમન જ ન થાય, આ પ્રકારે આપને વ્યથા થાય છે અને થતી જ નથી એમ ઉભયા કોટિનું અવગાહિ જ્ઞાન અર્થાત્ સંશય ઉત્પન્ન થાય છે, પૂર્વે 'शिलतृणाङ्कुरैः सीदति' ઇત્યાદિએ ખેદે મનઃપીડા નિરૂપી અર્થાદ્ ભગવચ્ચરણારવિન્દવિષયક ખેદજ્ઞને कलिलतां मनःकान्त गच्छति.' વાક્યથી સ્વમનઃપીડા નિરૂપી અને હમણાં આ 'यत् ते सुजात'શ્લોકે તો 'भ्रमति धीः' વાક્યે મૂર્છા નિરૂપી, અર્થાદ્ યદ્યપિ ઉભયે શ્લોકમાં ચરણખેદ અને તજ્જન્ય સ્વદુઃખ તો સમાન જ છે, તથાપિ તત્ર શ્લોકમાં મનઃપીડાનું અને અત્ર શ્લોકમાં તો મૂર્છાનું નિરૂપણ છે એટલો વિશેષ છે, તેથી અત્ર શ્લોકમાં મૂર્છાએ અન્તસ્થિતિનું નિરૂપણ કર્યું કારણ કે મૂર્છા નવમી અવસ્થા છે, આ પ્રકારે સર્વ જ શ્રીગોપીજનની મૂર્છાપર્યન્તસ્થિતિ જણાવી, યદ્વા પૂર્વે અર્થાત્ પૂર્વાધ્યાયના અન્તમાં તો ખેદે મનઃપીડા નિરૂપી અને આ અધ્યાયમાં તો મૂર્છા નિરૂપી તેથી અન્તસ્થિતિ નિરૂપી એમ સર્વની જ મૂર્છાપર્યન્તા સ્થિતિ જણાવી તેથી પુનઃ લીલાપ્રવેશે પ્રલાપ અને પુનઃ સ્વરૂપસ્થિતિએ ગાન એમ અર્થ જાણવો, લીલાસહિત ભગવાન્ અન્તઃ-પ્રવિષ્ટ છે તેથી જ્યારે શ્રીગોપીજનની સ્થિતિ લીલામાં થાય છે ત્યારે પ્રલાપ અર્થાત પ્રશ્ન કરે છે, પ્રશ્ન અન્તરઙ્ગ છે તેથી પ્રલાપરૂપ પ્રશ્નના કથનથી પૂર્વાધ્યાયોક્તા રસાસક્તિ હરિક્રિયા અને ગર્વાભાવ એ ત્રયનું કથન થયું જાણવું, અને જ્યારે શ્રીગોપીજનની સ્વરૂપને વિષે સ્થિતિ થાય છે ત્યારે આ અધ્યાયમાં ઉક્ત પ્રકારે ગાન કરે છે એમ જાણવું, વિરહાવસ્થામાં શ્રીગોપીજનની સ્થિતિ ક્વચિદ્ ભગવલ્લીલામાં અને ક્વચિદ્ ભગવત્સ્વરૂપમાં થાય છે, તત્ર જ્યારે લીલામાં સ્થિતિ થાય છે ત્યારે પ્રલાપ અર્થાદ્ ગતાધ્યાયોક્તા રસાસક્તિ હરિક્રિયા અને ગર્વાભાવ એ ત્રય થાય છે, પરન્તુ જ્યારે શ્રીગોપીજનની સ્થિતિ સ્વરૂપમાં થાય છે ત્યારે આ અધ્યાયમાં ઉક્ત પ્રકારે ગાન થાય છે, એ પ્રકારે વિરહમાં લીલાપ્રવેશે પ્રલાપવાચ્ય રસાસક્ત્યાદિ ત્રય અને સ્વરૂપપ્રવેશે ગાન એમ સર્વ મલીને ચતુષ્ટયની પર્યાવૃત્તિ થયા કરે છે, **એ પ્રકારે અત્ર-પર્યન્ત સાધનપરીક્ષાનું જેટલું સ્વરૂપ તેટલો શ્રીગોપીજનનો તાપ નિરૂપ્યો, એટલા નિરૂપણે ભગવત્પ્રાપ્તિમાં ભક્તકૃત સાધનની જેટલી પરા કાષ્ઠા છે તેટલી પરા કાષ્ઠાનું પણ નિરૂપણ થઈ ગયું,** અત્ર 'યાવત્' 'તાવત્' પદ અવ્યય છે અર્થાદ્ ઉક્તા રીતિએ સાધનનું અને પરીક્ષાનું યાવત્ સ્વરૂપ તાવદ્રૂપ તાપ નિરૂપ્યો. (૧૯.)

॥ इति श्रीगोपिकागीतानुवादो मन्नलालशास्त्रिविरचितः समाप्तः ॥